
# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**
બાલાજી ટેલિફિલ્મ્સ વિવાદ પર રાજ શાંડિલ્યનું નિવેદન....

**પેજ-09**
સંજુ સેમસન ટી20 વર્લ્ડ કપ નોમિનેશન ભારતનો એકમાત્ર ખેલાડી રેસમાં....




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 21.00 |
| વડોદરા | 37.00 | 21.00 |
| સુરત | 36.00 | 22.00 |

પેજ 5



જાપાનના વડાપ્રધાન સાનાએ તાકાઈચી અને પેલેન્ટિરના પીટર થિયેલ વચ્ચે...


07 MARCH-2026 SATURDAY


અમેરિકા ઈરાન યુદ્ધ પડકાર હજુ તો જંગ શરૂ થઈ છે, ઓપરેશન એપિક....



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78918.90 | ▼ | 1097.00 |
| નિફ્ટી | 24450.45 | ▼ | 315.45 |
| સોનું | 161489.00 | ▲ | 1816.00 |
| ચાંદી | 267650.00 | ▲ | 5459.00 |


વર્ષ-15 । અંક-114 । વિક્રમ સંવત-2082 । ફાગણ વદ - 04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### બંને પાઈલટનાં મોત, જોરહાટથી 60 કિમી દૂર અકસ્માત; એરફોર્સે મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી

# આસામમાં વાયુસેનાનું સુખોઈ ફાઈટર જેટ ક્રેશ

(એજન્સી) નવી દિલ્હી | તા.06

આસામના કાર્બી આંગલોંગ વિસ્તારમાં ટ્રેનિંગ દરમિયાન રડાર પરથી ગુમ થયેલું ભારતીય વાયુસેનાનું સુખોઈ Su-30MKI ફાઈટર જેટ ક્રેશ થઈ ગયું છે. આ દુર્ઘટનામાં બંને પાઈલટ સ્ક્વોડ્રન લીડર અનુજ અને ફ્લાઈટ લેફ્ટનન્ટ પૂર્વેશ દુરાગકરનું પણ મોત થયું છે. ભારતીય વાયુસેનાએ બંને પાઈલટના મૃત્યુ પર ભારે શોક વ્યક્ત કરતા તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.વાયુસેનાએ ગુરુવારે મોડી રાત્રે 1 વાગ્યાને 9 મિનિટે ક્રેશની પુષ્ટિ કરી હતી. શુક્રવારે સવારે 9.14 વાગ્યે એક અન્ય X પોસ્ટમાં બંને પાઈલટના મૃત્યુની જાણકારી આપી. સેના મુજબ, શોધખોળ અભિયાન ચાલુ છે. જ્યારે આ દુર્ઘટના થઈ ત્યારે ફાઈટર જેટ નિયમિત ઉડાન કે મિશન પર હતું. આ દરમિયાન તેનો ગ્રાઉન્ડ કંટ્રોલ સાથે સંપર્ક તૂટ્યો હતો.વાયુસેના મુજબ, રડાર સાથે સંપર્ક કપાયા થયા પછી વાયુસેનાએ તરત જ એલર્ટ જાહેર કરીને ઘટનાની તપાસ માટે IAF ટીમને આસામ રવાના કરી.



**સુખોઈ મલ્ટીરોલ ફાઈટર જેટ છે**

સુખોઈ Su-30MKI ભારતીય વાયુસેનાના સૌથી અદ્યતન અને શક્તિશાળી ફાઈટર પ્લેનમાંથી એક માનવામાં આવે છે. આ બે એન્જિનવાળું મલ્ટીરોલ ફાઈટર જેટ છે, જેનો ઉપયોગ હવાઈ સંરક્ષણ, લાંબા અંતરની સ્ટ્રાઈક અને દેખરેખ જેવા મહત્વપૂર્ણ મિશનોમાં થાય છે.

**નિયમિત ઉડાન દરમિયાન સંપર્ક તૂટ્યો**

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, સુખોઈ જેટ જોરહાટ એરબેઝથી નિયમિત ટ્રેનિંગ મિશન પર નીકળ્યું હતું. ઉડાન ભર્યાના થોડા સમય બાદ, જોરહાટથી આશરે 60 કિમી દૂર વિમાનનો ગ્રાઉન્ડ કંટ્રોલ અને રડાર સાથેનો સંપર્ક અચાનક તૂટી ગયો હતો. વાયુસેનાએ તાત્કાલિક એલર્ટ જાહેર કરી સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

**વાયુસેનાએ ગુમાવ્યા બે યુવા અને તેજસ્વી અધિકારીઓ**

ભારતીય વાયુસેનાનું અત્યંત શક્તિશાળી ગણાતું સુખોઈ Su-30MKI ફાઈટર જેટ આસામના કાર્બી આંગલોંગ વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થયું છે. આ કરૂણ અકસ્માતમાં વિમાનમાં સવાર બંને પાઈલટ, સ્ક્વોડ્રન લીડર અનુજ અને ફ્લાઈટ લેફ્ટનન્ટ પૂર્વેશ દુરાગકર શહીદ થયા છે.

**ભારતમાં SU-30MKI 12 વર્ષમાં 8 વખત ક્રેશ**

ભારતીય વાયુસેનાનું SU-30MKI જેટ ટ્રેનિંગ ઉડાન પર હતું. ઉડાન દરમિયાન ટેકનિકલ ખામી સર્જાતા વિમાન નાસિક નજીક ખેતરમાં પડી ગયું. બંને પાઈલટોએ સમયસર ઈજેક્ટ કરી લીધું અને સુરક્ષિત બચી ગયા.

**વાયુસેના દ્વારા 'કોર્ટ ઓફ ઈન્ક્વાયરી' ના આદેશ આપવામાં આવ્યા**

વાયુસેના દ્વારા અકસ્માતના ચોક્કસ કારણો જાણવા માટે 'કોર્ટ ઓફ ઈન્ક્વાયરી' ના આદેશ આપવામાં આવ્યા છે. શું આ દુર્ઘટના ટેકનિકલ ખામીને કારણે થઈ કે ખરાબ હવામાન જવાબદાર હતું, તે તપાસ બાદ જ સ્પષ્ટ થશે. હાલમાં દુર્ઘટના સ્થળે વાયુસેનાની સ્પેશિયલ ટીમ તપાસ કરી રહી છે અને પ્લેનનો બ્લેક બોક્સ શોધવાના પ્રયાસો ચાલુ છે.

### રાજસ્થાનના અનુજ અગ્નિહોત્રી ટોપર

## UPSC સિવિલ સર્વિસ 2025નું રિઝલ્ટ જાહેર

958 ઉમેદવારો ક્વોલિફાય; ગુજરાતના 34 વિદ્યાર્થીઓ પાસ થયા

(એજન્સી) નવી દિલ્હી | તા.06

UPSCએ સિવિલ સર્વિસ પરીક્ષા 2025નું અંતિમ પરિણામ જાહેર કર્યું છે. રાજસ્થાનના કોટાના અનુજ અગ્નિહોત્રીએ ઓલ ઈન્ડિયા ટોપ કર્યું છે. 958 ઉમેદવારો વિવિધ સેવાઓ માટે ક્વોલિફાય થયા છે. સંપૂર્ણ પરિણામ સત્તાવાર વેબસાઈટ upsc.gov.in પર ઉપલબ્ધ છે. આ વખતે UPSCનું પરિણામ ગુજરાત માટે સારું રહ્યું છે.



**180 ઉમેદવારો IAS માટે પસંદગી પામ્યા**

જાહેર કરાયેલા પરિણામમાં કુલ 180 ઉમેદવારો IAS માટે પસંદગી પામ્યા છે. કેટેગરી મુજબની વિગતો આ પ્રમાણે છે. અનુજ પહેલાથી જ બે વાર UPSC પરીક્ષા પાસ કરી ચૂક્યા છે. તેમના પહેલા પ્રયાસમાં, તેમને UPSC 2023ની પરીક્ષામાં દિલ્હીમાં SDM તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. અનુજના પિતા, KB અગ્નિહોત્રી, રાજસ્થાન એટોમિક પાવર સ્ટેશનમાં કામ કરે છે.

### મમતાએ કહ્યું- ચૂંટણી પંચે જે મતદારોને મૃત જાહેર કર્યા, હું તેમને સામે લાવીશ

# બંગાળ SIR- મમતા બેનર્જી કોલકાતામાં ધરણા પર બેઠા

(એજન્સી) કોલકાતા | તા.06

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ શુક્રવારે કોલકાતામાં મતદાર યાદીમાંથી નામ હટાવવા સામે ધરણા શરૂ કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે પોસ્ટ-SIR પ્રક્રિયા પછી મતદાર યાદીમાંથી મનસ્વી રીતે નામ હટાવવામાં આવી રહ્યા છે.કોલકાતાના એસ્પ્લેનેડ મેટ્રો ચેનલ પર શરૂ થયેલા આ વિરોધ દરમિયાન મમતા બેનર્જીએ કહ્યું કે BJP અને ચૂંટણી પંચ બંગાળી મતદારોને મતદાન કરતા રોકવાનું ષડયંત્ર કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તેઓ આ ષડયંત્રનો પર્દાફાશ કરશે.TMC પ્રમુખે આરોપ લગાવ્યો કે સુધારેલી મતદાર યાદીમાં ઘણા મતદારોને ખોટી રીતે મૃત જાહેર કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આવા લોકોને તેઓ ધરણા સ્થળે લાવીને બતાવશે, જેમને ચૂંટણી પંચે મૃત જાહેર કર્યા છે.આ ધરણા બપોરે લગભગ 2:15 વાગ્યે શરૂ થયા. આ પ્રદર્શન રાજ્યમાં ચૂંટણી પંચના સંપૂર્ણ દળના પ્રસ્તાવિત પ્રવાસના બે દિવસ પહેલા થઈ રહ્યું છે.



**ચૂંટણી પંચના પ્રવાસ પહેલા આક્રમક તેવર**

ચૂંટણી પંચની એક ઉચ્ચ સ્તરીય ટીમ બે દિવસ બાદ પશ્ચિમ બંગાળની મુલાકાતે આવવાની છે. આ પ્રવાસના ઠીક પહેલા મમતા બેનર્જીનું આ વિરોધ પ્રદર્શન વ્યૂહાત્મક માનવામાં આવે છે. અભિષેક બેનર્જીએ પણ આ મુદ્દે પંચ સામે મોરચો ખોલવાની જાહેરાત કરી હતી. પક્ષનો દાવો છે કે સુધારેલી યાદીમાં સત્તાધારી પક્ષના સમર્થકોના નામ જાણીજોઈને નિશાન બનાવવામાં આવ્યા છે.

## દેશભરમાં માર્ચની શરૂઆતમાં તીવ્ર ગરમી

MP-છત્તીસગઢ અને રાજસ્થાનના ઘણા શહેરોમાં પારો 40°C ની આસપાસ; પહાડોમાં વરસાદ-બરફવર્ષાની શક્યતા

ભોપાલ | દેશભરમાં હવામાને ફરી એકવાર અલગ-અલગ રંગો બતાવવાનું શરૂ કરી દીધું છે. ઉત્તર અને મધ્ય ભારતના રાજ્યોમાં આકરી ગરમી પડવા લાગી છે, જ્યારે પહાડી વિસ્તારોમાં પશ્ચિમી વિક્ષોભની અસરથી વરસાદ-બરફવર્ષાની સંભાવના છે. દેશભરમાં હવામાનનો મિજાજ ઝડપથી બદલાઈ રહ્યો છે. ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ભારતના ઘણા રાજ્યોમાં માર્ચની શરૂઆત સાથે જ ગરમી વધવા લાગી છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને હરિયાણામાં દિવસનું તાપમાન સામાન્ય કરતાં ઉપર પહોંચી ગયું છે અને ઘણા શહેરોમાં પારો 35 થી 40 ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે.



**આગામી 2 દિવસ હવામાનની સ્થિતિ...**7-8 માર્ચ- જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદ-બરફવર્ષાની સંભાવના. પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ઓડિશામાં હળવા વરસાદની શક્યતા છે.

## અવિમુક્તેશ્વરાનંદનો 'ધર્મયુદ્ધ'નો શંખનાદ: શિવાજી મહારાજની જયંતિ મનાવીને સંકલ્પ લેશે

"સીએમ યોગી પાસે પ દિવસનો સમય, ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરે": શંકરાચાર્યનું અલ્ટીમેટમ

(એજન્સી) વારાણસી | તા.06

વારાણસીમાં શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ ગો-પ્રતિષ્ઠા ધર્મયુદ્ધનો શંખનાદ કરવા જઈ રહ્યા છે. આજે એટલે કે શુક્રવારે સાંજે 5 વાગ્યે શંકરાચાર્ય ઘાટ પર છત્રપતિ શિવાજી મહારાજની જયંતિ ઉજવશે. અહીં જ ધર્મયુદ્ધ શંખનાદનો સંકલ્પ લેશે.

તે પહેલાં શંકરાચાર્યે કહ્યું- સીએમ યોગી પાસે 5 દિવસનો સમય રહ્યો છે. તેઓ ગાય માતાને રાષ્ટ્રમાતા જાહેર કરે. હજુ સુધી તેમની તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. તેમની જ પાર્ટીના અન્ય લોકો સમર્થન કરી રહ્યા છે, પરંતુ કોઈ ખુલીને સામે આવી રહ્યું નથી.

7 માર્ચે હનુમાન ચાલીસાનો



પાઠ કરીને વારાણસીથી લખનઉ માટે નીકળશે. ત્યાં બધા સાધુ-સંતોની સામે અમે અમારા નિર્ણયો સંભળાવીશું. તે લોકોના ચહેરા પણ સામે લાવીશું, જે લોકો અમારા આ અભિયાનમાં સાથે છે.

રસ્તામાં અમને જ્યાં રોકવામાં આવશે, અમે કાયદાને પૂરો સહયોગ આપીશું. આશા છે કે આ ધર્મની યાત્રા છે, તેમાં કોઈ અવરોધ નહીં આવે.

**સીએમ યોગી પર સાધ્યું નિશાન**

શંકરાચાર્યે આકરા તેવરમાં જણાવ્યું હતું કે, 'મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પાસે હવે માત્ર પ દિવસનો સમય બચ્યો છે. હજુ સુધી તેમની તરફથી ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા બાબતે કોઈ નિવેદન આવ્યું નથી. ભાજપના જ ઘણા નેતાઓ આ અભિયાનનું સમર્થન કરી રહ્યા છે, પરંતુ કોઈ ખુલીને સામે આવી રહ્યું નથી.' તેમણે ઉમેર્યું કે આ લડાઈ હવે નિર્ણાયક તબક્કે પહોંચી છે.



## ચારધામ યાત્રા 2026: ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ




**ઘરે બેઠા અરજી કરી શકો છો, 9 સ્ટેપમાં જાણો સંપૂર્ણ પ્રક્રિયા; 19 એપ્રિલથી યાત્રા શરૂ થશે**

(એજન્સી) દેહરાદૂન | તા.06

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા 2026 માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. હવે શ્રદ્ધાળુઓ ઘરે બેઠા મોબાઈલ, કમ્પ્યુટર, મોબાઈલ એપ કે વોટ્સએપ દ્વારા પણ યાત્રા માટે રજિસ્ટ્રેશન કરાવી શકે છે. યાત્રામાં સામેલ થનારા તમામ શ્રદ્ધાળુઓ માટે રજીસ્ટ્રેશન ફરજિયાત રાખવામાં આવ્યું છે, જેથી વહીવટીતંત્ર યાત્રીઓની સંખ્યા, સુરક્ષા અને ભીડ વ્યવસ્થાપનને વધુ સારી રીતે સંભાળી શકે.આ વર્ષે ચારધામ યાત્રાની શરૂઆત 19 એપ્રિલથી થઈ રહી છે. પરંપરા અનુસાર આ જ દિવસે યમુનોત્રી અને ગંગોત્રી ધામના કપાટ શ્રદ્ધાળુઓ માટે ખુલશે. ત્યારબાદ 22 એપ્રિલે કેદારનાથ ધામ અને 23 એપ્રિલે બદ્રીનાથ ધામના કપાટ ખોલવામાં આવશે.

### બેંક, રિયલ્ટી અને ઓટો શેરોમાં ઘટાડો

# સેન્સેક્સ 1097 પોઈન્ટ ઘટીને 78,920 પર ટ્રેડિંગ

(એજન્સી) મુંબઈ | તા.06

શેરબજારમાં આજે એટલે કે 6 માર્ચના રોજ ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ 500 પોઈન્ટ (0.65%)ના ઘટાડા સાથે 79,500 પર કારોબાર કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ 150 પોઈન્ટ (0.60%)નો ઘટાડો છે. તે 24,600 પર છે. આજના કારોબારમાં બેંક, રિયલ્ટી અને ઓટો શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી રહી છે. સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 89 પોઈન્ટ અથવા (1.59%) ઘટીને 5,495 પર છે. જાપાનનો નિક્કેઈ 212 પોઈન્ટ અથવા 0.38% વધીને 55,490 પર ટ્રેડ કરી રહ્યો છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 438 પોઈન્ટ અથવા 1.73% વધીને 25,760 પર છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 10 પોઈન્ટ અથવા 0.25% ઉપર 4,118 પર છે.

**નિફ્ટીમાં 315 પોઈન્ટનો ઘટાડો, 24,450 પર પહોંચ્યો**




**અમેરિકી બજારમાં 5 માર્ચના રોજ ઘટાડો જોવા મળ્યો**

ડાઉ જોન્સ 785 પોઈન્ટ (1.61%) ઘટીને 47,955 ના સ્તરે બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 0.26% ઘટીને 22,749 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 39 પોઈન્ટ (0.56%) ઘટીને 6,831 પર બંધ થયો. ગઈકાલે સેન્સેક્સ 900 પોઈન્ટ વધીને બંધ થયો હતો શેરબજારમાં ગઈકાલે એટલે કે 5 માર્ચે તેજી જોવા મળી. સેન્સેક્સ 900 પોઈન્ટ (1.14%) ના ઉછાળા સાથે 80,016 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 285 પોઈન્ટ (1.17%) નો વધારો જોવા મળ્યો.

**સોનું 3 દિવસમાં 8,000 સસ્તું, ₹1.59 લાખ પર આવ્યું:ચાંદી ₹26,000 ઘટીને ₹2.63 લાખ પર આવી**

સોના અને ચાંદીના ભાવમાં આજે એટલે કે 6 માર્ચ (શુક્રવાર) ના રોજ સતત ત્રીજા દિવસે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,177 રૂપિયા ઘટીને 1,59,409 પર આવી ગયું છે. આ પહેલા ગુરુવારે તેની કિંમત 10 ગ્રામ દીઠ 1,60,586 રૂપિયા હતી. સોનું 3 દિવસમાં 8,000 રૂપિયા સસ્તું થયું છે.જ્યારે એક કિલો ચાંદી 902 રૂપિયા ઘટીને 2,63,210 પર આવી ગઈ છે. આ પહેલા તેની કિંમત પ્રતિ કિલો 2,64,212 રૂપિયા હતી.

### કર્ણાટક : 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના એકાઉન્ટ માટે માતાપિતાની પરવાનગી જરૂરી

## બાળકોના સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધની તૈયારી



(એજન્સી) બેંગલુરુ | તા.06

કર્ણાટક સરકારે 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ શુક્રવારે 2026-27ના રાજ્ય બજેટ ભાષણ દરમિયાન તેની જાહેરાત કરી.બજેટ દસ્તાવેજમાં કહેવામાં આવ્યું છે કે, 'બાળકોમાં મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયાનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે, જેનાથી તેમના પર નકારાત્મક અસર પડી રહી છે.'

**સરકાર શાળા-કોલેજોમાં નશા પર રોક લગાવવાનો પ્રયાસ કરશે**

બજેટ ભાષણમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે શાળા, કોલેજ અને યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય, વ્યક્તિત્વ અને ભવિષ્યના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સરકારે શૈક્ષણિક સંસ્થાઓમાં નશાની સમસ્યા રોકવા માટે પણ પગલાં લેવાની વાત કરી છે. આ માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે, કડક શિસ્ત લાગુ કરવામાં આવશે અને વિદ્યાર્થીઓ માટે સહાયતા અને કાઉન્સેલિંગ કેન્દ્રો બનાવવામાં આવશે.

### અનિલ-અંબાણીની રિલાયન્સ પાવરના ઠેકાણાઓ પર EDના દરોડા

(એજન્સી) નવી દિલ્હી | તા.06

EDએ આજે એટલે કે 6 માર્ચે ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને તેમની કંપની રિલાયન્સ પાવર સાથે સંકળાયેલા ઠેકાણાઓ પર દરોડા પાડ્યા છે. આ કાર્યવાહી મુંબઈ અને હૈદરાબાદમાં 10 થી 12 સ્થળો પર એકસાથે કરવામાં આવી હતી. મની લોન્ડરિંગના આરોપોને લઈને EDની 15 ટીમોએ આ દરોડા પાડ્યા છે.ધ હિન્દુ અને ઈન્ડિયન એક્સપ્રેસમાં છપાયેલા અહેવાલ મુજબ, સવાર થતાં પહેલાં જ EDની ટીમ આ સ્થળો પર પહોંચી ગઈ હતી. ટીમે સંબંધિત વ્યક્તિઓ અને કંપનીઓના પરિસરોની તપાસ કરી છે.

# ટ્રમ્પે કહ્યું- ઈરાન શરત વગર સરેન્ડર કરે, તો જ સમજૂતી

## નવી સારી લીડરશિપ પસંદ કરીશું; ઈરાનને બીજીવાર ગ્રેટ બનાવીશું

(એજન્સી) નવી દિલ્હી | તા.06

અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધનો સાતમો દિવસ છે. આ દરમિયાન, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાન સાથે કોઈપણ સમજૂતી ફક્ત ત્યારે જ શક્ય છે જો ઈરાન કોઈપણ શરત વગર સરેન્ડર કરે. તેમણે કહ્યું કે આ પછી ઈરાનમાં એક નવું અને સારું નેતૃત્વ પસંદ કરવામાં આવશે.ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે જ્યાં સુધી ઈરાન શરત વગર સરેન્ડર નહીં કરે સ્વીકારે નહીં ત્યાં સુધી તેની સાથે કોઈ સમજૂતી થશે નહીં. તેમણે કહ્યું કે શરણાગતિ સ્વીકાર્યા પછી ઈરાનમાં વધુ સારું નેતૃત્વ પસંદ કરવામાં આવશે.તેમણે કહ્યું કે અમેરિકા ઈરાનની આર્થિક શક્તિને પુનઃસ્થાપિત કરવા માટે તેના સાથી દેશો સાથે કામ



કરશે. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં 'મેક ઈરાન ગ્રેટ અગેઈન (MIGA)' ના સૂત્રનો પણ ઉપયોગ કર્યો અને કહ્યું કે ઈરાન ભવિષ્યમાં વધુ મજબૂત અને વધુ સમૃદ્ધ બની શકે છે.

**લેબનોનમાં ઇઝરાયલી હુમલામાં 217 લોકોનાં મોત**

લેબનોનમાં ઇઝરાયલી હુમલાઓમાં મૃત્યુઆંક વધીને 217 થયો છે. લેબનોનના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, સોમવારથી ચાલી રહેલા હુમલાઓમાં 798 લોકો ઘાયલ પણ થયા છે.મંત્રાલયે જણાવ્યું હતું કે હુમલાઓ બાદ મોટી સંખ્યામાં ઘાયલોને હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે અને બચાવ કામગીરી ચાલુ છે.

**અમેરિકા મીડલ ઈસ્ટમાંથી હજારો લોકોને બહાર કાઢી રહ્યું છે**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે અમેરિકા મીડલ ઈસ્ટના વિવિધ દેશોમાંથી તેના હજારો નાગરિકોને બહાર કાઢી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ સ્થળાંતર કામગીરી શાંતિથી હાથ ધરવામાં આવી રહી છે.ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકાના વિદેશ વિભાગ આ કામગીરી કરી રહ્યું છે. તેમણે અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયોની પ્રશંસા કરતા કહ્યું કે તેઓ આ કાર્યને અસરકારક રીતે સંભાળી રહ્યા છે.

**ઈરાને તેના ખલાસીઓને બચાવવા બદલ શ્રીલંકાનો આભાર માન્યો**

ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ઈરાની ખલાસીઓને બચાવવા બદલ શ્રીલંકાનો આભાર માન્યો. તેમણે જણાવ્યું કે યુદ્ધ જહાજ ડૂબી ગયા બાદ શ્રીલંકાએ બચાવ કામગીરી હાથ ધરી હતી, જેનાથી ખલાસીઓના જીવ બચી ગયા હતા. શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરાથ સાથેની વાતચીતમાં અરાઘચીએ આ સહાય બદલ આભાર વ્યક્ત કર્યો. હિંદ મહાસાગરમાં અમેરિકાના હુમલા બાદ, એક ઈરાની યુદ્ધ જહાજ ડૂબી ગયું.

### ગેસના બાટલાની અછત થઈ શકે: ભારત સરકારે ગેસમાં ઈમરજન્સી લાગૂ કરી

(એજન્સી) નવી દિલ્હી | તા.06

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ જો વધશે તો ભારતમાં રસોઈ ગેસના બાટલાની અછત પણ વધશે. આ સ્થિતિને જોતા સરકારે ઈમરજન્સી પાવરનો ઉપયોગ કરીને દેશની તમામ ઓઈલ રિફાઈનરી કંપનીઓને એલપીજીનું ઉત્પાદન વધારવાનો આદેશ આપ્યો છે.

રોઈટર્સના અહેવાલ મુજબ, મિડલ ઈસ્ટમાં વધતા તણાવ અને સપ્લાય ચેઈનમાં અવરોધને કારણે ગેસનો પુરવઠો પ્રભાવિત થવાની પૂરેપૂરી સંભાવના છે. આ જોખમને જોતા સરકારે ગુરુવારે મોડી રાત્રે આદેશ જારી કર્યો.

### રાજકોટ અમદાવાદ નિકાસ ફટકો મશીનરી ઉદ્યોગ મુશ્કેલીમાં, યુદ્ધની આર્થિક અસરો થી ઉત્પાદન ખર્ચમાં તોતિંગ વધારો

# ગુજરાત એન્જિનિયરિંગ ઉદ્યોગ સંકટ 750 કરોડનું નુકસાન

(એજન્સી) અમદાવાદ/રાજકોટ । તા. 06



પશ્ચિમ એશિયામાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે ફાટી નીકળેલા ભીષણ યુદ્ધની પ્રચંડ જ્વાળાઓ હવે ગુજરાતના આર્થિક પાટનગર અને સૌરાષ્ટ્રના ઔદ્યોગિક હબ સુધી પહોંચી છે. આ મહાયુદ્ધને કારણે રાજકોટ અને અમદાવાદના એન્જિનિયરિંગ ઉદ્યોગને અંદાજે રૂ. 750 કરોડથી વધુનો આર્થિક ફટકો પડે તેવી પ્રબળ શક્યતા સેવાઈ રહી છે. ગુજરાતમાંથી દર વર્ષે અંદાજે 14.75 અબજ ડોલરના મૂલ્યના એન્જિનિયરિંગ સામાનની નિકાસ થાય છે, જેનો મોટો હિસ્સો અત્યારે મધ્ય પૂર્વના અશાંત વાતાવરણને કારણે અટવાઈ પડ્યો છે.

## અમદાવાદનો મશીનરી ઉદ્યોગ મુશ્કેલીમાં

અમદાવાદના એન્જિનિયરિંગ ક્લસ્ટરમાં મુખ્યત્વે ટેક્સટાઈલ મશીનરી, ફાર્માસ્યૂટિકલ ઉપકરણો, ઈન્ડસ્ટ્રિયલ બોઈલર્સ અને કેમિકલ પ્રોસેસ મશીનરીનું ઉત્પાદન થાય છે. આ પ્રોડક્ટ્સની નિકાસ યુરોપ, આફ્રિકા અને મધ્ય પૂર્વના દેશોમાં મોટા પાયે કરવામાં આવે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હોર્મુઝની સામુદ્રધૂની બંધ થવાને કારણે શિપિંગ રૂટ ખોરવાયા છે, જેનાથી નિકાસના ઓર્ડર્સ સમયસર પૂરા કરવા અશક્ય બની રહ્યા છે. ફાર્મા અને ટેક્સટાઈલ ક્ષેત્રના નિકાસકારો અત્યારે કરોડોના કન્સાઈનમેન્ટ અટકી પડવાને કારણે ચિંતાતુર બન્યા છે.

## રાજકોટના ક્લસ્ટર પર જોખમના વાદળો

રાજકોટના એન્જિનિયરિંગ ઉદ્યોગ માટે આ યુદ્ધ 'દાઝ્યા પર ડામ' સમાન સાબિત થઈ રહ્યું છે. રાજકોટમાંથી વાર્ષિક રૂ. 300 કરોડના ડીઝલ એન્જિન, રૂ. 230 કરોડના બેરિંગ્સ અને રૂ. 400 કરોડના ઓટો પાર્ટ્સની નિકાસ અખાતી દેશોમાં થાય છે. મીડિયા અહેવાલ અનુસાર, સબમર્સિબલ પંપ, કાસ્ટિંગ-ફોર્જિંગ ઉત્પાદનો અને સીએનસી મશીનના પૂરજાઓની નિકાસમાં 40 ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને સાઉદી અરેબિયા, યુએઈ, ઓમાન અને ઈજિપ્ત જેવા દેશોમાં જતા માલ પર સીધી અસર પડી છે, કારણ કે દુબઈ જેવા મોટા શિપિંગ હબ અત્યારે યુદ્ધના સંકટ હેઠળ છે.

યુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવ ભડકે બળ્યા છે. તેની સીધી અસર ફાઉન્ડ્રી અને મશીન મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ પર પડી છે. કાસ્ટિંગ અને ફોર્જિંગ ઉદ્યોગમાં વીજળી અને ટ્રાન્સપોર્ટ ખર્ચમાં જંગી વધારો થયો છે. વધુમાં, સ્ટીલ, તાંબુ અને એલ્યુમિનિયમ જેવા કાચા માલની આયાતનો ખર્ચ પણ આસમાને પહોંચ્યો છે. નૂર દરમાં થયેલો વધારો અને શિપિંગ વીમાના ઊંચા પ્રીમિયમ ઉદ્યોગકારોની કમર તોડી રહ્યા છે. નવા રૂટથી માલ મોકલવો આર્થિક રીતે પરવડે તેમ નથી, જેના કારણે નિકાસકારોની નફાકારકતા શૂન્ય થઈ રહી છે.

## નિકાસના આંકડા અને ભવિષ્યની ચિંતા

ગુજરાતનો એન્જિનિયરિંગ ઉદ્યોગ 10 થી 12 અબજ ડોલરનું ટર્નઓવર ધરાવે છે. રાજકોટથી થતી રૂ. 65 કરોડના મશીન ટુલ્સ અને રૂ. 375 કરોડના ફાઉન્ડ્રી પ્રોડક્ટ્સની નિકાસ અત્યારે જોખમમાં છે. ઓટો પાર્ટ્સ જેવા કે પિસ્ટન, ક્રેન્ક શાફ્ટ અને એન્જિન લાઈનર જે દુબઈથી રિ-એક્સપોર્ટ થતા હતા, તે હવે ગોદામોમાં પડી રહ્યા છે. જો આ યુદ્ધ વધુ લંબાશે, તો નિકાસના ઓર્ડર રદ થવાની ભીતિ છે, જે ગુજરાતના એમએસએમઈ (MSME) ક્ષેત્ર માટે અત્યંત ઘાતક સાબિત થશે.

રાજકોટ અને અમદાવાદના ઉદ્યોગકારો અત્યારે 'રાહ જુઓ અને જુઓ'ની નીતિ અપનાવી રહ્યા છે. શિપિંગ વિલંબ અને કાચા માલની અછતને કારણે અનેક એકમોએ ઉત્પાદન ક્ષમતા ઘટાડવાની ફરજ પડી છે. સરકાર દ્વારા નિકાસકારોને રાહત મળે અને લોજિસ્ટિક્સના પ્રશ્નો ઉકેલાય તે અત્યંત અનિવાર્ય છે.

## વડોદરા યુનિવર્સિટી પેવેલિયન અકસ્માત પૂરઝડપે આવતી કાર ગેટની દિવાલ તોડી અંદર ઘૂસી



વડોદરા | શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલા યુનિવર્સિટી પેવેલિયન પાસે ગત બપોરે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે પસાર થઈ રહેલી એક કારના ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર સીધી યુનિવર્સિટીના ગેટની દિવાલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે ગેટની પાકી દિવાલ તૂટી પડી હતી અને કારના આગળના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કાર બીઓબી (BOB) સર્કલથી રોઝરી સ્કૂલ તરફ જઈ રહી હતી. આ દરમિયાન ચાલક આકાશ રાજેન્દ્રભાઈ સહાની (રહે. જાદવપાર્ક, અભિલાષા ચાર રસ્તા પાસે, સમા) એ અચાનક કાબૂ ગુમાવ્યો હતો અને કાર ગેટની દિવાલમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં આકાશ સહાનીને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. સદનસીબે, અકસ્માત જે દિવસે બન્યો તે દિવસે ધૂળેટીનો તહેવાર હોવાથી સામાન્ય રીતે સતત ટ્રાફિકથી ધમધમતા આ માર્ગ પર અવરજવર ખૂબ જ ઓછી હતી.

## રાજકોટ સાયબર ફ્રોડ APK ફાઈલ RTO ચલણની લિંક ખોલતા જ વેપારીએ ૧૧ લાખ ગુમાવ્યા

(એજન્સી) રાજકોટ । તા. 06

સ્માર્ટફોનના યુગમાં સાયબર અપરાધીઓ હવે સામાન્ય નાગરિકોને શિકાર બનાવવા માટે નવી અને ખતરનાક પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. રાજકોટના અક્ષર માર્ગ પર રહેતા અને રજપુતપરામાં સ્પોર્ટ્સની દુકાન ધરાવતા ૬૨ વર્ષીય વેપારી સંદીપભાઈ પ્રવીણચંદ્ર ગાંધી આ નવી મોડસ ઓપરેન્ડીનો ભોગ બન્યા છે. માત્ર એક APK (એપ્લિકેશન પેકેજ) ફાઈલ ખોલતાની સાથે જ તેમનો ફોન હેક થઈ ગયો હતો અને થોડા જ દિવસોમાં તેમના બેંક ખાતામાંથી ૧૦.૮૭ લાખ રૂપિયા ઉપડી ગયા હતા.

ઘટનાની વિગત મુજબ, ગત ૨૬ ડિસેમ્બરના રોજ સંદીપભાઈના વોટ્સએપ પર એક મેસેજ આવ્યો હતો, જેમાં આરટીઓ (RTO) ટ્રાફિક ચલણ હોવાનું જણાવાયું હતું. આ મેસેજમાં આપેલી ફાઈલ ડાઉનલોડ કરી ઓપન કરતા જ તે દેખાતી બંધ થઈ ગઈ હતી. હકીકતમાં, આ એક માલવેર ફાઈલ હતી જેણે વેપારીનો આખો ફોન હેક કરી લીધો હતો. ભોગ બનનારને તે સમયે ખ્યાલ ન આવ્યો કે તેમનો ફોન હવે સાયબર માફિયાઓના નિયંત્રણમાં છે.

૬ જાન્યુઆરીના રોજ જ્યારે સંદીપભાઈ બેંકમાં ચેક જમા કરાવી પરત ફરી રહ્યા હતા, ત્યારે તેમના મોબાઈલ પર એક પછી એક મેસેજ આવવા લાગ્યા હતા. માત્ર ૪ ટ્રાન્ઝેક્શનમાં તેમના એચડીએફસી (HDFC) બેંક ખાતામાંથી કુલ ૧૦.૮૭ લાખ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા હતા. મેસેજ જોતા જ વેપારીના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તેમણે તાત્કાલિક બેંકનો સંપર્ક કરી પેમેન્ટ સ્ટોપ કરાવ્યું હતું અને સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી.

રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ, આજકાલ આ રીતે RTO ચલણ કે અન્ય સરકારી નોટિસના નામે APK ફાઈલો મોકલવામાં આવે છે. આ ફાઈલો ઈન્સ્ટોલ થતા જ હેકર્સ મોબાઈલના તમામ ડેટા અને બેંકિંગ એપ્લિકેશનના પાસવર્ડ્સ ચોરી લે છે.



## વડોદરા ગાજરાવાડી બાઈક ચોર ઝડપાયો ક્રાઈમ બ્રાન્ચે ચોરેલી બે મોટરસાયકલ કબજે કરી

(એજન્સી) વડોદરા । તા. 06

શહેરમાં વાહન ચોરીના વધતા કિસ્સાઓ વચ્ચે વડોદરા ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે ગાજરાવાડી વિસ્તારમાં સફળ ઓપરેશન પાર પાડી એક બાઈક ઉઠાવગીરને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી ચોરીની બે મોટરસાયકલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સફળતાથી ફતેગંજ અને છાણી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમ ગાજરાવાડી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે પાણીની ટાંકી પાસેથી પસાર થતા એક મોટરસાયકલ સવારની હિલચાલ શંકાસ્પદ જણાઈ હતી. પોલીસે તેને અટકાવી વાહનના દસ્તાવેજો માંગતા તે રજૂ કરી શક્યો ન હતો. પોલીસ દ્વારા સઘન પૂછપરછ કરવામાં આવતા તેણે પોપ્યું હતું કે આ બાઈક તેણે ૧૫ દિવસ પહેલા ફતેગંજ વિસ્તારમાંથી ઉઠાવ્યું હતું. પકડાયેલ આરોપીની ઓળખ હિતેશ પ્રતાપભાઈ પરમાર તરીકે થઈ છે. પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે, હિતેશે માત્ર ફતેગંજ જ નહીં પરંતુ ત્રણ મહિના અગાઉ છાણી વિસ્તારમાંથી પણ એક મોટરસાયકલની ચોરી કરી હતી.

## વડોદરા તરસાલી ચોરી આરોપી ધરપકડ 3000 ડોલરની લૂંટ ચલાવનાર રીઢો ગુનેગાર જેલભેગો

(એજન્સી) વડોદરા । તા. 06

શહેરના તરસાલી વિસ્તારમાં આવેલા એક ફાર્મ હાઉસની બહાર પાર્ક કરેલી કારમાંથી કિંમતી વિદેશી ચલણ અને દાગીનાની ચોરીના મામલે વડોદરા ક્રાઈમ બ્રાન્ચે મોટી સફળતા મેળવી છે.

પોલીસે આ ઘટનામાં સંડોવાયેલા એક રીઢા ગુનેગારને ઝડપી પાડ્યો છે, જેની પાસેથી ૩૦૦૦ અમેરિકન ડોલર અને સોનાની ચેન સહિતનો મુદ્દામાલ રિકવર કરવાની દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે. આ આરોપી અગાઉ પણ અનેક ગંભીર ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, તરસાલી બાયપાસ પાસે આવેલા એક ફાર્મ હાઉસની બહાર પાર્ક કરેલી કારનો કાચ તોડી તસ્કર ૬ બેગ, સોનાની ચેન અને ૩૦૦૦ ડોલર જેવી કિંમતી ચીજવસ્તુઓ ચોરી ગયા હતા. આ અંગે કપૂરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. બનાવની ગંભીરતાને જોતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ શરૂ કરી હતી.

ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે તાંદલજા વિસ્તારમાં રહેતા મો.યાકુબ ઉર્ફે સલિમ ઉર્ફે કાજબ અહેમદહુસેન શેખને દબોચી લીધો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, પકડાયેલ આરોપી મો.યાકુબ રીઢો ગુનેગાર છે અને અગાઉ પણ શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૧૫ જેટલા ગુનાઓમાં તેની સંડોવણી ખુલી ચૂકી છે. આરોપી મૂળ નાલબંધ વાડા વિસ્તારનો રહેવાસી છે અને હાલ તાંદલજાના કિસ્મત ચોકડી પાસે રહેતો હતો.

શહેર પોલીસની સતર્કતાને કારણે આંતરરાષ્ટ્રીય ચલણની ચોરીનો ભેદ ટૂંકા ગાળામાં ઉકેલાઈ ગયો છે. પોલીસ હવે એ તપાસ કરી રહી છે કે આરોપી સાથે અન્ય કોઈ સાગરીતો સંડોવાયેલા છે કે કેમ, અને ચોરી કરેલો મુદ્દામાલ ક્યાં છુપાવ્યો છે. તરસાલી વિસ્તારમાં બનેલી આ ઘટનાએ કાર માલિકોમાં ચિંતા જન્માવી હતી, પરંતુ આરોપી પકડાતા સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે.

## બરોડા ડેરી પ્રમુખ ઉપપ્રમુખ નોટિસ ચૂંટણી પહેલા રાજ્યના રજિસ્ટ્રારનો મોટો ધડાકો




વડોદરા | બરોડા ડેરીની આગામી ૧૮મી માર્ચના રોજ યોજાનારી ચૂંટણી પૂર્વે વડોદરાના સહકારી રાજકારણમાં મોટો ભૂકંપ આવ્યો છે. એક તરફ હાઈકોર્ટના આદેશથી ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે અને અનેક ડિરેક્ટરો બિનહરીફ જાહેર થયા છે, ત્યારે બીજી તરફ રાજ્યના રજિસ્ટ્રારે ડેરીના વર્તમાન પ્રમુખ દિનુમામા (દિનેશ પટેલ) અને ઉપપ્રમુખ જીબી સોલંકીને ગેરલાયક ઠેરવવા માટે શો-કોઝ નોટિસ ફટકારતા ઉત્તેજના વ્યાપી ગઈ છે. ઓડિટ અહેવાલમાં જોવા મળેલી ગંભીર ક્ષતિઓ બદલ આ બંને પદાધિકારીઓને ૧૩મી માર્ચના રોજ ગાંધીનગર ખાતે રૂબરૂ હાજર રહેવા આદેશ અપાયો છે. રાજ્યના રજિસ્ટ્રારે વર્ષ ૨૦૨૪-૨૫ના ઓડિટ અહેવાલને આધારે ગુજરાત સહકારી અધિનિયમની કલમ ૭૬-બી(૧) હેઠળ આ નોટિસ પાઠવી છે. નોટિસમાં કુલ ૬ મુખ્ય મુદ્દાઓ ટાંકવામાં આવ્યા છે. જેમાં ડેરી દ્વારા દાણ અને દૂધનું ઉત્પાદન વધારવામાં નિષ્ફળતા તેમજ ૫ લાખથી વધુની ખરીદીમાં ઈ-ટેન્ડરિંગના નિયમોના સરેઆમ ભંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

### રુકમણી મઠે કંકોતરી લેખન સાથે લગ્નનો મંગલ પ્રારંભ

# માધવપુર ભગવાનના લગ્નોત્સવ ની કંકોતરી લખાઈ આનંદોત્સવ

(એજન્સી) જૂનાગઢ । તા. 06



માધવપુરનો મેળો, જ્યાં પરણે જાદવરાય…" આ પંક્તિઓ આજે માધવપુર ઘેડની પવિત્ર ભૂમિ પર સાક્ષાત જીવંત થઈ ઉઠી છે. જગતગુરુ ભગવાન શ્રીકૃષ્ણ અને માતા રુકમણીજીના આગામી વિવાહ મહોત્સવ પૂર્વે આજે પરંપરાગત રીતે લગ્નની કંકોતરી લખવાની શાસ્ત્રોક્ત રસમ ભવ્યતાથી યોજાઈ હતી. રામનવમીથી તેરસ સુધી ચાલનારા આ વિશ્વપ્રસિદ્ધ મેળા અને લગ્નોત્સવ પૂર્વે સમગ્ર ઘેડ પંથકમાં ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું છે. મધુવનમાં આવેલા રુકમણી મઠ ખાતે વર અને કન્યા પક્ષની હાજરીમાં કંકોતરી લેખન વિધિ પૂર્ણ થતા જ હવે પાંચ દિવસીય વિવાહ ઉત્સવની તૈયારીઓ તેજ બની છે.

કંકોતરી લેખન પૂર્વે ઠાકોરજીની એક અત્યંત ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. શરણાઈઓના સૂરો અને કીર્તનની રમઝટ વચ્ચે નીકળેલી આ યાત્રામાં હજારો ભાવિકો જોડાયા હતા. માધવરાયજીના મંદિરેથી નીકળેલું ઠાકોરજીનું ફુલેકું જ્યારે મધુવન પહોંચ્યું ત્યારે વાતાવરણ અબીલ-ગુલાલથી રંગાઈ ગયું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પરંપરા મુજબ ભગવાનને રાયણના ઝાડ પર ઝૂલાવીને રંગે રમાડવામાં આવ્યા હતા. ભાવિકોએ "માધવરાયજીની જય" ના નાદ સાથે આકાશી ગુલાલની છોળો ઉડાડી હતી, જે દ્રશ્ય અલૌકિક ભાસતું હતું.

## રુકમણી મઠે મંગલ વિધિ: મોરપીંછની કલમે લખાઈ પત્રિકા

શોભાયાત્રા વાજતે-ગાજતે જ્યારે રુકમણીજીના નિવાસસ્થાન મઠે પહોંચી ત્યારે ભગવાનને ફૂલોના બિછાનામાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. ત્યાં ઉપસ્થિત તમામ ભક્તોને મેવો અને શીતળ જળનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. ભગવાનની મહાઆરતી બાદ મંગલ મુહૂર્તમાં માધવરાયજી મંદિરના મુખ્ય પૂજારી (મુખ્યાજી) દ્વારા વિશેષ વિધિ હાથ ધરવામાં આવી હતી. મુખ્યાજીએ મોરપીંછને શાહીમાં બોળીને ઠાકોરજીના લગ્નની પ્રથમ કંકોતરી લખી હતી. આ સમયે ઉપસ્થિત મહિલાઓએ માંગલિક ગીતો અને લગ્નિયા રસીયા ગાઈને વાતાવરણને ઉત્સવમય બનાવી દીધું હતું.

## ચૈત્ર સુદ નવમીથી ઉત્સવની હારમાળા

માધવપુરના આ ઐતિહાસિક મેળાનું વિશેષ મહત્વ છે, કારણ કે માનવામાં આવે છે કે દ્વારિકાધીશના લગ્ન અહીં જ રુકમણીજી સાથે થયા હતા. આગામી રામનવમી એટલે કે ચૈત્ર સુદ નવમીથી આ ઉત્સવની શ્રૃંખલા વિધિવત રીતે શરૂ થશે. મીડિયા અહેવાલ મુજબ, ઉત્સવ દરમિયાન ત્રણ વખત ભગવાનની વરણાગી (ફુલેકું) નીકળશે અને પાંચ દિવસ સુધી સતત લગ્નોત્સવની વિવિધ વિધિઓ યોજાશે. આજે કંકોતરી લખાઈ જતાં હવે ઘેડ પંથકમાં આગામી 23 દિવસ સુધી લગ્ન ગીતોની ગૂંજ સંભળાશે અને ઠાકોરજીના આગમનની પ્રતિક્ષા કરવામાં આવશે.

## લોકમેળાની જામશે રંગત: ભક્તિ અને સંસ્કૃતિનો સંગમ

માધવપુરનો આ મેળો માત્ર ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ તે ભારતીય સંસ્કૃતિના મિલનનું કેન્દ્ર પણ છે. ભગવાનના લગ્નોત્સવ નિમિત્તે અહીં વિશાળ લોકમેળો ભરાય છે, જેમાં દેશ-વિદેશથી પ્રવાસીઓ ઉમટી પડે છે. ખાસ કરીને પૂર્વોત્તર ભારતના રાજ્યો સાથે પણ આ મેળાનો અતૂટ સંબંધ જોડાયેલો છે, કારણ કે માતા રુકમણીજી તે પ્રદેશના હોવાનું મનાય છે. વહીવટી તંત્ર દ્વારા પણ આ પાંચ દિવસીય મેળા માટે સુરક્ષા અને સુવિધાનું ચુસ્ત આયોજન કરવામાં આવ્યું છે.

### કાળઝાળ ગરમીમાં વનતંત્રની સજ્જતા સોલાર સિસ્ટમથી પાણી પુરવઠો

# ગીરમાં વન્યજીવો માટે જળવ્યવસ્થા 600 કૃત્રિમ પોઈન્ટ શરૂ

(એજન્સી) જૂનાગઢ । તા. 06



મહિનાની શરૂઆત સાથે જ ગુજરાતમાં ગરમીનો પારો ઉંચકાવા લાગ્યો છે. ઉનાળાના પ્રારંભે જ ગીરના જંગલો અને તેની આસપાસના વિસ્તારોમાં કુદરતી જળસ્ત્રોતો સૂકાવા લાગ્યા છે. આવી સ્થિતિમાં વન્યજીવોને પાણી માટે ભટકવું ન પડે તે હેતુથી વન વિભાગ દ્વારા 'લાયન લેન્ડસ્કેપ' વિસ્તારમાં યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. એશિયાટિક સિંહોના ગઢ ગણાતા આ વિશાળ ક્ષેત્રમાં કુલ 600 જેટલા કૃત્રિમ જળસ્ત્રોતો કાર્યરત કરી દેવામાં આવ્યા છે, જે હવે વન્યજીવો માટે જીવનરેખા સમાન સાબિત થઈ રહ્યા છે.

કાળઝાળ ગરમીથી બચવા માટે સિંહ, દીપડા, હરણ અને સાબર જેવા માંસાહારી તેમજ તૃણાહારી પ્રાણીઓ અત્યારે પાણીના કૃત્રિમ પોઈન્ટની આસપાસ જ પોતાનો દિવસ પસાર કરી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વન્યજીવો ગરમીથી રક્ષણ મેળવવા માટે પાણીના અવેડાની આસપાસના છાંયડામાં આખો દિવસ આરામ કરે છે અને રાત્રિના સમયે ઠંડક થતા જ શિકાર કે લટાર મારવા નીકળે છે. વનતંત્ર દ્વારા આ પોઈન્ટ્સનું લોકેશન એવી રીતે પસંદ કરવામાં આવ્યું છે જ્યાં પ્રાણીઓની અવરજવર વધુ હોય અને તેમને સરળતાથી પાણી મળી રહે.

વન વિભાગે આ વખતે જળવ્યવસ્થામાં આધુનિક ટેકનોલોજીનો પણ વ્યાપક ઉપયોગ કર્યો છે. લાયન લેન્ડસ્કેપમાં કાર્યરત 600 પોઈન્ટ્સમાંથી અંદાજે 95 ટકા પોઈન્ટ સોલાર એનર્જીની મદદથી ઓટોમેટિક ભરવામાં આવે છે. બાકીના અંતરિયાળ વિસ્તારોમાં ટેન્કર કે શ્રમિકો દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે. મીડિયા અહેવાલ મુજબ, કામગીરીમાં પારદર્શિતા લાવવા માટે વનકર્મીઓએ પાણીના પોઈન્ટની સફાઈ કર્યા બાદ જીપીએસ લોકેશન સાથેના ફોટા ઉચ્ચ અધિકારીઓને મોકલવા ફરજિયાત બનાવ્યા છે. આ વ્યવસ્થાને કારણે છેવાડાના વિસ્તારમાં પણ પ્રાણીઓને ચોખ્ખું પાણી મળી રહે તેની ખાતરી કરી શકાય છે. ગીર અને તેની આસપાસના જિલ્લાઓ જેવા કે અમરેલી, ગીર-સોમનાથ, ભાવનગર અને પોરબંદરમાં વન્યજીવોની વિશાળ વિવિધતા જોવા મળે છે. અહીં 40 પ્રકારના સસ્તન પ્રાણીઓ, 47 પ્રકારના સરિસૃપ અને 338 જેટલી પક્ષીઓની પ્રજાતિઓ વસવાટ કરે છે.

### કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ

## રાજકોટ ચાંદી કારખાનેદાર છેતરપિંડી લેબર કોન્ટ્રાક્ટરે ૫૫ લાખનો ચૂનો લગાવ્યો

(એજન્સી) રાજકોટ । તા. 06

સોની બજાર અને ચાંદીના ઉદ્યોગ માટે જાણીતા રાજકોટમાં વધુ એક છેતરપિંડીની મોટી ઘટના સામે આવી છે. નવાગામ આણંદપર પાસે સાગર ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં 'બી.ડી. ગજેરા' નામે ચાંદીનું કારખાનું ધરાવતા ભરતભાઈ દિનેશભાઈ ગજેરા સાથે તેમના જ લેબર કોન્ટ્રાક્ટરે ૫૫.૪૬ લાખ રૂપિયાની ઠગાઈ કરી હોવાની ફરિયાદ કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાઈ છે. લેબર કોન્ટ્રાક્ટરે વેપારીનો વિશ્વાસ કેળવી ચાંદીના દાગીના અને રોકડ રકમ ઓહિયા કરી જતાં પોલીસ તપાસ શરૂ કરવામાં આવી છે.

ફરિયાદ મુજબ, આઠ મહિના અગાઉ ભરતભાઈને ચાંદીના કામ માટે કારીગરોની જરૂર હતી, ત્યારે તેમના જ એક કારીગરે મેહુલનગરના સંજય બારોટ સાથે પરિચય કરાવ્યો હતો. સંજયે લેબર કોન્ટ્રાક્ટ સંભાળીને શરૂઆતમાં ૧૦ કિલો ચાંદીનો માલ સમયસર તૈયાર કરી આપી વેપારીનો ગાઢ વિશ્વાસ જીતી લીધો હતો. આ વિશ્વાસના જોરે જ આગામી સમયમાં મોટી છેતરપિંડીનો પાયો નંખાયો હતો.

વેપારીનો ભરોસો બેસતા તેમણે કટકે-કટકે ૩૪ કિલો ચાંદીના તૈયાર દાગીના સંજયને વેચવા માટે આપ્યા હતા. સંજયે આ દાગીનાના નાણાં બે-ચાર દિવસમાં ચૂકવી આપવાનો વાયદો કર્યો હતો. આટલું જ નહીં, વિવિધ બહાને તેણે ૧૬.૨૦ લાખ રૂપિયા રોકડા પણ લીધા હતા. આમ, ચાંદીના દાગીના અને રોકડ મળીને કુલ ૫૫,૪૬,૦૦૦ રૂપિયા લેવાના નીકળતા હતા. જ્યારે ભરતભાઈએ જુના પેમેન્ટની ઉઘરાણી કરી અને વધુ દાગીના આપવાનો ઈનકાર કર્યો, ત્યારે સંજય બારોટે સંતોષકારક જવાબ આપવાનું બંધ કરી દીધું હતું. છેવટે, પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા ભરતભાઈએ પોલીસનો સંપર્ક કર્યો હતો. કુવાડવા રોડ પોલીસે સંજય બારોટ વિરુદ્ધ આઈપીસીની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

### હોળી પર્વે એક્સ્ટ્રા બસો દોડાવતા મુસાફરોને મોટી રાહત

## વડોદરા એસટી વિભાગની આવક વધી હોળી પર્વે રૂ. 15 લાખની કમાણી

(એજન્સી) વડોદરા । તા. 06



રંગોના પર્વ હોળી અને ધુળેટી નિમિત્તે વડોદરા એસટી વિભાગ માટે આ વર્ષે કમાણીના દ્વાર ખુલ્યા છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના વડોદરા વિભાગ દ્વારા મુસાફરોની સુવિધા માટે કરવામાં આવેલું આગોતરું આયોજન અત્યંત સફળ સાબિત થયું છે. માત્ર પાંચ દિવસના ટૂંકા ગાળામાં એસટી નિગમે લાખો મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડ્યા છે, જેના પરિણામે વિભાગની તિજોરીમાં રૂ. 15 લાખની માતબર આવક જમા થઈ છે. ખાસ કરીને આદિવાસી પટ્ટા અને ધાર્મિક સ્થળો તરફ જતી બસોમાં મુસાફરોનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો હતો.

હોળી-ધુળેટીના તહેવારમાં મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં વસતા શ્રમિકો અને નોકરિયાત વર્ગ પોતાના વતન જતા હોય છે. આ ભીડને ધ્યાનમાં રાખીને વડોદરા વિભાગ દ્વારા 27 ફેબ્રુઆરીથી 3 માર્ચ દરમિયાન વિશેષ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, દાહોદ, ઝાલોદ, છોટાઉદેપુર અને ગોધરા તરફ જવા માટે મુસાફરોની સંખ્યા સૌથી વધુ નોંધાઈ હતી. આ સમયગાળા દરમિયાન કુલ 325 એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું, જેણે રાત-દિવસ કાર્યરત રહીને હજારો મુસાફરોની મુસાફરી સુખદ બનાવી હતી.

હોળી નિમિત્તે રણછોડરાયની નગરી ડાકોરમાં ભરાતા માણેકઠારી મેળામાં જવા માટે પણ વડોદરાથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.

**કર્ક : ડ. હ.**

તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે. માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે.

**સિંહ : મ. ટ.**

તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે.

**તુલા : ર. ત.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.

**વૃશ્ચિક : ન. ય.**

સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

સતત હકારાત્મક રીતે વિચારવાનો તમારો ગુણ તમને વળતર અપાવશે. કેમ કે તમે તમારા પ્રયાસમાં સફળ થવાના છો. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે.

**મકર : ખ. જ.**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુળ ફેરફાર કરશો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી દૃઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. રૉમાન્સમાં ઓટ આવશે.

## ઉજવણી

### ધૂળેટીની ઉજવણીમાં અપશબ્દો બોલવાની ના પાડતા 8 શખ્સોનો હુમલો

ભાવનગર: શહેરના હાદાનગર સત્યનારાયણ સોસાયટીમાં ઘર પાસે ધૂળેટીની ઉજવણી કરતા યુવકોને મહિલાએ અપશબ્દો બોલવાની ના પાડતા આઠ શખ્સોએ ઉશ્કેરાઈ જઈ મહિલાને અને તેના પરિવારના અન્ય સભ્યો સાથે ઝપાઝપી કરી માર મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે બોરતળવા પોલીસ મથકમાં આઠ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ હતી. જેના અનુસંધાને પોલીસે ૬ શખ્સોને ઝડપી પાડયા છે. શહેરના હાદાનગર સત્યનારાયણ સોસાયટીમાં રહેતા સોનલબેન શૈલેષભાઈ મકવાણા ગતરોજ ધુળેટીના દિવસે પોતાના ઘરે તેમના જેઠાણી તથા અન્ય મહિલાઓ સાથે બપોરના ત્રણ કલાકના અરસામાં પુરી વણતા હતા. આ દરમિયાન તેમના ઘરની બાજુમાં આવેલા હનુમાનજી મંદિરમાં ધૂળેટીના તહેવારની ઉજવણી થઈ રહી હતી. આ દરમિયાન તેમની આજુબાજુમાં રહેતા શક્તિ ડાભી, શક્તિ રાઠોડ, રાકેશ ઉર્ફે રાકો, ફેઝલ, કૃષ્ણદેવ ઉર્ફે બુચા ગોહિલ, શાહરૂખ, વિવેક વાળા ઉર્ફે ભજ્જી અને સમીર ઉર્ફે શાંભો ધૂળેટી રમી રહ્યાં હતા અને સાથે બિભિત્સ ગાળો બોલી રહ્યાં હતા. જેથી સોનલબેન ઘરની બહાર આવી આ લોકોને અપશબ્દો બોલવાની ના પાડતા ઉક્ત લોકોએ તેમને અપશબ્દો કહી જાનથી મારી નાખવાની ધમકી આપી. ઉક્ત શક્તિ ડાભીએ તેમની તથા મનીષાબેન સાથે અયોગ્ય વર્તન કરી તેમજ તેમની સાથેના અમિતાબેનને પથ્થર મારી ઈજા કરી અને તેમના ભત્રીજા કિશનને ધોકા વડે માર મારી ઈજા કરી જીવતા નહી રહેવા દઈએ તેવી ધમકી આપી જતાં રહ્યાં હતા. આ અંગે સોનલબેને ઉક્ત આઠેય શખ્સો સામે બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી શક્તિ કાળુભાઈ ડાભી, રાકેશ ઉર્ફે રાકો ધનજીભાઈ યાદવ, શાહરૂખ મોબતખાન પઠાણ, સમીર ઉર્ફે શાંભો મીરૂભાઈ સુમરા, વિવેક ઉર્ફે ભજી હરેશભાઈ વાળોદરા અને શક્તિ રૂપસંગભાઈ રાઠોડને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**સખત પરિશ્રમ કરનાર અધિકારી કર્મચારીઓની કર્તવ્ય નિષ્ઠાને બિરદાવતા**

# જૂનાગઢ જિલ્લા કલેકટરના હસ્તે મહાશિવરાત્રીના મેળામાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર અધિકારી-કર્મચારીઓનું બહુમાન

| નરેન્દ્ર દવે | જૂનાગઢ | તા.6



જૂનાગઢમાં મીનીકુંભ સમાન ભવનાથનો મહાશિવરાત્રીના મેળો સફળતાપૂર્વક સંપન્ન થયો હતો, તેને સફળ બનાવવામાં જેમનો મહત્વપૂર્ણ પરિશ્રમ, પુરુષાર્થ અને કુશળતા રહી છે, તેવા અધિકારી, કર્મચારીઓને જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાએ સન્માન પત્ર એનાયત કરી બહુમાન કર્યું હતું. જિલ્લા કલેકટરશ્રીએ મહાશિવરાત્રીના મેળાને સફળ બનાવવા માટે રાત દિવસ જોયા વગર સખત પરિશ્રમ કરનાર અધિકારી કર્મચારીઓની કર્તવ્ય નિષ્ઠાને બિરદાવતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની પહેલથી મોટા ફલક પર આયોજિત મહાશિવરાત્રીના મેળામાં વહીવટી તંત્રના સર્વે અધિકારી,કર્મચારી ઓની કામગીરી પ્રેરણારૂપ બની રહી છે, અધિકારી કર્મચારીઓએ અહમને કોરાણે મૂકીને સંકલન અને ટીમવર્કથી કરેલી કામગીરીથી મહાશિવરાત્રીનો મેળો સફળ બનવાની સાથે તેની નવી ઊંચાઈ પણ મળી છે. તેમણે જણાવ્યું કે, રાજ્યના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, પ્રભારી મંત્રી શ્રી, સહ પ્રભારીમંત્રીશ્રી તરફથી સંપૂર્ણ સહકાર મળ્યો છે, સાથે જ ભાવિકોલક્ષી નિર્ણય માટે પણ પૂરેપૂરી મોકળાશ મળી હતી. સાથે જ મહાશિવરાત્રીના મેળા માટે જરૂરી મંજૂરીઓ પણ ત્વરિત મળી હતી. જિલ્લા કલેકટરશ્રીએ મહાશિવરાત્રીના મેળામાં સફાઈકર્મીઓના યોગદાનની પણ સવિશેષ નોંધ લઈ જણાવ્યું હતું કે, ભાવિકોના આવાગમન વચ્ચે સફાઈ કરવી પણ પડકારજનક હોય છે, તેમ છતાં સફાઈકર્મીઓએ મહાશિવરાત્રીના મેળાને સ્વચ્છ રાખવા માટે સતત પરિશ્રમ ઉઠાવ્યો હતો. જિલ્લા કલેકટરશ્રીએ એમ પણ કહ્યું કે, મહાશિવરાત્રીના મેળા માટે વહીવટી તંત્ર દ્વારા જે માઈક્રો પ્લાનિંગ કરવામાં આવ્યું હતું, તેને કુશળતા સાથે સફળતાપૂર્વક ધરાતલ પર ઉતારવાનું કામ અધિકારી કર્મચારીઓએ કર્યું છે. થોડી નવી વ્યવસ્થા સાથે થયેલા મહાશિવરાત્રીના મેળાને અભૂતપૂર્વ સફળતા મળી છે. જેમાં અપેક્ષાથી પણ વધુ ભાવિકો સહભાગી બન્યા હતા. જિલ્લા કલેકટરશ્રીએ મહા શિવરાત્રીના મેળાને સફળ બનાવવા માટે અધિકારી-કર્મચારી સહિત સૌ કોઈના યોગદાનની નોંધ લીધી હતી. આ સાથે સન્માનિત અધિકારી કર્મચારીઓને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાંત અધિકારી અને મેળા અધિકારીશ્રી ચરણસિંહ ગોહિલે કર્યું હતું. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનરશ્રી તેજસ પરમાર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. પી. પટેલ, જિલ્લા પોલીસ વડાશ્રી સુબોધ ઓડેદરા, નિવાસી અધિક કલેકટર સુશ્રી બી.એસ. બારડ, આસિસ્ટન્ટ કલેકટર સુશ્રી વંદના મીણા તથા શ્રી પ્રતીક જૈન સહિત વહીવટી તંત્રના જુદા જુદા વિભાગના અધિકારી- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**શ્રદ્ધાળુઓએ આસ્થાની ડૂબકી લગાવી ધન્યતા અનુભવી**

## ગલતેશ્વર ખાતેની મહીસાગર અને ગળતી નદીના પટમાં ભક્તોનું કીડીયારું ઉભરાયું

ઠાસરા: ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ ગળતેશ્વર મહાદેવ પાસેથી પસાર થતી ગળતી નદી અને મહીસાગર નદીના સંગમ સ્થાને ધૂળેટીના પર્વે માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. બંને નદીના સંગમ સ્થાને સવારના આઠથી રાતના આઠ વાગ્યા સુધી અંદાજે ચારથી પાંચ લાખ શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓએ નદીમાં શ્રદ્ધાની ડૂબકી લગાવી ધન્યતા અનુભવી હતી. આ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા નદીના પટમાં જ તંબુ બાંધીને કંટ્રોલ રૂમ તૈયાર કરવામાં આવ્યો હતો. પોલીસની ટીમે ઊંડા પાણીના વહેણ પાસે દોરડા બાંધી નાહવા માટેની જગ્યા સીમિત કરી દીધી હતી. તેમજ નદીમાં બોટ, દોરડા, રબરની ટયુબ અને તરવૈયાઓની ટીમ સતત પેટ્રોલિંગમાં રહી હતી. માત્ર ખેડા જ નહીં, પરંતુ વડોદરા, ગાંધીનગર, મહેસાણા, પંચમહાલ, મોડાસા, હાલોલ અને ગોધરા સુધીના લોકો અહીં સ્નાન માટે આવ્યા હતા. લોકવાયકા મુજબ, મહીસાગરના પવિત્ર જળમાં સ્નાન કરવાથી થાક ઉતરી જાય છે, જેના કારણે છેલ્લા ચાર દિવસથી અહીં પ્રવાસીઓનો સતત પ્રવાહ જોવા મળ્યો હતો.



**વલ્લભ હાર્ડવેરમાં લાખોના નુકસાનનો અંદાજ**

## નડિયાદના અમદાવાદી બજારમાં ધૂળેટીના પર્વે હાર્ડવેરની દુકાનમાં આગ ભભૂકી ઉઠી

નડિયાદ: નડિયાદના વ્યસ્ત અમદાવાદી બજારમાં ધૂળેટીના પર્વે વલ્લભ હાર્ડવેરની દુકાનમાં ભીષણ આગ ફાટી નીકળતા અફડાતફડી મચી ગઈ હતી. પ્લાસ્ટિકના જથ્થાને કારણે વિકરાળ બનેલી આગે બે માળને લપેટમાં લીધા હતા, જેને ૩ ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ કાબૂમાં લેતા મોટી જાનહાનિ ટળી હતી.નડિયાદ શહેરના હાર્દ સમાન અને હંમેશા ધમધમતા રહેતા અમદાવાદી બજાર વિસ્તારમાં ધૂળેટીના તહેવારની બપોરે વલ્લભ હાર્ડવેર નામની દુકાનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. દુકાનમાં રાખવામાં આવેલી પ્લાસ્ટિકની પાઈપો અને અન્ય જ્વલનશીલ ચીજવસ્તુઓના કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આગના લબકારા તેમજ ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાવા લાગ્યા હતા. આગની તીવ્રતા એટલી પ્રચંડ હતી કે તેણે દુકાનના પહેલા અને બીજા માળને સંપૂર્ણપણે પોતાની લપેટમાં લઈ લીધો હતો.

### નડિયાદની નહેરમાં પુત્ર સાથે ઝંપલાવનાર પરિણીતાના મોત મામલે 3 સામે ગુનો

નડિયાદ: નડિયાદની નહેરમાં પુત્ર સાથે ઝંપલાવી જીવન ટૂંકાવનાર પરિણીતાના મોત મામલે મહેળાવ પોલીસે પતિ, સસરા અને નણંદ વિરુદ્ધ આત્મહત્યાના દુષ્પ્રેરણનો ગુનો નોંધ્યો છે. પિયરમાંથી રોકડ રકમ લાવવા બાબતે અવારનવાર મેણાં-ટોણાં મારી માનસિક ત્રાસ આપી મરવા મજબૂર કર્યા હોવાના પિતાના આક્ષેપ બાદ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ખેડા જિલ્લાના મહેળાવ પોલીસ મથકની હદમાં આવતી નહેરમાંથી ગત તા. ૨૭-૦૨-૨૦૨૬ના રોજ શિલ્પાબેન નામની પરિણીતા અને તેના પુત્ર જયવીરની લાશ મળી આવવાના પ્રકરણમાં ચોંકાવનારો વળાંક આવ્યો છે.

**તંત્રના આંખ આડા કાન**

## નડિયાદના મંજીપુરા ફાટક નજીક બળિયાદેવ મંદિર પાસે દબાણો

નડિયાદ: નડિયાદ શહેરના મંજીપુરા રોડ પર આવેલા ફાટક પાસે પૌરાણિક બળિયાદેવ મંદિરની આસપાસના વિસ્તારમાં ગેરકાયદે દબાણોનો જમેલો જામતા ભક્તોની લાગણી દુભાઈ રહી હોવાની બૂમ ઉઠી છે. અહીં મંદિરની બિલકુલ નજીક અને જાહેર માર્ગો પર આડેધડ કાચા-પાકા દબાણો ઉભા કરી દેવામાં આવ્યા છે. આ ધામક સ્થળની આસપાસ માંસ, ચિકન અને ઈંડાની લારીઓ અને કેબિનો ખડકી દેવામાં આવતા ભક્તોની લાગણી દુભાઈ રહી છે.આ વિસ્તારમાં દેશી દારૂના અડ્ડાઓ પણ ધમધમતા હોવાથી અસામાજિક તત્વોનો જમાવડો રહે છે, તેવી ચર્ચાઓ થઈ રહી છે. આ અશોભનીય પ્રવૃત્તિઓના કારણે મંદિરે દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓ અને ખાસ કરીને મહિલાઓની સુરક્ષા તેમજ ધામક આસ્થા સામે સવાલો ઉભા થયા છે. સમગ્ર વિસ્તારમાં લારી-ગલ્લાઓના કારણે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે અને માર્ગો સાંકડા બની જતા વાહનચાલકોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

**રૂ.25.80 લાખની ઉચાપત**

## બોટાદમાં સહકારી મંડળીના લાખો રૂપિયાની ઉચાપત કરી શખ્સ ફરાર

ભાવનગર: બોટાદમાં શ્રી સૌરાષ્ટ્ર ક્રેડિટ કો.ઓપરેટિવ સોસાયટી લી.નામની સહકારી મંડળી બનાવી મંડળીના પ્રમુખ અને મંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન બોટાદના શખ્સે મંડળીના સભ્યોની બાંધી મુદતની થાપણોમાં રોકાણ કરેલી રકમો પૈકી ૯૦ ટકા રકમની ઉચાપત કરી કુલ રૂ.૨૫.૮૦ લાખનું આર્થિક નુકસાન પહોંચાડયું હતું. બનાવ અંગે બોટાદ પોલીસ મથકમાં ગુનો નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. બોટાદ ખાતે રહેતા અને શ્રી સૌરાષ્ટ્ર ક્રેડિટ કો.ઓપરેટિવ સોસાયટી લી.ના પ્રમુખ કિશોરભાઈ નરશીભાઈ કાપડીયાએ બોટાદ પોલીસ મથકમાં હનીફ હમીરભાઈ કુરેશી (રહે. બોટાદ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઉક્ત હનીભભાઈએ શ્રી સૌરાષ્ટ્ર ક્રેડિટ કો.ઓપરેટિવ સોસાયટી લી.નામની સહકારી મંડળી બનાવી તેમને વિશ્વાસમાં લઈ મંડળીમાં વર્ષ-૨૦૧૯થી રોકાણ કરાવવાનું શરૂ કર્યું હતું અને બાદમાં તેમણે સ્થાપકમાંથી રાજીનામું આપી મેનેજર તરીકે કામ કરવાનું શરૂ કર્યું હતું અને તેમને પ્રમુખ તરીકે મંડળીમાં જોડી તેમના વતી હનીફભાઈ સમગ્ર વહીવટ કરતા હતા અને હનીફભાઈએ તેમના પ્રમુખ અને મેનેજર (મંત્રી) તરીકેના કાર્યકાળ દરમિયાન સોસાયટીના આશરે ૧૨થી૧૩ જેટલા સભ્યોએ જે બાંધી મુદતની થાપણોમાં રોકાણ કર્યું હતું. તે પૈકી ૯૦ ટકા જેટલી માતબાર રકમની ઉચાપત કરી કુલ રૂ.૨૫,૮૦,૫૩૮ની થાપણોમાં ઉચાપત કરી ગેર વહીવટ કરી ખોટું રેકોર્ડ ઉભુ કરી આર્થિક નુકસાન પહોંચાડી ઓફીસને તાળુ મારી નાસી જઈ સભાસદો સાથે વિશ્વાસઘાત તથા છેતરપિંડી આચરી હતી. આ અંગે બોટાદ પોસીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. રોકાણકારોએ રોકાણ કરેલા રકમથી ઓછી રકમનું રોકાણ મંડળીના રેકોર્ડમાં થયેલું હોવાનું સામે આવતા આંતરિક તપાસમાં જણાયું હતું કે, હનીફ કુરેશીએ મોટી રકમની થાપણો મેળવી પહોંચ લખી આપી હતી અને સોસાયટીના રેકોર્ડમાં ઓછી રકમ જમા થઈ હતી. સભાસદો જેટલી રકમ બાંધી મુદતની થાપણ તરીકે જમા કરાવતા તે રકમનો છેલ્લો આંકડો હનીફ કુરેશીએ કાઢી નાખી વધતી રકમ મંડળીના રેકોર્ડમાં જમા કરાવી આશરે ૯૦ ટકા જેટલી રકમની ઉચાપત કરી હતી.




# જાણીતા શિક્ષણવિદ બલરામ ચાવડાની ગુજરાતીનો અધ્યાપક સંઘના પ્રમુખ તરીકે વરણી

| નરેન્દ્ર દવે | જૂનાગઢ | તા.6



સરદાર પટેલ વિશ્વ વિધાલય,વલ્લભ વિદ્યાનગરના યજમાન પદે યોજાયેલા ગુજરાતીનો અધ્યાપક સંઘના ૭૫માં વાર્ષિક અધિવેશનમાં ડૉ. સુભાષ મહિલા કોલેજ, જૂનાગઢના આચાર્ય અને જાણીતા શિક્ષણવિદ શ્રી બલરામ ચાવડાને ગુજરાતીનો અધ્યાપક સંઘના પ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવતા તેમના પર અધ્યાપક મિત્રો,સાહિત્ય પ્રેમીઓ અને સ્નેહીઓ દ્વારા શુભેચ્છાઓનો વરસાદ થઇ રહ્યો છે. ગુજરાતીનો અધ્યાપક સંઘ ઇ.સ.૧૯૪૭થી ગુજરાતી ભાષા-સાહિત્યના તથા ગુજરાતી વિષયના અધ્યાપકોના અધ્યયન-અધ્યાપનને તેજસ્વી બનાવવાના ઉદેશથી સાતત્યપૂર્ણ પ્રવૃત્તિ કરતો આવ્યો છે.aa aaઆ સંગઠન એવું છે કે જેનું કોઈ લિખિત બંધારણ નથી,કોઈ બેંકમાં ખાતું નથી. રામનારાયણ પાઠક, ડોલરરાય માંકડ, ઉમાશંકર જોશી, કે.કા.શાસ્ત્રી, જયંત પાઠક, નરોત્તમ પલાણ, બળવંત જાની આદિ ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સર્જકોને વિદ્વાન અધ્યાપકો aa સંઘના પાયામાં રહ્યા છે અને એની પરંપરાનું વહન કયું છે.બલરામ ચાવડાએ જણાવ્યું હતું કે અધ્યાપકની સાચી ઓળખ એમની વિદ્યા પ્રાપ્તિ માટેની સાધનામાં વ્યસ્ત રહેવું તેમાં છે. એમની વિદ્યા વડે જ વર્ગના વિદ્યાર્થી ઓમાં જ્ઞાનના પ્રકાશનું પ્રસરણ થશે. ગુજરાતી અધ્યાપક સંઘ વર્ષભર વિદ્યા વિસ્તાર વ્યાખ્યાન માળા,અધ્યાપક સજ્જતા શિબિરને વાર્ષિક અધિવેશન દ્વારા સાહિત્ય વિશ્વના વિવિધ વિષયોની ગંભીર વિચારણા કરી એને પ્રકાશિત કરે છે. aaaa આ વર્ષે ૭૫ જેટલી વિદ્યાવિસ્તાર વ્યાખ્યાન માળા યોજી અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. ગુજરાતી ભાષાના સશોધન લેખન અને સંપાદન ક્ષેત્રે કાર્યરત બલરામ ચાવડાને તાજેતરમાં ગુજરાત રાજ્યના ડેપ્યુટી સી.એમ.હર્ષ સંઘવીને હસ્તે અતુલય વારસો આઈડેન્ટિટી એવોર્ડ, પૂ. મોરારિબાપુના હસ્તે પ્રતિષ્ઠિત કવિ કાગ એવોર્ડ મળ્યો છે તેમજ ગુજરાત શૈક્ષિક મહા સંઘ ગુજરાતમાં તેઓને ફરી ઉપ ઉપપ્રમુખ તરીકેનું દાયિત્વ સોંપવામાં આવ્યું છે ત્યારે aa ગુજરાતીનો અધ્યાપક સંઘના પ્રમુખ તરીકેની વરણી એમની કલગીમાં ગૌરવવંતા પીંછાના ઉમેરણ સમી બની રહે છે.આ ગૌરવશાળી ઘટના માટે ડૉ.સુભાષ પરિવારના વડા શ્રી જવાહરભાઈ ચાવડા શ્રી મિતાબેન ચાવડા અને કૉલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### ખેડાના હરિયાળાની સીમમાં આવેલી કંપનીમાં યુવતી ઉપર યુવકનો હુમલો

નડિયાદ: ખેડા તાલુકામાં હરિયાળા ગામે આવેલી કંપનીમાં નોકરી કરતી યુવતીને મશીન ઓપરેટરે 'તું મારી સાથે કેમ પ્રેમ સંબંધ રાખતી નથી' તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ અંગે ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. તારાપુર તાલુકાના મોરજ ગામમાં રહેતી યુવતી છેલ્લા બેએક વર્ષથી હરિયાળા ગામની સીમમાં આવેલી અમંતા કંપનીમાં વર્કર તરીકે નોકરી કરે છે. આ યુવતી સાંજના પોણા ચારેક વાગે કંપનીમાં પેકિંગ એરિયામાં કામ કરતી હતી, ત્યારે કંપનીમાં મશીન ઓપરેટર તરીકે કામ કરતા વિવેકકુમાર મનીષભાઈ પટેલ યુવતી પાસે આવી અપશબ્દો બોલી કહ્યું હતું કે, 'તું પહેલા મારી સાથે પ્રેમ સંબંધ રાખતી હતી, પરંતુ હવે મારી સાથે કેમ પ્રેમ સંબંધ રાખતી નથી અને મારા ફોન કેમ ઉપાડતી નથી'

## ૧૭ વર્ષથી વંગ ગામના રામાધણી ગ્રુપ દ્વારા રણુજા(રાજસ્થાન) સુધી પગપાળા યાત્રા

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના આહીર પટ્ટી વિસ્તાર આવેલ વંગ ગામમાં રહેતા ભક્તો દ્વારા ભગવાન રામદેવપીર પ્રત્યે અઢળક શ્રદ્ધા વ્યક્ત કરતા દર વર્ષે રાજસ્થાનના પવિત્ર રણુજા ધામ સુધી પગપાળા યાત્રા કરવામાં આવે છે. આ યાત્રા અંદાજિત ૮૦૦થી ૮૫૦ કિલોમીટર ની થાય છે ગામના રામાધણી ગ્રુપ દ્વારા છેલ્લા ૧૭ વર્ષથી આ યાત્રા અવિરત રીતે ચાલુ રાખવામાં આવી રહી છે. યાત્રા દરમિયાન ગામના નાના-મોટા, યુવાન ભાઈઓ તેમજ બહેનો અને ગ્રામજનો ભક્તિભાવ સાથે જોડાઈ પગપાળા રણુજા( રાજસ્થાન) તરફ પ્રસ્થાન કરે છે. આ પગયાત્રા શરૂ કરતા પહેલા ભક્તો દ્વારા નેજા સાથે પૂજા-અર્ચના કરી ભગવાન રામદેવપીરનું સ્મરણ કરીને યાત્રાની શરૂઆત કરવામાં આવે છે. આ પગયાત્રામાં યુવાનો ઉત્સાહપૂર્વક જોડા છે જે આજના સમય માટે ધાર્મિકતા માટે પ્રેરણારૂપ છેઆ યાત્રા માત્ર ધાર્મિક શ્રદ્ધાનો પ્રતિક નથી પરંતુ ગામમાં ભાઈચારો, એકતા અને સંસ્કૃતિને મજબૂત બનાવવાનું કાર્ય પણ કરે છે. દર વર્ષે મોટી સંખ્યામાં ભક્તો ઉત્સાહપૂર્વક આ યાત્રામાં જોડાઈ ભગવાન રામદેવપીરની કૃપા પ્રાપ્ત કરવાની કામના સાથે પગપાળા યાત્રા કરે છે.ગામના ભક્તો જણાવે છે કે રણુજા ધામ સુધીની આ યાત્રા દરમિયાન ભક્તિ, શ્રદ્ધા અને એકતાનો સુંદર માહોલ સર્જાય છે અને ભક્તો ભગવાન રામદેવપીરની આરાધના કરીને આશીર્વાદ મેળવે છે.

**કોઠંબા તાલુકાના કમાલપુર ગામની સીમમાં આવેલા....**

# મહીસાગરના નાકા તળાવમાં ધૂળેટી પર્વે મોટી હોનારત: બે સગા ભાઈઓ સહિત ચાર યુવકોના ડૂબી જવાથી મોત

જગદીશ ત્રિવેદી | મહીસાગર તા.6



નાકા તળાવના પાણીમાં ધૂળેટી પર્વે નાહવા પડેલા બે સગા ભાઈઓ સહિત ચાર જણા ડૂબી જતા તેમના કરૂણ મોત નિપજવા પામેલ છે.આ કરું ઘટનાના પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી ફેલાઈ જવા પામી છે અને હોળી ધુળેટી નું પર્વ માતમ માં ફેરવાઈ જવા પામતા મૃતકના પરિવારો પર જાણેકે આભ તૂટી પડ્યું હોય તેવા કરુણ દ્રશ્યો જોવા મળવા પામ્યા.. મહીસાગર જિલ્લામાં હોળી ધુળેટી તહેવારની ઉજવણી ખૂબ જ આનંદ ઉલ્લાસ સાથે કરવામાં આવી રહી હતી જ્યારે બીજી બાજુ હોળી ધુળેટી તહેવારનો પર્વ પર જિલ્લામાં હૃદયને હચમચાવી નાખે તેવા કરુણ દ્રશ્યો આંખ સામે આવવા પામ્યા છે.

કોઠંબા તાલુકામાં આવેલા નાકા તળાવ ધામણીયા ગ્રામ ફોરેસ્ટ વિસ્તારમાં આવેલું અતિ રમણીય પિકનિક માટેનું સુંદર સ્થળ માનવામાં આવે છે ત્યારે ધૂળેટીના પર્વના દિવસે આ નાકા તળાવમાં કંતાર ગામના ચાર યુવકો ધુળેટી પર્વનો આનંદ માણ્યા બાદ કોઠંબા તાલુકાના ધામણીયા ગ્રામ પંચાયત ફોરેસ્ટ વિસ્તારમાં આવેલા નાકા તળાવમાં નાહવા માટે ગયા હતા ત્યારે આ ચારેય યુવકોને તળાવના ઊંડા પાણીનો કોઈ અંદાજ આવવા પામ્યો ન હતો જેથી આ ચારેય યુવકો તળાવના ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યા હતા. આ કરુણ દ્રશ્યો સ્થાનિક લોકોને નજરમાં આવતા સ્થાનિક લોકોએ તેમને બચાવવા માટેના ભરપૂર પ્રયાસો હાથ ધાર્યા હતા. પરંતુ તે પહેલા જ ગંભીર પરિસ્થિતિ સર્જાઈ ગઈ હતી. નાકા તળાવ ઉપર હોળી ધુળેટી ના આનંદ ઉલ્લાસનું પર્વ માતમ અને કરુણાન્તીકા માં ફેરવાઈ જવા પામ્યું હતું જોત જોતામાં આ ચારેય યુવાનો તળાવના ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા તળાવના ઊંડા પાણીમાં ડૂબી જનાર અને મરણ પામનાર (૧) જયેશભાઈ જશવંતભાઈ બારીયા, ઉંમર વર્ષ 21 (૨) વિપુલભાઈ જશવંતભાઈ બારીયા ઉંમર વર્ષ 19 (૩) અમિતકુમાર વિનોદભાઈ બારીયા ઉંમર વર્ષ 21 (૪) તુષારભાઈ રૂપનાથ ભાઈ બારીયા ઉંમર વર્ષ 21, તમામ રહેવાસી કંતાર, તાલુકો કોઠંબા, જીલ્લો મહીસાગર, મરણજનાર માં જયેશભાઈ જશવંતભાઈ બારીયા અને વિપુલભાઈ જશવંતભાઈ બારીયા બંને સગા ભાઈઓ હતા. આ કરુણ ઘટનામાં બે યુવકોના ઘટના સ્થળે જ મોત નીપજવા પામ્યા હતા જ્યારે અન્ય બે યુવકોને ગંભીર હાલતમાં 108 એમ્બ્યુલન્સ મારફતે લુણાવાડા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

**રેલવે લાઇનના કામમાં તંત્રની બેદરકારી**

## રૂણ-દેવા વાંટા રોડ ઉપર ટામેટા ભરેલી ટ્રક ઊંડા કાંસમાં ખાબકી, મજૂરોનો બચાવ



નડિયાદ: નડિયાદ-ભાદરણ નેરોગેજ લાઈનને બ્રોડગેજમાં ફેરવવાની કામગીરી દરમિયાન રેલવે તંત્ર અને કોન્ટ્રાક્ટરની ગંભીર લાપરવાહી સામે આવી છે. વસો તાલુકાના રૂણથી દેવા વાંટા તરફ જતા માર્ગ પર ગરનાળાના ખોદકામ પાસે સુરક્ષાના કોઈ સાધનો ન હોવાથી ટામેટા ભરેલી ટ્રક કાંસમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ચાલક અને મજૂરોનો બચાવ થયો છે, પરંતુ લાખોની કિંમતના ટામેટા પાણીમાં વહી જતાં ખેડૂત પાયમાલ થયા છે.

નડિયાદ-પેટલાદ-ભાદરણ રેલવે લાઈનનું કામ હાલ પ્રગતિમાં છે. આ પ્રોજેક્ટ અંતર્ગત વસો તાલુકામાંથી પસાર થતી લાઈન પર વિવિધ સ્થળે ગરનાળા બનાવવામાં આવી રહ્યા છે. રૂણ ગામથી દેવા વાંટા તરફ જતા મુખ્ય માર્ગની બિલકુલ સાઈડમાં જ કાંસનું ગરનાળું બનાવવા માટે મોટું ખોદકામ કરવામાં આવ્યું છે.

આ સ્થળે કેનાલનું પાણી ભરાયેલું હોવાથી આસપાસની માટી અત્યંત પોચી પડી ગઈ હતી. બુધવારની સાંજે આ માર્ગ પરથી ૭૪૧ કેરેટ ટામેટા ભરીને એક ટ્રક પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક રોડની સાઈડની માટી ધસી પડી હતી. માટી ધસતાની સાથે જ ટ્રક સીધી ઊંડા પાણી ભરેલા કાંસમાં ખાબકી હતી.

### મધ્યસ્થ બેંકોનો સોનાનો ભંડાર હવે જોખમમાં છે | વૈશ્વિક સોનાના ભાવમાં વધઘટથી રોકાણકારો ચિંતિત

# વિશ્વભરની મધ્યસ્થ બેંકો દ્વારા સોનાની ખરીદીમાં મોટો ઘટાડો

(એજન્સી) અમદાવાદ | તા 06

વૈશ્વિક સ્તરે આર્થિક અસ્થિરતા અને ભૌગોલિક તણાવ વચ્ચે એક આશ્ચર્યજનક અહેવાલ સામે આવ્યો છે. વિશ્વની વિવિધ મધ્યસ્થ બેંકો દ્વારા સોનાની ખરીદીમાં જાન્યુઆરી માસ દરમિયાન ભારે ઘટાડો નોંધાયો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, છેલ્લા એક વર્ષથી પ્રતિ માસ સરેરાશ ૨૭ ટન સોનાની ખરીદી સામે આ વર્ષે જાન્યુઆરીમાં માત્ર ૫ ટન સોનાની જ ખરીદી કરવામાં આવી છે. સોનાના ભાવમાં જોવા મળતી અસાધારણ તેજી અને વૈશ્વિક બજારની અનિશ્ચિતતાને કારણે સેન્ટ્રલ બેંકોએ હાલ "થોભો અને રાહ જુઓ"ની નીતિ અપનાવી હોય તેમ જણાય છે.

વૈશ્વિક અર્થતંત્રમાં સોનું હંમેશા સુરક્ષિત રોકાણ માનવામાં આવે છે, પરંતુ તાજેતરના આંકડા કંઈક અલગ જ વાર્તા કહી રહ્યા છે. મધ્યસ્થ બેંકો જે સામાન્ય રીતે ટનબંધ સોનાનો સંગ્રહ કરતી હોય છે, તેમણે જાન્યુઆરીમાં પોતાની ખરીદી પર બ્રેક મારી દીધી છે.



મીડિયા અહેવાલ મુજબ, આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ સોનાના ભાવમાં આવતી તીવ્ર વધઘટ છે. જ્યારે કિંમતો અતિશય ઉંચી સપાટીએ હોય ત્યારે મોટી સંસ્થાઓ વધારાની ખરીદી કરતા અચકાય છે. જોકે, આ ઘટાડો કામચલાઉ હોઈ શકે છે કારણ કે પશ્ચિમ એશિયામાં વધતો જતો સંઘર્ષ ભવિષ્યમાં ફરીથી સોનાની માંગમાં ઉછાળો લાવી શકે છે.

આ સમયગાળા દરમિયાન વિવિધ દેશોની બેંકોનું વલણ પણ વિરોધાભાસી રહ્યું છે. ઉઝબેકિસ્તાન આ યાદીમાં સૌથી મોટું ખરીદદાર બનીને ઉભરી આવ્યું છે, જેણે ૯ ટન સોનાની ખરીદી કરીને પોતાના ભંડારને ૩૯૯ ટન સુધી પહોંચાડી દીધો છે. ઉઝબેકિસ્તાનના કુલ વિદેશી હૂંડિયામણમાં સોનાનો હિસ્સો હવે ૮૬ ટકા જેવો મજબૂત સ્તરે પહોંચ્યો છે. બીજી તરફ, રશિયાએ આશ્ચર્યજનક રીતે ૯ ટન સોનાનું વેચાણ કર્યું છે. ચીનની મધ્યસ્થ બેંકે પણ પોતાની ખરીદી ચાલુ રાખતા ૧ ટન સોનું ઉમેર્યું છે, જે તેની સતત ૧૫મા મહિનાની ખરીદી દર્શાવે છે. મલેશિયાએ પણ ૩ ટન સોનું ખરીદીને પોતાના ભંડારમાં વૃદ્ધિ કરી છે.

વર્તમાન પરિસ્થિતિમાં ઇઝરાયેલ અને પશ્ચિમ એશિયાના દેશો વચ્ચે વધતા તણાવને કારણે વૈશ્વિક બજારમાં ભારે હલચલ મચી છે. નિષ્ણાતોના મતે, ભલે અત્યારે મધ્યસ્થ બેંકોએ ખરીદી ઘટાડી હોય, પરંતુ સુરક્ષિત આશ્રયસ્થાન તરીકે સોનાની લોકપ્રિયતા અકબંધ છે. જો તણાવ વધુ વકરશે તો સોનાના ભાવ ૫,૬૦૦ ડોલરની ઐતિહાસિક સપાટીને પણ વટાવી શકે છે. હાલમાં બજારમાં એક પ્રકારની ખેંચતાણ ચાલી રહી છે, જ્યાં એકબાજુ મજબૂત ડોલર સોનાને દબાવી રહ્યો છે, તો બીજીબાજુ યુદ્ધની સ્થિતિ સોનાના ભાવને ટેકો આપી રહી છે.

સ્થાનિક બજારની વાત કરીએ તો અમદાવાદ સહિત રાજ્યના મુખ્ય શહેરોમાં પણ સોના-ચાંદીના ભાવમાં ભારે અસ્થિરતા જોવા મળી રહી છે. આર્થિક વિશ્લેષકો માને છે કે ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા વધી છે, ત્યારે વ્યાજદરમાં વધારો થયો હોવા છતાં સોનાએ હંમેશા મજબૂત વળતર આપ્યું છે. આગામી સમયમાં લગ્નસરાની મોસમ અને આંતરરાષ્ટ્રીય પરિબળોને જોતા સોનાની માંગ અને ભાવ બંનેમાં મોટો ઉછાળો આવવાની પૂરેપૂરી શક્યતા છે. મધ્યસ્થ બેંકોની આ સાવચેતીભરી ખરીદી બજારને કઈ દિશામાં લઈ જશે તે જોવું રસપ્રદ રહેશે.

## હોર્મુઝની સામુદ્રધુનીમાં કટોકટીથી એશિયાના ઉર્જા અને વેપાર પર જોખમ

નવી દિલ્હી: મધ્ય પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે એશિયાના અર્થતંત્ર માટે ગંભીર પડકાર બની રહ્યો છે. એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) ના મુખ્ય અર્થશાસ્ત્રી આલ્બર્ટ પાર્કે ચેતવણી આપી છે કે હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલી અવરોધક સ્થિતિ એશિયાની ઉર્જા સુરક્ષા, વેપાર અને નાણાકીય સ્થિરતાને જોખમમાં મૂકી શકે છે. ખાસ કરીને



ભારત જેવા દેશો જે તેલની આયાત પર નિર્ભર છે, તેમના માટે આ સ્થિતિ વધુ ચિંતાજનક છે. એડીબીએ સૂચન કર્યું છે કે એશિયન દેશોએ કિંમતોને દબાવવાને બદલે વિનિમય દરની સ્થિરતા અને અસરગ્રસ્ત પરિવારોને સીધી સહાય પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. વૈશ્વિક તેલ અને એલએનજી પુરવઠાનો આશરે ૨૦ ટકા હિસ્સો હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થાય છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધ ફાટી નીકળ્યા પછી બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ૧૧ ટકાનો ઉછાળો આવ્યો છે અને તે હાલમાં પ્રતિ બેરલ ૮૩ ડોલરની આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે. ભારત માટે સૌથી ચિંતાજનક બાબત તેનો ઈમરજન્સી તેલ ભંડાર છે. જાપાન અને દક્ષિણ કોરિયા પાસે ૯૦ દિવસનો સ્ટોક ઉપલબ્ધ છે, જ્યારે ચીન પાસે ૩ થી ૪ મહિનાનો પુરવઠો છે. તેની સરખામણીએ ભારત પાસે માત્ર ૧૦૦ મિલિયન બેરલનો સ્ટોક છે, જે માત્ર ૪૦ થી ૪૫ દિવસ સુધી જ ચાલી શકે તેમ છે. આ મર્યાદિત સ્ટોક ભારતને હોર્મુઝમાં થતા કોઈપણ મોટા વિક્ષેપ સામે અત્યંત સંવેદનશીલ બનાવે છે. એડીબીના અર્થશાસ્ત્રીએ મીડિયા અહેવાલ દ્વારા જણાવ્યું છે કે કેન્દ્રીય બેંકોએ વ્યાજદરમાં આક્રમક વધારો કરતા પહેલા બજારમાં લિક્વિડિટી પૂરી પાડવા અને વિનિમય દરની વધઘટને શાંત કરવા પર ધ્યાન આપવું જોઈએ. તેલના ભાવમાં વધારો થવાને કારણે ફુગાવો વધી શકે છે, પરંતુ ઉતાવળે લેવાયેલા નાણાકીય નિર્ણયો આર્થિક વૃદ્ધિને અવરોધી શકે છે. એશિયાના મોટાભાગના દેશો તેલના શુદ્ધ આયાતકારો હોવાથી, જીડીપીના ૨ ટકા જેટલો ખર્ચ માત્ર ઉર્જા આયાત પાછળ થાય છે. આવી સ્થિતિમાં ભાવ નિયંત્રણ અથવા વ્યાપક સબસિડી આપવાથી માર્કેટના ઈ - સે િ - ટ ૯ સ ખોરવાઈ શકે છે.

## News Brief

### રાજમાર્ગ ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટનો રૂ. 6,000 કરોડનો આઈપીઓ બુધવાર, 11 માર્ચ, 2026ના રોજ ખુલશે



અમદાવાદ : એનએચએઆઈ (નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા) દ્વારા સ્પોન્સર્ડ InvIT, રાજમાર્ગ ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ, સ્પોન્સર કોન્ટ્રીબ્યુશન સાથે મળીને બુધવાર, 11 માર્ચ, 2026 ના રોજ રૂ. 60,000 મિલિયન (રૂ. 6,000 કરોડ) સુધીના યુનિટ્સનો આઈપીઓ ("IPO" or "Issue") ખોલવાનો પ્રસ્તાવ મૂકે છે. પ્રતિ યુનિટ પ્રાઈઝ બેન્ડ રૂ. 99 થી રૂ. 100 સુધી નક્કી કરવામાં આવ્યો છે. આ ઈશ્યૂ શુક્રવાર, 13 માર્ચ, 2026 ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ મંગળવાર, 10 માર્ચ, 2026 છે. રાજમાર્ગ ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટની સ્થાપના એનએચએઆઈ દ્વારા પ્રોજેક્ટ એસપીવી ને આપવામાં આવેલા કન્સેશન કરારની શરતો અનુસાર InvIT એસેટ્સ હસ્તગત કરવા, ઓપરેટ કરવા અને મેઈન્ટેઈન કરવા માટે કરવામાં આવી હતી અને એનએચએઆઈ દ્વારા કલ્પના કરાયેલ ટોલ ઓપરેટ ટ્રાન્સફર ("TOT") મોડેલ હેઠળ ઝારખંડ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકમાં પાંચ ટોલ રોડનો પ્રારંભિક પોર્ટફોલિયો રાખવા માટે કરવામાં આવી હતી. એન્કર ઈન્વેસ્ટર્સ અને સ્ટ્રેટેજિક ઈન્વેસ્ટર્સ દ્વારા સબ્સ્ક્રાઈબ કરાયેલા યુનિટ્સ સિવાયના બિડર્સ દ્વારા ઓછામાં ઓછા 150 યુનિટના લોટ માટે અને ત્યારબાદ 150 યુનિટના ગુણાંકમાં બિડ કરી શકાય છે. આ યુનિટ્સને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE") અને બીએસઈ લિમિટેડ (the "BSE", together with NSE, the "Stock Exchanges") પર લિસ્ટિંગ કરવાનો પ્રસ્તાવ છે. યુનિટ્સના લિસ્ટિંગ માટે બીએસઈ અને એનએસઈ તરફથી સૈદ્ધાંતિક મંજૂરી 13 ફેબ્રુઆરી, 2026 ના રોજ મળી ગઈ છે.

## 06 માર્ચથી Amazon.in ઉપર ઇલેક્ટ્રોનિક્સ પ્રિમિયર લીગ ફરી શરૂ થશે - 65% સુધી છૂટ સાથે લેટેસ્ટ લૉન્ચ ઉપર ગ્રેટ ડીલ્સ મેળવો

(એજન્સી) બેંગલુરુ | તા 06

એમેઝોન ઈન્ડિયાએ આજે સેમસંગ ગેલેક્સી AIથી સજ્જ ઈલેક્ટ્રોનિક્સ પ્રિમિયર લીગ (EPL) ફરી શરૂ કરવાની જાહેરાત કરી છે, જે 6 માર્ચે લાઈવ થવા જઈ રહી છે. આ ક્રિકેટ સીઝન દરમિયાન, ગ્રાહકો લેટેસ્ટ સ્માર્ટફોન, સ્માર્ટ TV, લેપટોપ અને ટેબલેટ્સ, એર કંન્ડિશનર, રેફ્રિજરેટર્સ, વૉશિંગ મશીન, કેમેરા, ઑડિયો ડિવાઈસ સહિત સંખ્યાબંધ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સની વ્યાપક શ્રેણીમાં ઉપલબ્ધ ગ્રેટ ડીલ્સ અને ઑફર્સનો આનંદ માણી શકે છે. આ પાવર પ્લે ડીલ્સ શાનદાર ઓફર્સની વિશેષ પસંદગી રજૂ કરશે, જેને ઈવેન્ટ દરમિયાન દરરોજ રિફ્રેશ કરવામાં આવશે. પ્રોડક્ટ્સ ઉપર 65% સુધીની છૂટ ઉપરાંત HDFC બેન્ક ક્રેડિટ કાર્ડ અને EMI ટ્રાન્ઝેક્શન ઉપર રૂ.4,500 સુધીના ઈન્સ્ટન્ટ બેન્ક ડિસ્કાઉન્ટ, નો કોસ્ટ EMI ઓપ્શન અને આકર્ષક એક્સચેન્જ બેનિફિટ્સ સાથે EPL દરેક અપગ્રેડ વધુને વધુ ઉપલભ્ય બનાવે છે.

એમેઝોન ઈન્ડિયા, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સના ડિરેક્ટર ઝેબા ખાને જણાવ્યું હતું કે, 'ગત વર્ષે EPL અમારી ધારણા કરતાં પણ વધુ સારું રહ્યું હતું અને આ વર્ષે અમે તમામ પાસાઓમાં અમારી અપેક્ષાઓને નવી ઊંચાઇ આપી



રહ્યાં છે. ચાલુ વર્ષે અમે AI PCથી લઈને સ્માર્ટ TV તેમજ ઓન-ડિવાઈસ AI સ્માર્ટફોન ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છે અને અમે અમારા ગ્રાહકોને તેનો પહેલ વહેલો અનુભવ પુરો પાડવા માંગીએ છીએ. રુફુસ ગ્રાહકોને તેમના વપરાશની ચોક્કસ પસંદગીઓના આધારે પ્રોડક્ટ્સ શોધવામાં મદદ કરે છે, સ્માર્ટચોઈસ તમામ પ્રાઈસ બેન્ડ્સ અને જરૂરિયાતોના આધારે યોગ્ય વિકલ્પો રજૂ કરે છે અને વધુ સારા પ્રોડક્ટ પેજ ગ્રાહકોને સુમાહિતગાર નિર્ણયો લેવામાં સંદર્ભ અને આત્મવિશ્વાસ પુરો પાડે છે. સમગ્ર રીતે, આ ટૂલ્સ ઉત્સુકતાથી માંડીને ખરીદી સુધીની સફરને વધુ ઝડપી, સ્માર્ટ અને વધુ આત્મીય બનાવવામાં મદદ કરે છે.' એક તરફ EPS સિઝનની કેટલીક બેસ્ટ ડીલ્સ રજૂ કરી રહ્યું છે ત્યારે એમેઝોન ઈન્ડિયાના AIથી સજ્જ ટૂલ્સ ગ્રાહકોને વધારે અપગ્રેડ નિર્ણયો હાથ ધરવામાં મદદ કરે છે. સ્માર્ટફોન હોય, TV હોય કે કોઈપણ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ પ્રોડક્ટનું શોપિંગ હોય, આ ટૂલ્સ તમામ શ્રેણીની પસંદગીઓમાં મદદરૂપ બને છે - ઉદાહરણ તરીકે તમે રુફુસને જણાવો છો કે ચોક્કસ બજેટમાં તમને બેસ્ટ કેમેરા ફોન જોઈએ છે અને તે રિયલ ટાઈમમાં તમને તેમાંથી બેસ્ટ કેમેરા ફોન ફિલ્ટર કરીને આપશે - જેથી તમારો કોઈ સ્ક્રોલિંગ કે અનુમાન આધારિત પસંદગી કરવાની જરૂર નથી. લેન્સ AI ગ્રાહકોને તેમનો કેમેરા વૉલ તરફ કરીને તેમના માટે શ્રેષ્ઠ વિકલ્પ બની શકતું હોય તેવું TV શોધવામાં મદદ કરે છે. શું તમે બેસ્ટ નોઈસ-કેન્સલિંગ હેડફોનની પસંદગી કરી રહ્યાં છો? રિવ્યૂ હાઈલાઈટ્સ ખૂબ જ ટૂંકાણમાં ગ્રાહકોને હજારો રિવ્યૂમાંથી હાઈલાઈટ્સ પુરી પાડે છે, જેથી દરેક નિર્ણય સુમાહિતગાર રીતે લેવામાં આવે.


### આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી કોડિંગના કામમાં ૭૦ ટકા સમયનો મોટો બચાવ

નવી દિલ્હી: સોફ્ટવેર ડેવલપમેન્ટની દુનિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એક વરદાન સાબિત થઈ રહ્યું છે. ડિજિટલ એન્જિનિયરિંગ કંપની 'નેસ' અને મેનેજમેન્ટ કન્સલ્ટિંગ ફર્મ 'ઝિનોવ' ના તાજેતરના અહેવાલ મુજબ, જનરેટિવ એઆઈ સાધનોના ઉપયોગથી સોફ્ટવેર એન્જિનિયરિંગની ઉત્પાદકતામાં અભૂતપૂર્વ ઉછાળો જોવા મળ્યો છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે કોપાયલટ અને કોડવ્હિસ્પરર જેવા અત્યાધુનિક સાધનોની મદદથી જૂના કોડને અપડેટ કરવા જેવા કાર્યોમાં લાગતા સમયમાં ૭૦ ટકા સુધીનો ઘટાડો કરી શકાય છે. આ ટેક્નોલોજી માત્ર કામ ઝડપી નથી બનાવતી, પરંતુ જ્ઞાનના અવરોધોને દૂર કરીને ટીમો વચ્ચેના સહયોગને પણ મજબૂત બનાવે છે.આ અભ્યાસ ૧૦૦ થી વધુ સોફ્ટવેર એન્જિનિયરો પર કરવામાં આવેલા ગહન વિશ્લેષણ પર આધારિત છે. આશ્ચર્યજનક રીતે, આ સાધનો માત્ર નવા નિશાળિયા માટે જ નહીં, પરંતુ અનુભવી એન્જિનિયરો માટે પણ એટલા જ ઉપયોગી સાબિત થયા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સિનિયર એન્જિનિયરોના કાર્ય પૂર્ણ કરવાના સમયમાં ૪૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ સાધનો વારંવાર કરવા પડતા (Repeatable) કાર્યો અને જાળવણીના કામોમાં એન્જિનિયરોનો કિંમતી સમય બચાવે છે, જેથી તેઓ વધુ સર્જનાત્મક અને જટિલ સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. જોકે, અહેવાલમાં એ બાબત પર પણ ભાર મૂકવામાં આવ્યો છે કે જનરેટિવ એઆઈનો પ્રભાવ કાર્યની જટિલતા પર નિર્ભર કરે છે. મીડિયા અહેવાલ મુજબ, જ્યારે કોડિંગના કાર્યો અત્યંત જટિલ હોય છે, ત્યારે એઆઈ દ્વારા મળતી ઉત્પાદકતામાં વૃદ્ધિ મર્યાદિત રહે છે. જે વાતાવરણમાં ઉચ્ચ કોડ જટિલતા હોય છે, ત્યાં કાર્ય પૂર્ણ કરવાના સમયમાં માત્ર ૧૦ ટકાનો જ ઘટાડો જોવા મળ્યો છે. આ બાબત સૂચવે છે કે જટિલ સોફ્ટવેર ડેવલપમેન્ટમાં કુશળ માનવ એન્જિનિયરોની ભૂમિકા હજુ પણ અનિવાર્ય અને નિર્ણાયક છે.જનરેટિવ એઆઈ સાધનોના ઉપયોગથી એન્જિનિયરોમાં જોડાણ અને ઉત્સાહ વધ્યો હોવાનું પણ માલૂમ પડ્યું છે. અભ્યાસના મુખ્ય તથ્યો નીચે મુજબ છે.

## જાપાનના વડાપ્રધાન સાનાએ તાકાઈચી અને પેલેન્ટિરના પીટર થિયેલ વચ્ચે બેઠક

ટોક્યો: જાપાનના વડાપ્રધાન સાનાએ તાકાઈચી અને વૈશ્વિક ટેકનોલોજી ક્ષેત્રના દિગ્ગજ વ્યક્તિત્વ તથા પેલેન્ટિર ટેકનોલોજીસના સહ-સ્થાપક અને અધ્યક્ષ પીટર થિયેલ વચ્ચે ટોક્યોમાં એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. વડાપ્રધાન કાર્યાલય ખાતે યોજાયેલી આ મુલાકાતમાં જાપાન અને અમેરિકા વચ્ચે અદ્યતન ટેકનોલોજીના વિકાસ અને પરસ્પર સહયોગ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠક એવા સમયે યોજાઈ છે જ્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને બિગ ડેટા એનાલિટિક્સ જેવી તકનીકો આર્થિક વૃદ્ધિ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે કેન્દ્રસ્થાને બની રહી છે.જાપાનના વડાપ્રધાન કાર્યાલય દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, પીટર થિયેલે વડાપ્રધાન તાકાઈચીની સૌજન્ય મુલાકાત લીધી હતી. આ દરમિયાન જાપાન અને યુનાઈટેડ સ્ટેટ્સમાં અદ્યતન ટેકનોલોજી ક્ષેત્રોની વર્તમાન સ્થિતિ અને ભાવિ સંભાવનાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન તાકાઈચીએ સોશિયલ મીડિયા પર આ મુલાકાત અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, પીટર થિયેલ સાથેની વાતચીતથી બંને દેશો વચ્ચે ટેક્નોલોજીકલ ભાગીદારીને નવી મજબૂતી મળશે. જાપાન અત્યારે પોતાની ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવા માટે વૈશ્વિક સ્તરે અગ્રણી કંપનીઓ સાથે જોડાણ કરવા આતુર છે. પેલેન્ટિર ટેકનોલોજીસ એ અમેરિકા સ્થિત અગ્રણી કંપની છે, જે જટિલ ડેટા સેટ્સના વિશ્લેષણ માટે અદ્યતન પ્લેટફોર્મ વિકસાવવા માટે વિશ્વભરમાં જાણીતી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, આ કંપનીના સોફ્ટવેર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બિગ ડેટા એનાલિટિક્સ અને મશીન લર્નિંગનો સમન્વય કરીને સરકારો અને વ્યવસાયોને સચોટ નિર્ણય લેવામાં મદદ કરે છે. પેલેન્ટિરના પ્લેટફોર્મનો ઉપયોગ સંરક્ષણ સંસ્થાઓ, નાણાકીય સંસ્થાઓ અને સરકારી એજન્સીઓ દ્વારા સુરક્ષા વ્યવસ્થા સુધારવા અને ઓપરેશનલ કાર્યક્ષમતા વધારવા માટે કરવામાં આવે છે.વર્તમાન વૈશ્વિક પરિદ્રશ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માત્ર વેપાર માટે જ નહીં, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ અનિવાર્ય બની ગયા છે. જાપાનના વડાપ્રધાન અને પીટર થિયેલ વચ્ચેની આ ચર્ચાના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ રહ્યા હતા:

## ડિઝાઈનકેફે દ્વારા ગાંધીનગરમાં પ્રીમિયમ એક્સપીરિયન્સ સેન્ટરના લૉન્ચ સાથે ગુજરાતની હાજરી વિસ્તારી



ગાંધીનગર : ભારતની અગ્રણી ડિઝાઈન પ્રેરિત હોમ ઈન્ટીરિયર્સ બ્રાન્ડ ડિઝાઈનકેફે દ્વારા ગાંધીનગરમાં નવું એક્સપીરિયન્સ સેન્ટર લોન્ચ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં આ તેનું બીજું એક્સપીરિયન્સ સેન્ટર છે અને એકંદર સંખ્યા 22 થઈ ગઈ છે. આ લોન્ચ સાથે અમે બ્રાન્ડ હવે ભારતનાં 14 શહેરોમાં હાજરી ધરાવે છે. 2300 ચોરસફૂટમાં પથરાયેલા એક્સપીરિયન્સ સેન્ટરમાં મોડ્યુલર કિચન્સ, વોડરોબ્સ, બેડરૂમ્સ અને લિવિંગ સ્પેસીસ સાથે સંપૂર્ણ ડિઝાઈન કરાયેલું એપાર્ટમેન્ટ વોકથ્રુની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી ઘરમાલિકો અસલ, કાર્યશીલ સેટિંગ્સમાં ઈન્ટીરિયર્સ વિઝ્યુઅલાઈઝ કરી શકશે. આ જગ્યામાં ઘણી બધી કિચન ફોર્મેટ્સ છે, જે એસ્થેટિક્સ, પરફોર્મન્સ અને રોજબરોજની પ્રેક્ટિકાલિટીને એકત્ર લાવે છે. "ગુજરાત કળાકારીગરી અને કમર્શિયલ સ્પષ્ટતાના શક્તિશાળી સંયોજન નિર્માણ થયું છે અને આ ઉદ્યોજકતા, શાંત પચરંગીપણું અને મૂલ્યઆધારિત સંવેદનશીલતાઓ ઘરમાલિકો કરે તે ડિઝાઈનની પસંદગીઓમાં જોવા મળે છે. અમદાવાદ- ગાંધીનગર પ્રદેશમાં હવે વધુ ને વધુ એવા ઈચ્છનીય ઘરમાલિકો જેઓ અગાઉ કરતાં વધુ ડિઝાઈન સતર્ક બની ગયા છે, જે વૈશ્વિક એસ્થેટિક્સથી પ્રભાવિત હોવા સાથે વ્યવહારુ, લાંબા ગાળાની વિચારશક્તિમાં મૂળિયાં ધરાવે છે. આ સંવેદનશીલતા ડિઝાઈનકેફે સાથે ઉત્તમ રીતે સુમેળ સાધી છે, જેમાં અમારા હાર્દમાં પર્સનલાઈઝેશન અને મટીરિયલ્સ તથા ફિનિશીઝની વ્યાપક પસંદગી છે, જેથી અમે ગ્રાહકોને સ્પષ્ટતા સાથે વિવિધ કિંમતે વિકલ્પો આપી રહ્યા છે અને તેઓ તેમના પરિવાર, તેમની જીવનશૈલી અને તેમના ઘર માટે યોગ્ય મહેસૂસ કરી શકે તેવી વિશ્વસનીય પસંદગી બનાવે છે," એમ ડિઝાઈનકેફેના સહ- સંસ્થાપક અને સીઈઓ ગીતા રામાનને જણાવ્યું હતું. આ લોન્ચ એવા સમયે કરાયું છે જ્યારે અમદાવાદ- ગાંધીનગર પ્રદેશે ગિફ્ટ સિટીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વૃદ્ધિ અને વિકાસને ટેકો આપતાં એકધારી નિવાસી ગતિ જોવાનું ચાલુ રાખ્યું હોઈ સંગઠિત, પરિપૂર્ણ ઈન્ટીરિયર સમાધાન માટે માગણી પ્રેરિત કરે છે.

## બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ખર્ચ અને ભંડોળ મુદ્દે કોંગ્રેસના આક્ષેપો ફગાવ્યા

નવી દિલ્હી: મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ખર્ચ અને તેની આર્થિક સ્થિતિને લઈને ચાલી રહેલી ચર્ચાઓ પર નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) એ આકરો વળતો પ્રહાર કર્યો છે. એજન્સીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે પ્રોજેક્ટ વિશે ચાલી રહેલી વાતો માત્ર અટકળો અને પસંદગીના અર્થઘટન પર આધારિત છે, જેમાં તથ્યોનો અભાવ છે. કોંગ્રેસના કેરળ એકમ દ્વારા સોશિયલ મીડિયા પર કરવામાં આવેલા દાવાઓને નકારી કાઢતા એજન્સીએ કહ્યું કે, ખર્ચમાં વધારા અને ભંડોળના સંકટની વાતો પાયાવિહોણી છે અને પ્રોજેક્ટ તેના નિર્ધારિત માળખા મુજબ આગળ વધી રહ્યો છે.

કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે પ્રોજેક્ટનો ખર્ચ ૧.૧ લાખ કરોડ રૂપિયાથી વધીને ૧.૯૮ લાખ કરોડ રૂપિયા થયો છે અને અંતિમ ખર્ચ ૨.૫ લાખ કરોડ રૂપિયાને વટાવી શકે છે. આ અંગે સ્પષ્ટતા કરતા એનએચએસઆરસીએલ એ જણાવ્યું કે, પ્રારંભિક અંદાજ એક દાયકા પહેલા ખૂબ જ પ્રાથમિક તબક્કે તૈયાર કરવામાં આવ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, કોઈપણ મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં જ્યારે વિગતવાર ડિઝાઈન, એન્જિનિયરિંગ, જમીન સંપાદન અને બાંધકામના કોન્ટ્રાક્ટ ફાઈનલ થાય ત્યારે ખર્ચમાં સુધારો કરવો એ એક પ્રમાણભૂત પ્રક્રિયા છે. હાલના સુધારેલા અંદાજો વૈશ્વિક ધોરણો સાથે સુસંગત છે.

## ભારતમાં માત્ર ૧૮ ટકા યુવતીઓ પાસે જ પેઈડ રોજગાર જ્યારે યુવકોમાં આ દર ૭૯ ટકા

નવી દિલ્હી: ભારતમાં ઉચ્ચ શિક્ષણમાં સ્ત્રી-પુરુષ સમાનતા તરફ આપણે ડગ માંડી રહ્યા છીએ, પરંતુ રોજગારના આંકડા અત્યંત નિરાશાજનક ચિત્ર રજૂ કરે છે. સેન્ટર ફોર ફાઈનાન્સ એન્ડ ઈકોનોમિક રિસર્ચ (CFER) ના નવા વ્હાઈટ પેપર અનુસાર, ૨૦ થી ૨૯ વર્ષની વયની માત્ર ૧૮ ટકા યુવતીઓ જ પેઈડ રોજગારમાં રોકાયેલી છે, જેની સરખામણીએ આ જ વયના ૭૯ ટકા યુવકો પાસે રોજગાર છે. આ રિપોર્ટ જણાવે છે કે દેશના અડધાથી પણ ઓછા યુવાનો પાસે કામ છે, અને તેમાં પણ મહિલાઓની ઓછી ભાગીદારી આ આંતરરાજ્ય તફાવતનું મુખ્ય કારણ છે. ભારતના ટાઈમ યુઝ સર્વે (TUS) ૨૦૨૪ ના ડેટા પર આધારિત આ રિપોર્ટમાં જણાવાયું છે કે ઘણા મોટા રાજ્યોમાં ૧૦ માંથી ૧ યુવતી પાસે પણ નોકરી નથી. સૌથી ખરાબ સ્થિતિ બિહારમાં છે જ્યાં મહિલા રોજગારીનો દર માત્ર ૬.૯ ટકા છે.ગ્રીટ લેક્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના રિપોર્ટ મુજબ, ઔપચારિક અને અનૌપચારિક ક્ષેત્રમાં કામના કલાકોમાં મોટો તફાવત જોવા મળે છે. યુવકોના કામના કલાકોમાં બંને ક્ષેત્રોમાં માત્ર ૨૮ મિનિટનો જ ફેર પડે છે. પરંતુ યુવતીઓ માટે, ઔપચારિક ક્ષેત્રમાં ૬ કલાક ૫૦ મિનિટના કામના કલાકો અનૌપચારિક ક્ષેત્રમાં ઘટીને ૪ કલાક ૫૩ મિનિટ થઈ જાય છે. જોકે, દિલ્હી, તમિલનાડુ અને તેલંગાણામાં ઔપચારિક નોકરીઓમાં મહિલાઓ પુરુષોની બરાબરીએ કામ કરી રહી છે.

## ઉર્જા જોખમો અને ભારત વચ્ચે સંતુલન

### પશ્ચિમ એશિયાની કટોકટીથી ભારતની ઉર્જા સુરક્ષા સામે ગંભીર પડકાર

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં, ખાસ કરીને ઈરાન અને હોર્મુઝની સામુદ્રધુનીમાં વધી રહેલા તણાવને લીધે વૈશ્વિક બજારોમાં ઉર્જા જોખમો વધી રહ્યા છે. વૈશ્વિક બ્રોકરેજ ફર્મ જેફરીઝના તાજેતરના અહેવાલ મુજબ, તેલના વધતા ભાવ ભારત જેવા આયાત નિર્ભર દેશો માટે ટૂંકા ગાળાની મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. જોકે, અહેવાલમાં આશ્વાસન આપતા જણાવાયું છે કે ભારતની આર્થિક ગતિશીલતા અને ઘરેલું રોકાણ પ્રવાહ એટલો મજબૂત છે કે તે આ વૈશ્વિક આંચકાઓને ખમી લેવા સક્ષમ છે. છેલ્લા સપ્તાહમાં બ્રેન્ટ ક્રૂડમાં ૧૩ ટકા અને યુરોપિયન નેચરલ ગેસમાં ૫૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે, જે ભારતીય અર્થતંત્ર માટે ચિંતાનો વિષય છે.

ભારત તેની ક્રૂડ તેલની જરૂરિયાતના ૮૦ ટકાથી વધુ આયાત કરે છે, જેના કારણે તેલના ભાવમાં થતો કોઈપણ વધારો સીધો મોંઘવારીમાં પરિવર્તિત થાય છે. જેફરીઝના અહેવાલ અનુસાર, જો યુદ્ધ લાંબો સમય ચાલશે તો ભારતની ચાલુ ખાતાની ખાધ (CAD) અને રાજકોષીય સબસિડીના બોજમાં વધારો થઈ શકે છે. ખાસ કરીને રિટેલ ઈંધણના ભાવ નિયંત્રિત રાખવા માટે સરકારે વધુ નાણાં ખર્ચવા પડી શકે છે. જોકે, રોકાણકારો અત્યારે ભૌગોલિક તણાવને કામચલાઉ ગણીને તેને ખરીદીની તક તરીકે જોઈ રહ્યા છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) ઓક્ટોબર ૨૦૨૪ થી અત્યાર સુધીમાં આશરે ૩૨.૭ અબજ ડોલરના ભારતીય શેર વેચી ચૂક્યા છે. પરંતુ, આ નિકાસ સામે ઘરેલું રોકાણકારો (DII) અને સામાન્ય જનતાએ મોરચો સાંભળ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ:


SIP યોગદાન: જાન્યુઆરી ૨૦૨૬ સુધીના ત્રણ મહિનામાં સરેરાશ પ્રતિ માસ ૩૦૫ અબજ રૂપિયા (૩.૪ અબજ ડોલર) રહ્યું છે.NPS રોકાણ: નેશનલ પેન્શન સિસ્ટમ દ્વારા દર મહિને આશરે ૧.૪ અબજ ડોલરનું રોકાણ શેરોમાં થઈ રહ્યું છે.આ મજબૂત સ્થાનિક પ્રવાહે વિદેશી ભંડોળના આઉટફ્લોની અસરને નાબૂદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે અને શેરબજારના મૂલ્યાંકનને ટેકો આપ્યો છે.

### યુદ્ધની અસર | ડ્રાયફ્રૂટની આયાત પર દબાણ વધતા ભાવ વધ્યા | પશ્ચિમ એશિયાઈ યુદ્ધની અસરો બજાર પર વર્તાઈ

# પશ્ચિમ એશિયાઈ યુદ્ધના કારણે ડ્રાયફ્રૂટના ભાવમાં તોતિંગ વધારો

(એજન્સી) અમદાવાદ | તા 06

પશ્ચિમ એશિયામાં વકરેલી યુદ્ધની જ્વાળાઓ હવે ભારતીયોના રસોડા અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક સુધી પહોંચી ગઈ છે. ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચેના વધતા વૈશ્વિક તણાવના કારણે ભારતના ડ્રાયફ્રૂટ વેપાર પર ગંભીર અસર પડી રહી છે. ભારત તેની જરૂરિયાતનું મોટાભાગનું ડ્રાયફ્રૂટ ઈરાન, અફઘાનિસ્તાન અને સાઉદી અરેબિયા જેવા દેશોમાંથી આયાત કરે છે, જે અત્યારે કટોકટીનો સામનો કરી રહ્યા છે. આ અસ્થિરતાને લીધે છેલ્લા માત્ર ૪ થી ૫ દિવસમાં જ ડ્રાયફ્રૂટના ભાવમાં આસમાની ઉછાળો જોવા મળ્યો છે, જેના કારણે સામાન્ય જનતાના બજેટ ખોરવાઈ રહ્યા છે.ભારત ડ્રાયફ્રૂટની આયાત માટે પશ્ચિમ એશિયાના દેશો પર નિર્ભર છે. નટ અને ડ્રાયફ્રૂટ કાઉન્સિલના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આ વખતે પરિસ્થિતિ



| ડ્રાયફ્રૂટનું નામ | ભાવમાં વધારો (પ્રતિ કિલો/ગ્રામ) | નવો અંદાજિત ભાવ (રૂપિયામાં) |
|---|---|---|
| ઈરાની પિસ્તા | રૂ. ૨૦૦ નો ઉછાળો | ૨,૧૦૦ થી ૨,૨૦૦ |
| ખજૂર | રૂ. ૨૦ થી ૧૦૦ નો વધારો | ૧૫૦ થી ૧,૫૦૦ |
| અંજીર | રૂ. ૮૦ થી ૧૦૦ નો વધારો | ૧,૦૦૦ થી ૨,૦૦૦ |
| મમરા બદામ | રૂ. ૫૦૦ નો જંગી વધારો | ૪,૦૦૦ થી ૪,૫૦૦ |
| આયાતી કેસર | રૂ. ૧૦ પ્રતિ ગ્રામ વધારો | ૨૦૦ થી ૨૫૦ (પ્રતિ ગ્રામ) |

અગાઉની કટોકટી કરતા વધુ ગંભીર છે. પહેલા માત્ર ઈરાનથી આયાત અટકતી હતી, પરંતુ હવે સાઉદી અરેબિયા, યુએઈ અને ઈરાક જેવા દેશો પણ આ યુદ્ધની અસરમાં આવતા આખી સપ્લાય ચેઈન જોખમમાં મુકાઈ ગઈ છે. દેશમાં વાર્ષિક ડ્રાયફ્રૂટનું કુલ ટર્નઓવર આશરે ૬૦,૦૦૦ થી ૬૫,૦૦૦ કરોડ રૂપિયાનું છે, જેમાંથી ૪૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની ચીજવસ્તુઓ વિદેશથી મંગાવવામાં આવે છે. જો આ યુદ્ધ લાંબો સમય ચાલશે, તો બજારમાં ડ્રાયફ્રૂટની ભારે અછત સર્જાઈ શકે છે.બજારમાં અત્યારે ડ્રાયફ્રૂટના નવા ઓર્ડર આપવા માટે વેપારીઓ ખચકાટ અનુભવી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, વિવિધ ડ્રાયફ્રૂટના ભાવમાં થયેલો વધારો નીચે મુજબ છે:સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, માલની હેરફેર માટે વપરાતા જહાજોના રૂટ બદલાવા અને વીમા પ્રીમિયમમાં વધારો થવાને કારણે ખર્ચમાં વધારો થયો છે. ભારત પિસ્તા, અંજીર અને કેસર જેવી વસ્તુઓ માટે સંપૂર્ણપણે ઈરાન અને અફઘાનિસ્તાન પર નિર્ભર છે. જ્યારે બદામના બજાર માટે અમેરિકા પર આધાર રાખવો પડે છે. હાલની સ્થિતિ જોતા ગ્રાહકો પણ ડ્રાયફ્રૂટ ખરીદવામાં કાપ મૂકી રહ્યા છે. વેપારીઓ નવા ઓર્ડર સ્વીકારવામાં ડરી રહ્યા છે કારણ કે માલ સમયસર પહોંચશે કે કેમ તેની કોઈ ગેરંટી નથી.નિષ્ણાતો માને છે કે જો યુદ્ધની સ્થિતિ વણસશે તો આગામી દિવસોમાં ડ્રાયફ્રૂટ હજુ વધુ મોંઘા થઈ શકે છે. ખાસ કરીને આવનારા તહેવારો અને પ્રસંગોની સીઝનમાં માંગ વધશે, પરંતુ સામે પુરવઠો ઓછો હોવાથી મધ્યમ વર્ગ માટે આ મોંઘી જણસ ખરીદવી મુશ્કેલ બનશે.

# ગાંધીનગર ખાતે 'ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ ઈન ગુજરાત' પર રાષ્ટ્રીય બેઠક યોજાઈ




ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં 'ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ ઈન ગુજરાત' વિષય પર રાષ્ટ્રીય સ્તરની બેઠક યોજાઈ. ડૉ. રવિએ કહ્યું કે આપત્તિ વ્યવસ્થાપન હવે માત્ર રાહત અને પુનઃવસન સુધી સીમિત નથી, પરંતુ તેમાં નિવારણ, જાગૃતિ અને સર્વગ્રાહી આયોજનનો સમાવેશ થાય છે. રાજ્યનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના DRRના ૧૦ મુદ્દા સાથે સુસંગત છે. NDMAના સચિવ મનીષ ભારદ્વાજે આ પ્રસંગે કહ્યું કે આપત્તિ સમયે સૌથી મહત્વનું પાસું સામુદાયિક સ્વયંસેવકોની ભૂમિકા છે. ગામ-શહેરના નાગરિકોને પ્રાથમિક સારવાર, CPR અને આગ-સુરક્ષા તાલીમ આપવામાં આવવી જોઈએ, જેથી આપત્તિ સમયે પ્રથમ પ્રતિસાદ તરત મળી શકે. બેઠકમાં ફાયર બ્રિગેડ, વન વિભાગ, SDRF, NDRF, BISAG, ISR, GIDM તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા. બેઠકમાં સંકલન, ટેક્નોલોજી, ફોરેન્સિક સાયન્સ અને નાણાકીય ભંડોળનો યોગ્ય ઉપયોગ કરી રાજ્યને કુદરતી અને માનવસર્જિત આપત્તિ સામે વધુ સજ્જ બનાવવાના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. આ પહેલ ગુજરાતને દેશના અન્ય રાજ્યો માટે આપત્તિ વ્યવસ્થાપનમાં એક મૉડેલ બનાવશે અને નિયંત્રણ અને જાગૃતિના સુસંગત માળખું પ્રદાન કરશે.

# વિરાટનગરમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો, નાગરિકોને સ્થળ પર જ મળ્યા લાભ

ગાંધીનગરસંવાદદાતાવિજયવીરયાદવ

અમદાવાદના વિરાટનગર ખાતે લોટસ સ્કૂલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મધ્ય, પૂર્વ, ઉત્તર અને દક્ષિણ ઝોન માટે સંયુક્ત સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યમંત્રી દર્શનાબહેન વાઘેલાએ જણાવ્યું કે સેવા સેતુ કાર્યક્રમ વડાપ્રધાનના 'સુશાસન'ના મંત્રને સાકાર કરે છે. સરકારની વિવિધ યોજનાઓ અને સેવાઓ નાગરિકોના ઘરઆંગણે પહોંચે તે માટે આ અભિયાન મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે, જેના કારણે લોકોને સરકારી કચેરીઓના ધક્કા ખાવાની જરૂર રહેતી નથી. મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈને જણાવ્યું કે સેવા સેતુ કાર્યક્રમ પ્રજા અને પ્રશાસન વચ્ચેનું અંતર ઘટાડતો સશક્ત માધ્યમ છે. આ અભિયાન દ્વારા



છેવાડાના નાગરિકોને પણ સરકારી સેવાઓ અને યોજનાઓનો સીધો લાભ મળી રહ્યો છે. શહેરી સ્તરના અભિગમના 11મા તબક્કા હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગેની અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો તેમજ લાભાર્થીઓને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમમાં સાંસદ દિનેશભાઈ મકવાણા, ધારાસભ્ય હસમુખભાઈ પટેલ અને દિનેશસિંહ કુશવાહ, શાસક પક્ષના નેતા ગૌરાંગભાઈ પ્રજાપતિ સહિત AMCના અધિકારીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# શાહીબાગમાં SWM અને UCDના નવનિર્મિત સંકુલનું લોકાર્પણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં નાગરિક સુવિધાઓ વધુ સક્ષમ બનાવવા માટે તૈયાર કરાયેલા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (SWM) અને અર્બન કોમ્યુનિટી ડેવલોપમેન્ટ (UCD)ના નવનિર્મિત સંકુલનું લોકાર્પણ શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાના હસ્તે કરવામાં આવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જેઠાભાઈ ગાર્ડન નજીક આશરે રૂ. 5 કરોડના ખર્ચે બનેલું આ આધુનિક સંકુલ સ્વચ્છતા વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. નવી કચેરી શરૂ થતાં વિસ્તારના નાગરિકોને નગરસેવા સંબંધિત વિવિધ યોજનાઓ અને સેવાઓ વધુ સુલભ અને ઝડપી રીતે ઉપલબ્ધ થશે. આ સંકુલમાં સોલિડ



વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ઓફિસ અને સ્ટોર રૂમ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે, જ્યારે પ્રથમ માળે અર્બન કોમ્યુનિટી ડેવલોપમેન્ટ વિભાગની ઓફિસ, કોન્ફરન્સ હોલ તેમજ મુલાકાતીઓ અને સ્ટાફ માટે જરૂરી સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવી છે.

# ડીસા નજીક ડાવસ ખાતે રાજ્યની પ્રથમ હાઈટેક નર્સરી ઊભી થશે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

બનાસકાંઠાના ડીસા તાલુકાના ડાવસ ગામ ખાતે ગુજરાત રાજ્યની પ્રથમ અદ્યતન હાઈટેક નર્સરી સ્થાપિત થવા જઈ રહી છે. આશરે 13 એકર વિસ્તારમાં રૂ. 3.5 કરોડના ખર્ચે ઉભી થનારી આ નર્સરી રાજ્યમાં ગ્રીન કવર વધારવા અને દુર્લભ વનસ્પતિઓના સંરક્ષણ માટે



મહત્વપૂર્ણ પહેલ સાબિત થશે. વન અને પર્યાવરણ મંત્રી પ્રવીણભાઈ માળીના માર્ગદર્શન હેઠળ ગુજરાત વન વિભાગ તથા સામાજિક વનીકરણ વિભાગ દ્વારા હાથ ધરાયેલા આ પ્રોજેક્ટ અંતર્ગત દર વર્ષે આશરે 10 લાખથી વધુ ગુણવત્તાસભર રોપાઓનું ઉત્પાદન કરવામાં આવશે. નર્સરીમાં મિસ્ટ ચેમ્બર, જર્મિનેશન ચેમ્બર, પોલીહાઉસ અને નેટહાઉસ જેવી અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવશે, જેથી પ્રતિકૂળ આબોહવામાં પણ રોપાઓનું સુરક્ષિત અને ઝડપી સંવર્ધન શક્ય બનશે. સાથે જ અહીં સીડ બેંક અને સીડ પ્રોસેસિંગ યુનિટની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવશે, જ્યાં દુર્લભ અને મૂલ્યવાન બીજને વૈજ્ઞાનિક પદ્ધતિથી લાંબા સમય સુધી સંરક્ષિત રાખી શકાશે. માટી વગરના આધુનિક 'સોઈલ-લેસ મીડિયા' દ્વારા લુપ્તપ્રાય વનસ્પતિઓના સંવર્ધન પર પણ વિશેષ ભાર મુકવામાં આવશે. પર્યાવરણ જાગૃતિ માટે નર્સરી ઈન્ફોર્મેશન સેન્ટર પણ કાર્યરત રહેશે.

# મહીસાગર જિલ્લામાં સર્વાઈકલ કેન્સર સામે 'દીકરી સુરક્ષા કવચ' અભિયાનનો પ્રારંભ

જાગીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં દીકરીઓને જીવલેણ સર્વાઈકલ કેન્સરથી સુરક્ષિત કરવાના ઉમદા હેતુ સાથે *'સઘન HPV રસીકરણ ઝુંબેશ'*નો જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો છે. લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં કલેક્ટરશ્રીએ સ્વયં ઉપસ્થિત રહી રસી લેવા આવેલી દીકરીઓનો ઉત્સાહ વધાર્યો હતો.આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી યુવરાજ સિધાર્થ પણ વિશેષ



ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ આરોગ્ય વિભાગની આ કામગીરીને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે, ભવિષ્યમાં કેન્સર જેવી ગંભીર બીમારીઓથી બચવા માટે સમયસરનું રસીકરણ એ જ સાચું સુરક્ષા કવચ છે. આજ રોજ ૧૦ દીકરીઓએ અત્યંત ઉત્સાહપૂર્વક HPV રસીનો ડોઝ લીધો હતો. રસીકરણ બાદ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તમામ દીકરીઓને રસીકરણના પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી.ઉલ્લેખનિય છે કે, આ ઝુંબેશ અંતર્ગત ૧૪ થી ૧૫ વર્ષની વયની (જન્મ તારીખ: ૦૧/૦૧/૨૦૧૧ થી ૨૯/૦૨/૨૦૧૨) કિશોરીઓને આવરી લેવામાં આવશે. આ રસીનો માત્ર એક જ ડોઝ (૦.૫ મિલી) ડાબા હાથના સ્નાયુમાં આપવામાં આવે છે. આગામી ૩ મહિના સુધી ચાલનારા આ સઘન કાર્યક્રમમાં શાળાએ જતી અને શાળાએ ન જતી તમામ પાત્રતા ધરાવતી કિશોરીઓને રસી લેવા માટે વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. નાગરિકો આ અંગે વધુ માહિતી માટે નજીકની સરકારી હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સ્થાનિક શાળાઓનો સંપર્ક કરી શકે છે.

# જે કર ઝુલાવે પારણું તે જગ પર શાસન કરે

## વિધાતાના નવનિર્માણની કળા કૃતિ તું.. એક દિવસ તો તારા અસ્તિત્વની ઉજવણી કર તું..

૮ માર્ચનો દિવસે સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રે 1975માં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની સત્તાવાર ઉજવણી કરી હતી. ત્યારબાદ 1977માં 8 માર્ચને મહિલાઓ માટે સમર્પિત દિવસ સ્વીકારીને આ દિવસ અધિકૃત રીતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવાય છે. આ દિવસ મહિલાઓના સમાન અધિકારો અને તેમની સિદ્ધિઓને ઊજવવા તેમજ મહિલા સશક્તિકરણને આગળ ધપાવવા માટે ખાસ ગણાય છે. મહિલાઓ પ્રત્યેના ભેદભાવને દૂર કરવા માટે વિશ્વભરમાં આ દિવસ ઉજવવામાં આવે છે. આજના સમયમાં રાષ્ટ્ર અને સમાજમાં મહિલાઓ પુરુષો જેટલી જ સક્ષમ છે. આજે દરેક ક્ષેત્રમાં મહિલાઓ પોતાનું કૌશલ્ય બતાવી રહી છે અને સમાજ દેશ કુટુંબના વિકાસમાં યોગદાન આપી રહી છે. દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી નવી ઊંચાઈઓને સ્પર્શી રહી છે.મહિલા દિવસ ફક્ત મહિલાઓના સશક્તિકરણ કે સિદ્ધિઓને પ્રોત્સાહિત કરવા માટે નહીં પણ.. તમારી માતા, બહેન, સખી કે પત્નીનો આદર કરવો. સન્માન આપવું તેમજ તેમના કામની કદર કરવી એ પણ અતિ મહત્વપૂર્ણ છે. સ્ત્રી જ પ્રેમ, સમજણ અને સમર્પણથી ઘરને સ્વર્ગ બનાવે છે.

'સ્ત્રીનો કોઈ દિવસ નથી હોતો, પરંતુ દરેક દિવસ સ્ત્રીથી જ હોય છે' તમે સહેજ વિચારો કે તમારા ઘરમાં એક દિવસ કોઈ સ્ત્રીની ગેરહાજરી હોય તો ઘર કેવું ખાવા લાગે છે. સવારથી લઈને રાત સુધી આપણા દરેક કામમાં મદદરૂપ થનાર મમ્મીને આપણે તેના કામ માટે કોઈ દિવસ થેન્ક્યુ કહેતા નથી. બાળકના જન્મથી લઈને તેના બાળ ઉછેર સાથે સંસ્કારોનું સિંચન અને અભ્યાસ સિવાય અન્ય દરેક પ્રવૃત્તિમાં એક માતાનું વિશેષ યોગદાન રહેલું હોય છે કહેવાય છે કે 'એક માતા સો શિક્ષકની ગરજ સારે છે' સો શિક્ષક બરાબર સંસ્કાર શિક્ષણ અને સમજણનો સમન્વય એક માતા જ કરાવે છે. ઘર પરિવારની દેખરેખ સાર સંભાળ અને પરિવારના દરેક સભ્યોની ઈચ્છાઓ પૂરી કરવામાં એક સ્ત્રી પોતાનો સંપૂર્ણ



જીવતર ખર્ચી નાખે છે. પરિવારના દરેક સભ્યોની ઈચ્છાઓ સંતોષાય તે માટે પોતાની કેટલીય ઈચ્છાઓ રજૂ કરતી નથી. ઘરની દરેક સ્ત્રી તેના ઘરકામ માટે કોઈ દિવસ મહેનતાણું માંગતી નથી તેમ છતાંય તેના કામની નોંધ પણ લેવાતી નથી. બદલામાં ફક્ત માંગે છે તો વહાલના બે વેણ અને સ્વાભિમાન. ધન્ય છે એ દરેક સ્ત્રીત્વને જે અપાર સહનશક્તિ સાથે પરિવારના માળાને એક તાંતણે બાંધીને રાખે છે.

'નારી તું નારાયણી' ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને પુરુષ કરતાં પણ ઊંચા સ્તરનું સ્થાન આપવામાં આવ્યું છે. વેદો, ઉપનિષદો અને લોક કથાઓમાં સ્ત્રીની શક્તિ, બલિદાન, સમર્પણ અને સંગ્રામ ના કેટલાય પ્રસંગો છે. સ્ત્રી એ માત્ર જીવતી શક્તિ નથી, પણ સંસ્કારો અને સહનશક્તિનો સચોટ પ્રતિબિંબ છે. આજે જ્યારે સ્ત્રીઓ શિક્ષણ કારકિર્દી અને આર્થિક સ્વતંત્રતા માટે પ્રયત્નશીલ છે ત્યારે કુટુંબ અને સમાજના મૂળ સંસ્કારોને પણ જાળવી રાખીને સફળતાના શિખરો સર કરી રહી છે. જે કર ઝુલાવે પારણું તે જગ પર શાસન કરે એ ઉક્તિ ખરા અર્થમાં ચરિતાર્થ કરી બતાવી છે. અતિ સંવેદનશીલ અને લાગણી સભર હૈયું ધરાવનાર સ્ત્રીઓ આજે અનેક ક્ષેત્રોમાં ચમકી રહી છે. લડાકુ વિમાનો ઉડાવવાથી લઈને દેશના રાષ્ટ્રપતિ તરીકે વહીવટ કરી રહ્યા છે. બાળકને હાલરડુ ગાઈને સુવડાવનાર સ્ત્રીઓ દુશ્મનના ઘરમાં ઘૂસીને દુશ્મનનો ઠાર કરી રહી છે. જ્યાં જ્યાં સ્ત્રીઓને તક મળી છે ત્યાં ત્યાં પોતાનું અસ્તિત્વ સાબિત કરી બતાવ્યું છે. સ્ત્રીના અસ્તિત્વની ઉજવણી ફક્ત એક દિવસ પૂરતી નહીં પરંતુ દરેકે દરેક દિવસે થવી જોઈએ. તમારા ઘરની દરેક સ્ત્રીઓ, તમારી આસપાસની દરેક બહેન દીકરીઓ, તેમજ તમારી સાથે ઓફિસ કે અન્ય કામકાજમાં જોડાયેલ દરેક સ્ત્રીઓનું આદર સન્માન આપવું એજ ખરા અર્થમાં મહિલા દિવસની ઉજવણી છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની દરેક માતાઓ બહેનો સખીઓને ખુબ ખુબ શુભકામનાઓ સાથે શુભેચ્છાઓ.

'ઓ સ્ત્રી.. શક્તિ છે તું.. સ્વ કર્મે સક્ષમ છે તું,
અબલા નહીં.. લાચાર નહીં.. યુગ નિર્માણક છે તું,
સૂર્ય જેવી તેજસ્વી, ચંદ્ર જેવી શીતળ,
પર્વત જેવી અડગ,
ઓ સ્ત્રી શક્તિ છે તું..

-નંદની વાસાણી
દેશલપર (ભુજ)

# પીવાના પાણી માટે પોકાર:-પગાર ન મળતા હંગામી કર્મચારીઓ હડતાળ પર, જનજીવન પ્રભાવિત.

ડાંગ | ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના અંતરિયાળ ગામડાઓમાં છેલ્લા કેટલાક દિવસોથી પીવાના પાણીની ગંભીર કટોકટી સર્જાઈ છે.સુબીર તાલુકાના કાંગર્યામાળ (બરડા ફળિયું, ભેદ ફળિયું) અને જારસોલ ગામમાં પીવાના પાણીનો સપ્લાય સંપૂર્ણપણે ઠપ્પ થઈ જતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.આ મામલે આજે સોશિયાલિસ્ટ યુનિટી સેન્ટર ઓફ ઈન્ડિયા (કમ્યુનિસ્ટ) એટલે કે SUCI (C) ની ડાંગ જિલ્લા સાંગઠનિક કમિટી દ્વારા મામલતદાર સુબીરને લેખિતમાં આવેદનપત્ર પાઠવી તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, જારસોલ પાણી પુરવઠા યોજના અંતર્ગત આ ગામોમાં પાણી પહોંચાડવામાં આવતુ હતુ.પરંતુ આ યોજનામાં કાર્યરત કર્મચારીઓને છેલ્લા બે મહિનાથી માસિક પગાર ભથ્થુ ચૂકવવામાં આવ્યુ નથી.વ્યાજબી વેતનની માંગ સાથે આ કર્મચારીઓ છેલ્લા ૪ થી ૫



દિવસથી હડતાળ પર ઉતરી ગયા છે.જેના કારણે પાણી પુરવઠો ખોરવાયો છે.પાણી વગર માત્ર મનુષ્યો જ નહીં પરંતુ અબોલ પશુઓની હાલત પણ દયનીય બની છે. ઉનાળાની શરૂઆતે જ પીવાના પાણીની આટલી મોટી અછત સર્જાતા ગ્રામજનોમાં ભારે હાલાકી પડી રહી છે. જારસોલ અને કાંગર્યામાળના વિવિધ ફળિયાઓમાં પીવાના પાણીની તીવ્ર તંગી વરતાઈ રહી છે.

# જૂનાગઢ જિલ્લામાં ઈંધણની અછત અંગેનો દુષ્પ્રચાર પાયાવિહોણો: વહીવટી તંત્ર દ્વારા અફવાઓથી દૂર રહેવા જાહેર જનતાને અપીલ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૬ હાલની પ્રવર્તમાન સ્થિતિ ધ્યાને લઈ વાહનના ઈંધણ જેમ કે, પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી ગેસ તથા એલ.પી.જી ગેસની અછત ઉપસ્થિત થયેલ છે અથવા તો અછત ઉપસ્થિત થનાર હોવાનો લોકોમાં દુષ્પ્રચાર થયેલ છે. આ સંદર્ભે વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, હાલ જૂનાગઢ જિલ્લામાં આવી કોઈ પરિસ્થિત ઉપસ્થિત થયેલ નથી કે ઉપસ્થિત થવાનો હાલ કોઈ સંભવ નથી. જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર તથા જિલ્લા કલેકટરશ્રી દ્વારા આ બાબતે સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. હાલ આવી કોઈ પરિસ્થિતિ સર્જાયેલ નથી. જેથી આવા દુષ્પ્રચારથી લોકોએ અળગા રહેવું. પેટ્રોલ, ડીઝલ કે વાહનમાં વપરાત અન્ય ઈંધણ/પેટ્રોલીયમ પદાર્થની સંગ્રહખોરી કરવી કે, કાળાબજારી કરવી એ સજાને પાત્ર ગુન્હો છે. જો કોઈ ઈસમ આવી કોઈ ગેરકાયદેસર પ્રવૃતિ હાથ ધરશે અથવા તો આવી કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિમાં મદદગારી કરશે, તો તેની સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ તથા આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબતના અધિનિયમ-૧૯૮૦ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમ એક યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢના કેશવ ઉપનગર ખાતે યોજાશે વિરાટ હિન્દુ સંમેલન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૬ ભારત સહિત વિશ્વમાં વ્યાપ સનાતન હિન્દુ સંપ્રદાયો દ્વારા વિશ્વ લેવલે હિન્દુ સંમેલનનું આયોજન થઈ રહ્યું છે ત્યારે ગુજરાત સહિત આખા દેશની અંદર હિંદુ સંમેલનનું આયોજન પણ થઈ રહ્યું છે ત્યારે તપોભૂમિ એવી જૂનાગઢ ખાતે વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં કેશવ ઉપનગર ખાતે આવતાં રવિવારે એટલે કે તા.૮/૩/૨૬ના રોજ સાંજે ૬ વાગ્યે જૂનાગઢના મોતીબાગ પાસે આવેલા પંચશીલ-મહાલક્ષ્મી સોસાયટીના કોમન ગ્રાઉન્ડમાં યોજશે.

# જૂનાગઢ જિલ્લાની બહેનો માટે ઘરગથ્થુ બેકરી વાનગીઓ શીખવાની ઉત્તમ તક

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૬ ઘરમાં જ શુદ્ધ અને સાત્વિક બેકરી વાનગીઓ બનાવતા શીખવા માંગતી બહેનો માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા એક સુવર્ણ તક પૂરી પાડવામાં આવનાર છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી હસ્તકની બેકરી શાળા દ્વારા આગામી એપ્રિલ, મે અને જૂન માસ દરમિયાન એક અઠવાડિયાના વિશેષ તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.આ તાલીમ બેકરી શાળા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે યોજાશે.

# ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે કૃષિ મેળો- અને પ્રાકૃતિક કૃષિ પ્રદર્શન યોજાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૬ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા અને પ્રાકૃતિક કૃષિના ક્ષેત્રમાં નવા આયામો સર્જાય તે માટે આજે જૂનાગઢ ખાતે કૃષિ કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ યોજના તથા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે કૃષિ મેળો- પ્રાકૃતિક કૃષિ પ્રદર્શન યોજાયું હતું, જેમાં જિલ્લાના પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો મોટી સંખ્યામાં સહભાગી બન્યા હતા. શહેરના સરદાર બાદ નજીક આવેલા લઘુ કૃષિ ભવન ખાતે આયોજિત આ કૃશી મેળામાં પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોએ પોતાના ઉત્પાદનોનું નિદર્શન પણ કર્યું હતું.

# રાજુલામાં પોલીસ પરિવાર દ્વારા રંગોના ઉત્સવ ને કાયદા વ્યવસ્થા ની રખેવાળી સાથે ધૂળેટી પર્વની ઉજવણી કરી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને સાથોસાથ કાયદા ની રખેવાળી સાથે હોળી-ધૂળેટીના પર્વને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા સવારથી જ કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. શહેરમાં બપોરે ૧૨ વાગ્યા સુધી શાંતિપૂર્ણ રીતે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે સાથે બંદોબસ્ત જાળવ્યા બાદ રાજુલા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ પરિવાર દ્વારા ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી.આ ઉજવણીમાં રાજુલા પોલીસ સ્ટેશનનો સમગ્ર સ્ટાફ જોડાયો હતો. પોલીસ અધિકારીઓ અને જવાનો એકબીજાને રંગ લગાવી ધૂળેટીના પર્વની કાયદા ની રખેવાળી સાથે આનંદભેર ઉજવણી કરી હતી.આ પ્રસંગે રાજુલા પીઆઈ શ્રી કોલાદરા સહિત પોલીસ સ્ટાફના ભરતભાઈ વાળા, રાણાભાઈ વરુ બહાદુરભાઈ વાળા હરપાલસિલ ગોહિલ રેદેવસિંહ સરવૈયા પીએસઆઈ જાની શ્રી રાઠોડ અને અન્ય પોલીસ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પંચાત રસ



- રુપાલી દવે

જો "પકોડા અને પંચાત" નો પ્રાદુર્ભાવ આ દુનિયામાં ન થયો હોત તો "ન્યૂઝ પેપર,ન્યૂઝ ચેનલ અને ફેમસ મેગેઝીન" વાળા નો જન્મ ન થયો હોત. જ્યારે વડાપ્રધાન નું પદ જંગી બહુમતી સાથે મોદીજી એ પ્રાપ્ત કર્યું ત્યારે ન્યૂઝ ચેનલો વચ્ચે રીતસરની એના ઈન્ટરવ્યુ માટે રસાકસી જોવા મળી હતી. ગુજરાતી લોકોને રસાકસી કે સ્પર્ધા માં પડવું ખાસ પસંદ નથી એટલે તો યુ.પી.એસ.સી ની પરીક્ષાઓ ગુજરાતીઓથી ઓછી ક્રેક થાય છે. જો ભાઈ નસીબ માં હતું એ મળ્યું નથી મળ્યું એનો અફસોસ કરવા કરતા મળ્યું છે એમાં જલ્સા મારો..આ કારણોસર મોદીજી એ બધીજ ન્યૂઝ ચેનલો ને ઈન્ટરવ્યુ આપ્યો હતો. વિવિધ ચેનલો માં પત્રકારો જોડે વાત કરતા કરતા મોદીજી એ પોતાની સ્ટાઈલ માં માર્મિક સ્માઈલ કરતા કીધું પણ હતું કે મિત્રો,જમાનો બદલાઈ ગયો છે એટલે ન્યૂઝ ચેનલો માં બદલાવ જરૂરી સમજો.સમજું છું પત્રકારો ની પીડા ને પોતાની પરવા કર્યા વગર ગલી કૂચે થી સમાચાર એકઠા કરતા હોય છે.આજ થી અત્યાર થી વચન આપું છું કે પાંચ વર્ષ ના કાર્યકાળ દરમિયાન પત્રકારો એ ગલી કૂચે ન્યૂઝ શોધવા જવું પડશે નહી, ટુ મિનિટ મેગીની માફક ન્યૂઝ ચેનલો ને સમાચાર સ્ટુડિયો માં બેઠા બેઠા મળી જશે.ખરેખર સાત આઠ વર્ષ દરમિયાન માં બે ચાર દેશો ના યુદ્ધ, દલ બદલ સાથે પક્ષ વિપક્ષ વગેરે પોલિટિકલ અને જીઓ ન્યૂઝ માં ન્યૂઝ મીડિયા એટલું ઓતપ્રોત થઈ ગયુ છે ને કે બિહાર ના મુખ્યમંત્રી નીતીશજી એ મુખ્ય મંત્રી પદ છોડવાનો નિર્ણય કર્યો આ સમાચાર પ્રથમ દૃષ્ટિ એ પણ અફવા લાગી હતી.

મારા જેવા નવા સવા પ્રેસ કાર્ડ મળ્યા ના ઉમંગ માં ન્યૂઝ એંકર ને પ્રશ્ન પૂછવાની ભૂલ કરી બેઠા. આપણે બિન્દાસ એટલે ખૂબ સુરત ન્યૂઝ એંકર ને પૂછ્યું કે ન્યૂઝ ચેનલો અને પેપરો ને સ્ટુડિયો માં બેઠા બેઠા સમાચાર મળી જશે તો ગલી કૂચા ની સમસ્યા ને કોણ વાચા આપશે? ન્યૂઝ એંકર એ મારા સામે ઘૂરકી ને ખિચડી સીરિયલ ની માફક હંસા વોટ ઈઝ? મુદ્રા રજૂ કરી.છોડો ને આપણા ને શું પંચાત? જુવો ભાઈલા,આપણે ન્યૂઝ ચેનલો જોતા નથી,કેમ? ન્યૂઝ ચેનલો ની ચર્ચાઓ માં થતી ઉગ્ર ચર્ચાઓ માં રાડારાડી ના લીધે મારું નાજુક દિલ ધડકવા નું બંધ કરી દેશે તો..દિલ બંધ થયું તો ઘરના મેનેજમેન્ટ કામ ચોરો ના હાથ માં આવશે ને એ લોકો ઘર ને કબાડ ખાનું કરી દેશે. આ ચિંતા માં મારું મન ખીચડી સીરિયલ ના પ્રફુલ ની માફક ઈડિયટ થઈ જતા વગર પવારે દોહ્યા કરે છે.આપણા ને દિલ અને મગજ નું બેલેન્સ ગુમાવવું ન પોસાય એટલે બેઠક ખંડ માં ટીવી પર ચાલતી હોલી ના રંગારંગ કાર્યક્રમ જેવી બેકાબૂ રાડારાડ થી અંતર રાખીએ છીએ.

હોળી ધૂળેટી નો તહેવાર એ શિવરાત્રિ ના તહેવાર ની જેમજ ભાંગ વગર અધૂરો સમજો, કેમ? રંગો ના નશા માં ભાંગ નો નશો ચડે તો હોળી હૈ ને બદલે હોલી નો માહોલ બનતા વાર લાગતી નથી. વર્તમાન સમયનો પહેવેશ "ભેળસેળ" છે એટલે પ્રાકૃતિક કલર માં ભેળસેળ ને લીધે સ્ત્રીઓ સાથે પુરુષોના માથા પર પણ હોલી ના કલર ની છાપ ને લીધે સેંથી પૂરેલી દેખાશે.સોસાયટી ના કામ ચલાઉ સેક્રેટરી અને ટ્રેઝરર એ વીસ પચીસ છેલ બાટાઉ સભ્યો સાથે "ભાંગ વિથ હોળી" ના કાર્યક્રમ નું આયોજન કર્યું. ભાંગ ના આયોજનની પાછળ નો મુખ્ય ઈરાદો પોતપોતાની "બૈરી ઓને ભાંગ પાઈ ને ટલ્લી" કરવાનો હતો,કેમ? બૈરા નિંદ્રાધીન થઈ જાય તો વિના રોક ટોક મુક્ત પંખી બની ને ભાઈબંધો સાથે દિવસભર ક્લબ માં જઈને આઈ પી એલ મેચ નો આનંદ માણી શકાય. પંચાત માં એવી મોટી પંચાત થઈ શકે છે એનો સ્વપ્નેય ખ્યાલ નહતો..

સોસાયટી પર લાઉડ સ્પીકર મોટા અવાજે "કિતના મજા આ રહા હૈ તુને પાની મેં ભાંગ મિલાઈ" વગેરે બાજુ ની સોસાયટી ને સંભળાઈ એ રીતે હોલી રોમેન્ટિક વાગવા લાગ્યા.પ્રાકૃતિક કલર થી લઈને સમોસા સુધી ની બધી જ એરેન્જમેન્ટ સોસાયટી કંપાઉન્ડ મધ્યે થઈ ગઈ. હોલી રસીયા બાળકો, પુરુષો, યુવાનિયાઓ સોસાયટી મેદાન માં એકઠા થઈ ગયા હતા પણ હોલી ની પારંપરિક રસોઈ બનાવવામાં મોટાભાગ ના બૈરા ઓ વ્યસ્ત હતા. દિવાળી હોય કે હોલી નો તહેવાર બૈરા ની હાજરી વગર બેરંગ લાગે છે. કલાક બાદ રસોડા ને બાય બાય બોલી બૈરાંઓ પધારતા જ હોલી નો માહોલ ધીમે ધીમે બનવા લાગ્યો.

અચાનક હોલી ના શોરગુલ વચ્ચે સોસાયટી ના બકરા જેવા મોઢા વાળા સેક્રેટરી એ કાળી જાડી ફ્રેમ ના ચશ્મા ઊંચા નીચા કરીને "હોલી ખેલ્યા બાદ ભાંગ ના કાર્યક્રમ" ની જાહેરાત કરતા કોલાહલ વધી ગયો. ભાંગ ના કાર્યક્રમ ની જાહેરાત થતાંજ બૈરા મંડળ માં આનંદ આનંદ વ્યાપી ગયો.બધા એ આનંદિત ચહેરે એકબીજા ને કીધું કે બે દિવસ ના તહેવાર ની તૈયારીઓ માં ખૂબ થાક્યા છીએ. હઈશ ભાંગ પીધા બાદ બેત્રણ દિવસ ની નિરાંત,સવારે વહેલા ઉઠવાની માથાકુટ નહી ને ઘેલાઓની મગજ મારી માંથી શાંતિની રાહત.

રંગોત્સવ રંગારંગ કાર્યક્રમ ના અંતે ભાંગ નું આગમન થતા જ ઉટ ની જેમ ગરદન ઊંચી નીચી કરતા મુખ્ય ભાંગ ના આયોજક એ માઈક પરથી કહ્યું કે માર્ચ મહિનો એ મહિલા દિવસ નો ગણાય એટલે લેડીઝ ફર્સ્ટ. બૈરાઓનું મન મગજ એ ભાંગ અને દારૂ કરતા પણ બેત્રણ ડગલા આગળ હોય છે એટલે એને ભાંગ ને પણ નિરુત્સાહી કરી નાખે છે.બૈરા મંડળ એ તો મનભરી ને ભાંગ નો આનંદ ભરપુર માણ્યો એને જોઈને પુરુષ વર્ગ એ પણ હરખ માં ને હરખ માં એના માટે અલગ થી ઓર્ડર કરેલ "ભાંગ નું દૂધિયું" ની મજા માણવા લાગ્યા.

ભાંગ પ્રકરણ વીત્યા ને બે ત્રણ દિવસ બાદ અચાનક નિંદ્રાધીન સોસાયટી ના કામચલાઉ સેક્રેટરી આળસ મરડીને પાથરી માં બેઠા થયા. આંખ ખોલતા જ એની સુંદર બૈરી ના મુખ પર ખડખડાટ હાસ્ય ના દીદાર કરતા જ મનોમન બોલ્યા કે લે આતો અમારા થી મોટો અનર્થ થયો અનર્થ..ગડબડ..ગડબડ.. મણિયા ના કામ માં ક્યારેય ભલીવાર થાય જ નહી..કીધું હતુ ગાંડાલાલ ને કે અક્કલ વાળા ને ભાંગ લેવા મોકલજો. ભગવાન!ખબર નથી કે ત્રણ દિવસ ના ભાંગ ના નશામાં શું લવારો કર્યો હશે? કાશ!!મારી ચુડેલ ની સામે ભાંગરો વાટયો ન હોય તો સારું..ભૂલ થી પણ ભૂલમાં.. ના ના આપણા નું લફરું નથ.અલ્યા!! આતો આપણા બધાનો ફજેતો થઈ ગયો..કામચલાઉ સેક્રેટરી ની બૈરી એ હસતાં હસતા પૂછ્યું કે પતિદેવ,આ હંસલી કોણ છે? તમે ગયા મહિને એને ૫૦,૦૦૦ કેમ આપ્યા હતા? લફરું છે કે પછી અલગ પ્રકરણ છે જે હોય તે પત્ની સબંધે જાણવું મારા માટે જરૂરી છે."હંસલી પ્રકરણ" કોણ હંસલી? ૫૦૦૦૦ રૂપિયા..મેતો કોઈને આપ્યા નથી..હા!!યાદ આવ્યું સોસાયટી ની મિત્ર મંડળી સાથે રાજસ્થાન ગયો હતો ત્યારે સામૂહિક ખર્ચ પેટે રિસોર્ટ ના મેનેજર વાલમ હંસલી ને ૫૦૦૦૦ આપ્યા હતા પણ મારી બૈરી નો નેચર શંકાશીલ છે એટલે હંસલી પુરુષ છે એ વાત માનવાની.. કદાચ.. નથી.

બાપ!!ભોળાના ભગવાન આમજ થોડું કીધું છે.. ભાંગ વાળા ને ત્યાં હોલી ના પર્વ નિમિતે સવાર થી લોકોની ભીડ વધારે હતી. બે ડ્રમ ભરીને સોસાયટી માં ભાંગ પોંહચે એ પહેલાં ભાંગ વાળા ના માણસથી ભૂલમાં ગડબડ થઈ જતા એણે સ્ટ્રોંગ ભાંગ ના ડ્રમ પર દુધિયાનું સ્ટીકર અને દૂધિયા ભાંગના ડ્રમ પર સ્ટ્રોંગ ભાંગનું સ્ટીકર લગાવી દીધું હતું. ગડબડ ભાંગવાળા ની ને એમાં ત્રણ દિવસ બાદ સોસાયટી ના દરેક ફ્લેટ માં રમખાણ મચી ગઈ..

પંચાત.. પંચાત..પંચાત ના પકોડા માંજ આનંદ આનંદ છે..

# જાહેર આરોગ્યને મજબૂત બનાવવું: સસ્તી અને ગુણવત્તાયુક્ત જેનરિક દવાઓ માટે જન ઔષધિ પરિયોજનાનું વ્યૂહાત્મક ઉત્ક્રાંતિ

જન ઔષધિ સસ્તી પણ, વિશ્વસનીય પણ – આરોગ્યની વાત, બચત સાથે

કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો સાચો માપદંડ ઘણીવાર તેના નાગરિકો આરોગ્ય જેવી પાયાની જરૂરિયાતો કેટલી સરળતાથી મેળવી શકે છે તેના પરથી પ્રતિબિંબિત થાય છે. દાયકાઓ સુધી, દવાઓનો ઊંચો ખર્ચ ભારતમાં લાખો લોકો માટે સ્વાસ્થ્ય અને સુખાકારીના માર્ગમાં મોટો આર્થિક અવરોધ બની રહ્યો હતો. આ સંદર્ભમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની પહેલ 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના' (PMBJP), જે બ્રાન્ડેડ દવાઓની તુલનામાં નોંધપાત્ર રીતે ઓછી કિંમતે ગુણવત્તાયુક્ત જેનરિક દવાઓ પૂરી પાડે છે, તેણે જાહેર આરોગ્ય સંભાળમાં રહેલી મહત્વપૂર્ણ ખામીને દૂર કરીને ગહન અને વ્યવસ્થિત પરિવર્તન લાવ્યું છે.



શ્રી જગત પ્રકાશ નડ્ડા
કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ તથા ખાતર મંત્રી

વૈશ્વિક સ્તરે, જેનરિક દવાઓ સુલભ આરોગ્યસંભાળ પ્રણાલીઓનો મૂળભૂત આધારસ્તંભ છે. તેઓ વિશ્વભરના ડોકટરો દ્વારા સૂચવવામાં આવતી બધી દવાઓના આશરે 80-90% હિસ્સો ધરાવે છે અને આવશ્યક દવાઓની પહોંચ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જોકે જેનેરિક દવાઓ પેકેજિંગ, લેબલિંગ અને નિષ્ક્રિય ઘટકોના સંદર્ભમાં અલગ હોઈ શકે છે, અભ્યાસોએ દર્શાવ્યું છે કે આ તફાવતો તેમની ઉપચારાત્મક અસરકારકતાને અસર કરતા નથી. જેનરિક દવાઓ ડોઝ, સલામતી, શક્તિ, ગુણવત્તા અને હેતુપૂર્વકના ઉપયોગની દ્રષ્ટિએ બ્રાન્ડેડ દવાઓની સમકક્ષ છે અને ઉત્પાદન અને ગુણવત્તાના સમાન કડક ધોરણોનું પાલન કરે છે.

PMBJP એ માત્ર છૂટક વેચાણ માટેનો હસ્તક્ષેપ નથી; તે ભારતની આરોગ્ય પ્રણાલીના માળખાકીય સુદ્રઢીકરણનું પ્રતિનિધિત્વ કરે છે. આ બાબત આ વર્ષના જન ઔષધિ સપ્તાહની થીમ "જન ઔષધિ સસ્તી પણ, ભરોસાપાત્ર પણ, સ્વાસ્થ્યની વાત, બચતની સાથે" માં પ્રતિબિંબિત થાય છે.

# રાજ-ડીકેની નવી ફિલ્મમાં સલમાન ખાન બનશે નિવૃત્ત થતો સુપરહીરો

## એપ્રિલ 2026 સુધીમાં સ્ક્રીપ્ટ પૂરી થવાની શક્યતા, નવેમ્બરમાં ફિલ્મનું શૂટિંગ શરૂ થશે

(એજન્સી) મુંબઈ તા.06

બોલિવૂડના સુપરસ્ટાર સલમાન ખાન ટૂંક સમયમાં એક અનોખા સુપરહીરો પાત્રમાં જોવા મળી શકે છે. સમાચાર છે કે ફિલ્મ નિર્માતા જોડી રાજ-ડીકે તેની આગામી ફિલ્મ માટે સલમાન ખાન સાથે વાતચીત કરી રહી છે. આ ફિલ્મ સુપરહીરો સ્ટાઈલ પર આધારિત હશે, પરંતુ તેની સ્ટોરી પરંપરાગત સુપરહીરો ફિલ્મોથી ઘણી અલગ હોવાનું કહેવાય છે.

બોલિવૂડ હંગામાના રિપોર્ટ અનુસાર, ફિલ્મની સ્ટોરી એક એવા સુપરહીરોની આસપાસ ફરે છે જે દુનિયાને વારંવાર બચાવતા-બચાવતા થાકી ગયો છે અને હવે પોતાની જવાબદારીઓમાંથી નિવૃત્ત થવા માંગે છે. તે સામાન્ય જીવન જીવવા માંગે છે અને સુપરહીરોની ઓળખથી દૂર રહેવા માંગે છે.

પરંતુ સંજોગો તેને તેમ કરવા દેતા નથી અને વારંવાર એવી ઘટનાઓ સામે આવે છે, જે તેને ફરીથી એક્શનમાં પાછા ફરવા મજબૂર કરે છે. સ્ટોરીમાં એક મોટા સંઘર્ષ તરફ આગળ વધતો પ્લોટ દર્શાવવામાં આવશે, જેમાં કોમેડી અને સુપરહીરો ડ્રામાનું મિશ્રણ હશે.

સૂત્રો અનુસાર, આ ફિલ્મ સ્ટાઈલની સુપરહીરો શક્તિશાળી હીરો માંગે છે, પરંતુ કરી દે છે. એવું કહેવામાં કોન્સેપ્ટ હોલિવૂડ ફિલ્મ 'હેન્કોક'ની જેમ એક અનોખી અને થોડી અલગ સ્ટોરી હોઈ શકે છે. તેમાં એક થાકેલો-હારેલો પણ દર્શાવવામાં આવશે, જે જવાબદારીઓથી ભાગવા આખરે સંજોગો તેને ફરીથી હીરો બનવા મજબૂર



આવી રહ્યું છે કે સલમાન ખાનને આ ફિલ્મનો પસંદ આવ્યો છે, પરંતુ તેણે હજુ અંતિમ હા નથી કહી. એક્ટર ઈચ્છે છે કે પહેલા પૂરી સ્ક્રિપ્ટ તૈયાર થાય અને ફિલ્મનું બજેટ પણ સંતુલિત રાખવામાં આવે. સલમાન કોઈ ખૂબ મોંઘા સુપરહીરો પ્રોજેક્ટમાં કામ કરવાના મૂડમાં નથી, તેથી તેણે નિર્માતાઓને કહ્યું છે કે સ્ટોરી અને બજેટ બંનેને યોગ્ય રીતે વિકસાવવામાં આવે.

રિપોર્ટ્સ અનુસાર, એપ્રિલ 2026માં સલમાન ખાનને ફિલ્મની પૂરી સ્ક્રિપ્ટ સંભળાવવામાં આવી શકે છે. જો બધું નિર્ધારિત યોજના મુજબ થયું, તો ફિલ્મનું શૂટિંગ નવેમ્બર 2026થી શરૂ થવાની સંભાવના છે. આ પ્રોજેક્ટને મિથ્રી મૂવી મેકર્સ અને રીલ લાઈફ એન્ટરટેઈનમેન્ટ મળીને પ્રોડ્યુસ કરી શકે છે.



# બાલાજી ટેલિફિલ્મ્સ વિવાદ પર રાજ શાંડિલ્યનું નિવેદન

## કોન્ટ્રાક્ટ વિવાદ વચ્ચે આરોપોને પાયાવિહોણા ગણાવ્યા, કહ્યું- 'ભાગમ ભાગ 2' નિર્ધારિત યોજના મુજબ આગળ વધશે...

(એજન્સી) મુંબઈ તા.06



ફિલ્મમેકર રાજ શાંડિલ્ય અને બાલાજી ટેલિફિલ્મ્સ વચ્ચે આ દિવસોમાં કોન્ટ્રાક્ટને લઈને વિવાદ ચર્ચામાં છે. આ દરમિયાન રાજ શાંડિલ્યએ એક નિવેદન જારી કરીને પોતાના પર લગાવવામાં આવી રહેલા આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે અને કહ્યું છે કે તેની આગામી ફિલ્મ 'ભાગમ ભાગ 2' નિર્ધારિત યોજના મુજબ આગળ વધી રહી છે.

રાજ શાંડિલ્યએ કહ્યું કે તેણે પોતાના કોન્ટ્રાક્ટ હેઠળ કાનૂની અધિકારોનો ઉપયોગ કરીને બાલાજી ટેલિફિલ્મ્સ સાથે પોતાની વ્યવસ્થા સમાપ્ત કરવાની નોટિસ જારી કરી હતી. તેના મતે, આ નોટિસ જારી થયાને બે અઠવાડિયાથી વધુ સમય થઈ ગયો છે. જો કંપનીને આ નિર્ણયને પડકારવા માટે કોઈ નક્કર આધાર લાગતો હોત, તો તે સિવિલ કોર્ટનો સંપર્ક કરી શકી હોત, પરંતુ અત્યાર સુધી આવી કોઈ કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી.

ડિરેક્ટરનું કહેવું છે કે હવે તેની વિરુદ્ધ અતિશયોક્તિભર્યા અને પાયાવિહોણા ગુનાહિત આરોપો લગાવવામાં આવી રહ્યા છે. તેણે તેને દબાણ બનાવવાનો પ્રયાસ ગણાવતા કહ્યું કે તેને પોતાની કાનૂની સ્થિતિ પર પૂરો ભરોસો છે અને કોઈપણ આરોપનો જવાબ તે કાનૂની પ્રક્રિયા હેઠળ આપશે.

આ વિવાદ કથિત રીતે તે કોન્ટ્રાક્ટ સાથે જોડાયેલો છે જે રાજ શાંડિલ્યાએ બાલાજી ટેલિફિલ્મ્સની ચીફ એકતા કપૂરની કંપની સાથે કર્યો હતો. રિપોર્ટ્સ અનુસાર, આ ડીલ હેઠળ તેમને ત્રણ ફિલ્મોનું નિર્દેશન કરવાનું હતું. આરોપ છે કે ત્રીજી ફિલ્મ પૂરી કર્યા વિના જ તેણે અન્ય પ્રોજેક્ટ્સ પર કામ શરૂ કરી દીધું, જેમાં 'ભાગમ ભાગ 2' પણ સામેલ છે.

બીજી તરફ, રાજ શાંડિલ્યનું કહેવું છે કે તેમણે નિયમો હેઠળ જ આ કરાર સમાપ્ત કર્યો છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે 'ભાગમ ભાગ 2'ની યોજનામાં કોઈ ફેરફાર થયો નથી અને ફિલ્મનું કામ નિર્ધારિત શેડ્યૂલ મુજબ આગળ વધશે.

નિર્દેશકે ફિલ્મ અને ક્રિએટિવ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા લોકોને પણ અપીલ કરી કે તેઓ આ મામલે અપનાવવામાં આવી રહેલી દબાણની પદ્ધતિઓ પર ધ્યાન આપે અને ભવિષ્યમાં વ્યાવસાયિક ભાગીદારી નક્કી કરતી વખતે પોતાનો અભિપ્રાય જાતે બનાવે.

ફિલ્મ 'ભાગમ ભાગ' વર્ષ 2006માં રિલીઝ થયેલી એક કોમેડી ફિલ્મ હતી. તેનું નિર્દેશન જાણીતા ફિલ્મમેકર પ્રિયદર્શન દ્વારા કરવામાં આવ્યું હતું. ફિલ્મમાં અક્ષય કુમાર, ગોવિંદા અને લારા દત્તા જેવા કલાકારો જોવા મળ્યા હતા.

હવે આ ફિલ્મની સિક્વલ 'ભાગમ ભાગ 2' બનાવવામાં આવી રહી છે. આ વખતે ફિલ્મનું નિર્દેશન રાજ શાંડિલ્ય કરી રહ્યા છે. ફિલ્મમાં ફરી એકવાર અક્ષય કુમાર અને પરેશ રાવલ જેવા કલાકારો હોવાની ચર્ચા છે. મેકર્સ આ સિક્વલને પહેલા ભાગની જેમ સંપૂર્ણ કોમેડી અને મનોરંજનથી ભરપૂર બનાવવાની યોજના બનાવી રહ્યા છે.

# નાગ ચૈતન્ય ફિલ્મ 'વૃષકર્મા'ની ઈવેન્ટમાં ધડામ દઈને પડ્યો...!



(એજન્સી) મુંબઈ તા.06

એક્ટર નાગ ચૈતન્ય તેની આગામી ફિલ્મ 'વૃષકર્મા'ના પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન એક અકસ્માતથી માંડ-માંડ બચ્યો. નાગ ચૈતન્ય જ્યારે સ્ટેજ પર રાખેલી ખુરશી પર બેસવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે ખુરશીનો એક પાયો અચાનક વળી ગયો, જેના કારણે તે બેલેન્સ ગુમાવીને સ્ટેજ પરથી નીચે પડી ગયો. આ ઘટના પ્રેસ મીટ શરૂ થવાના બરાબર પહેલા બની હતી. ઘટનાના તરત જ બાદ ત્યાં હાજર લોકો તેમની મદદ માટે આગળ આવ્યા. જોકે, નાગ ચૈતન્ય કોઈ પણ મદદ વગર તરત જ ઊભા થઈ ગયો. આ ઘટના પર હસતો પણ જોવામાં મળ્યો. આયોજકોના મતે, ઘટનામાં તેને કોઈ ઈજા થઈ ન હતી અને થોડા સમય પછી કાર્યક્રમ ફરીથી શરૂ કરવામાં આવ્યો. ફિલ્મ 'વૃષકર્મા'નું ટીઝર (જેને મેકર્સે 'ફર્સ્ટ ગ્લિમ્પ્સ' કહ્યું છે) 5 માર્ચે રિલીઝ કરવામાં આવ્યું છે. આ એક માયથોલોજિકલ એડવેન્ચર થ્રિલર ફિલ્મ છે, જેમાં નાગ ચૈતન્ય મુખ્ય ભૂમિકામાં છે. ટીઝરની શરૂઆત એક એવા વ્યક્તિથી થાય છે, જેના પર કોઈ દુષ્ટ શક્તિનો કબજો બતાવવામાં આવ્યો છે. તે એક એવા વ્યક્તિનું ચિત્ર બનાવે છે, જેની આંખ બહાર નીકળેલી છે. ચિત્ર પૂરું થયા પછી તેના મોંમાંથી ચામાચીડિયા જેવું જીવ નીકળે છે, જે આગળ તે જ રીતે એક વ્યક્તિની હત્યા કરતો બતાવવામાં આવ્યો છે, જેવું ચિત્રમાં દર્શાવવામાં આવ્યું હતું. વીડિયોમાં વૉઈસઓવર સંભળાય છે- "જ્યારે એક અનોખી શક્તિ જાગે છે અને દુનિયા પોતાના હેતુથી ભટકી જાય છે, ત્યારે કિસ્મત પોતાનો રસ્તો જાતે જ પસંદ કરી લે છે." તેમાં જયરામ, મીનાક્ષી ચૌધરી અને નાગ ચૈતન્યના પાત્રોની ઝલક પણ બતાવવામાં આવી છે. મેકર્સ અનુસાર, મીનાક્ષી ચૌધરી ફિલ્મમાં 'દક્ષા'નું પાત્ર ભજવી રહી છે, જ્યારે જયરામ 'પ્રોફેસર રંગનાથ'ની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનું નિર્દેશન કાર્તિક દાંડુ કરી રહ્યા છે. તેને BVSN પ્રસાદ અને સુકુમાર અનુક્રમે શ્રી વેંકટેશ્વર સિને ચિત્રા અને સુકુમાર રાઈટિંગ્સના બેનર હેઠળ પ્રોડ્યુસ કરી રહ્યા છે. ફિલ્મની વાર્તા સુકુમારે લખી છે. સિનેમેટોગ્રાફી નીલ ડી કુન્હાએ કરી છે, સંગીત અજનીશ લોકનાથે આપ્યું છે. એડિટિંગ નેશનલ એવોર્ડ વિજેતા એડિટર નવીન નૂલી કરી રહ્યા છે, જ્યારે આર્ટ ડિરેક્શન શ્રી નાગેન્દ્ર તંગાલાએ કર્યું છે.

# 'ધુરંધર'થી ડરી, હવે વરુણની ફિલ્મ સાથે ક્લેશ 'ટોક્સિક'એ ડેવિડ ધવનની મુશ્કેલી વધારી




(એજન્સી) મુંબઈ તા.06

સાઉથ સુપરસ્ટાર યશની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ટોક્સિક: એ ફેરી ટેલ ફોર ગ્રોન-અપ્સ'ની રિલીઝ ડેટ બદલાવવાથી બોલિવૂડમાં નવો બોક્સ ઓફિસ ક્લેશ ઊભો થયો છે. પહેલાં આ ફિલ્મ માર્ચમાં રિલીઝ થવાની હતી, પરંતુ હવે તેની નવી રિલીઝ ડેટ 4 જૂન 2026 નક્કી કરવામાં આવી છે. આ બદલાવને કારણે હવે ફિલ્મની ટક્કર સીધી વરુણ ધવનની ફિલ્મ 'હે જવાની તો ઈશ્ક હોના હૈ' સાથે થવાની છે, જેનાથી ઈન્ડસ્ટ્રીમાં હલચલ મચી ગઈ છે.

પહેલાં 'ટોક્સિક'ની રિલીઝ 19 માર્ચ 2026ના રોજ નક્કી હતી અને તે જ દિવસે રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' પણ રિલીઝ થવાની હતી. ટ્રેડ એક્સપર્ટ્સ માની રહ્યા હતા કે બે મોટી ફિલ્મોનું એક સાથે આવવું બોક્સ ઓફિસ પર નુકસાનકારક સાબિત થઈ શકે છે. આ જ કારણોસર ટોક્સિકના મેકર્સે રિલીઝ ડેટ આગળ વધારવાનો નિર્ણય લીધો.

જણાવાયું કે મિડલ ઈસ્ટમાં ચાલી રહેલી પરિસ્થિતિઓને કારણે પણ ફિલ્મના રિલીઝને મુલતવી રાખવાનો નિર્ણય લેવાયો હતો. મેકર્સ ઈચ્છતા હતા કે ફિલ્મને ગ્લોબલ માર્કેટમાં સારા માહોલમાં રિલીઝ કરવામાં આવે. તેથી માર્ચને બદલે જૂનમાં નવી રિલીઝ ડેટ નક્કી કરવામાં આવી.

જોકે, આ નિર્ણયથી એક નવો ક્લેશ ઊભો થયો. હવે 'ટોક્સિક' 4 જૂને રિલીઝ થશે, જ્યારે વરુણ ધવનની રોમેન્ટિક-કોમેડી ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' પણ આ જ સમયે સિનેમાઘરોમાં આવવાની છે. આ ફિલ્મ પહેલાથી જ આ તારીખની આસપાસ રિલીઝ માટે લોક હતી, તેથી તેના મેકર્સ આ અચાનક બનેલા ક્લેશથી ખુશ નથી જણાવાઈ રહ્યા.

'હે જવાની તો ઈશ્ક હોના હૈ'નું નિર્દેશન ડેવિડ ધવન કરી રહ્યા છે અને તેમાં વરુણ ધવન સાથે મૃણાલ ઠાકુર અને પૂજા હેગડે પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મ એક હળવી-ફુલવી રોમેન્ટિક કોમેડી હોવાનું કહેવાય છે, જેને ફેમિલી ઓડિયન્સને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે.

બોલિવૂડ હંગામાના રિપોર્ટ્સ અનુસાર, વરુણ ધવનની ફિલ્મની ટીમને આ ક્લેશની જાણકારી પહેલા નહોતી. એવું કહેવાય છે કે તેમને 'ટોક્સિક'ની નવી રિલીઝ ડેટ વિશે ત્યારે ખબર પડી જ્યારે યશે સોશિયલ મીડિયા પર તેની જાહેરાત કરી.

# ગોવિંદાએ કહ્યું- 'ડેવિડ ધવન વફાદાર નથી':'કરિયર માટે મામલો ખતરનાક લાગ્યો તો અંતર બનાવી લીધું'; 'વરુણ સાથે તેવી ફિલ્મો બનાવવી મુશ્કેલ'

(એજન્સી) મુંબઈ તા.06

90ના દાયકામાં બોલિવૂડને ઘણી સુપરહિટ કોમેડી ફિલ્મો આપનાર ગોવિંદા અને ડેવિડ ધવનની જોડીની કડવાશ ફરી એકવાર સામે આવી છે. ગોવિંદાએ તાજેતરમાં ઈન્ડિયા ટુડેને આપેલા એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે ડેવિડ ધવન તેમના પ્રત્યે વફાદાર નહોતા.

ગોવિંદાના મતે, જ્યારે તેમને લાગ્યું કે મામલો હવે તેમની કારકિર્દી માટે ખતરનાક બની રહ્યો છે, ત્યારે તેમણે આ જોડીથી દૂર રહેવાનું જ યોગ્ય માન્યું. ગોવિંદાએ કહ્યું- મને એવું લાગે છે કે ડેવિડ તેમના પુત્ર વરુણ સાથે એવી ફિલ્મો નહીં કરી શકે જેવી તેમણે મારી સાથે કરી હતી.

ઈન્ટરવ્યૂમાં ગોવિંદાએ કહ્યું કે 'ડેવિડ ધવન પોતાના કામ પ્રત્યે તો ઈમાનદાર હતા, પરંતુ એક મિત્ર અને એક્ટર તરીકે વફાદાર રહ્યા નહીં. તેમણે આગળ કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વફાદારીનું ખૂબ મહત્વ છે. જો તમારી વફાદારી કોઈ બીજા



પ્રત્યે હોય, તો ઈમાનદારી પર સવાલ ઉઠશે જ. મને ક્યારેય ન લાગ્યું કે તેઓ કોઈ અજાણ્યા છે, પરંતુ મને અનુભવાયું કે કેટલાક લોકો તેમને મારા વિરુદ્ધ ભડકાવી રહ્યા હતા.'

ગોવિંદાએ જણાવ્યું કે એક સમય એવો આવ્યો જ્યારે તેમને લાગ્યું કે હવે વસ્તુઓ હાથમાંથી નીકળી રહી છે. તેમણે કહ્યું, મને લાગ્યું કે આ મામલો હવે ખતરનાક બની ગયો છે, તેથી તેમાંથી બહાર નીકળવું જ યોગ્ય છે. વર્ષ 2007માં ફિલ્મ 'પાર્ટનર' માટે આ જોડી ફરીથી સાથે આવી હતી. ગોવિંદાએ જ ડેવિડને સલાહ આપી હતી કે આ ફિલ્મમાં સલમાન ખાનને સાથે લેવામાં આવે. ફિલ્મ બ્લોકબસ્ટર રહી, પરંતુ તે પછી બંનેએ ફરી ક્યારેય સાથે કામ કર્યું નહીં.

ગોવિંદા અને ડેવિડ વચ્ચેની તિરાડ ત્યારે વધુ ઊંડી બની જ્યારે 2013માં 'ચશ્મે બદ્દૂર'ની રીમેક બની. ગોવિંદાનો દાવો છે કે આ ફિલ્મનો આઈડિયા તેમણે જ ડેવિડને આપ્યો હતો, પરંતુ ડેવિડે તેમને જાણ કર્યા વિના ફિલ્મ બીજા કોઈ સાથે બનાવી લીધી. ગોવિંદાએ કહ્યું કે જ્યારે તેમણે પોતાની 18મી ફિલ્મ સાથે કરવા માટે ડેવિડને ફોન કર્યો, ત્યારે ડિરેક્ટરે તેમને કોઈ જવાબ આપ્યો નહીં.

# કરણવીર બોહરાના પિતા અને પ્રોડ્યુસર મહેન્દ્ર બોહરાનું નિધન

(એજન્સી) મુંબઈ તા.06

એક્ટર કરણવીર બોહરાના પિતા અને ફિલ્મ નિર્માતા મહેન્દ્ર બોહરાનું નિધન થયું છે. તેમના નિધનની જાણકારી પુત્ર કરણવીરે સોશિયલ મીડિયા દ્વારા આપી. મહેન્દ્ર બોહરા લાંબા સમયથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા હતા. તેમણે નિર્માતા તરીકે 'તેજા' અને 'પ્યાર કા કર્ઝ' જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું.

કરણવીરે બુધવારે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને પોતાના પિતાને યાદ કર્યા. તેમણે લખ્યું, "લવ યુ ડેડ. હું તમને શબ્દો કરતાં પણ વધુ યાદ કરીશ. જેણે પણ પોતાના માતા-પિતા ગુમાવ્યા છે, તે જાણે છે કે આ પીડા કેવી હોય છે, પરંતુ આ દુઃખની વચ્ચે મને સંતોષ છે કે તમે એક સારું અને ભરપૂર જીવન જીવ્યા."

તેમણે આગળ લખ્યું, "તમે હંમેશા કહેતા હતા કે તમે આ દુનિયામાંથી શાંતિથી અને કોઈ પણ તકલીફ વગર જવા માંગો છો. એવું જ થયું. તમે મજબૂત હતા અને તમે હંમેશા તમારી શરતો પર જીવન જીવ્યા."

કરણવીર બોહરાએ જણાવ્યું કે તેમના પિતાએ તેમને જીવનની ઘણી મહત્વપૂર્ણ વાતો શીખવી. તેમણે કહ્યું, "તમે મને અને દીદીને શીખવ્યું કે પરિસ્થિતિ ગમે તેટલી મુશ્કેલ હોય, આશા છોડવી ન જોઈએ. જો પડીએ તો ફરીથી ઊભા થવું જોઈએ. જીવનને ઉત્સાહ અને સકારાત્મકતા સાથે જીવવું જોઈએ."

# ઈરાની એક્ટ્રેસ મંદાના ભારત છોડશે! : કહ્યું- ઈન્ડિયાએ દગો આપ્યો, કામ મળવાનું બંધ થઈ ગયું

(એજન્સી) મુંબઈ તા.06

ઈરાની એક્ટ્રેસ મંદાના કરીમીએ ભારત છોડવાનો નિર્ણય કર્યો છે. 25 વર્ષથી બોલિવૂડમાં કામ કરી રહેલી મંદાનાનું કહેવું છે કે ભારતે દગો આપ્યો છે અને હવે અહીં અવાજ દબાવવામાં આવી રહ્યો છે. તેણે પોતાનો બધો સામાન પેક કરી લીધો છે અને ઈરાનમાં જેવો વર્તમાન શાસનનો અંત આવશે, તે પોતાના દેશ પાછી ફરશે.

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધમાં 28 ફેબ્રુઆરીના રોજ થયેલા મિસાઈલ હુમલાઓ પછી ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીનું મૃત્યુ થયું હતું. મંદાનાએ સોશિયલ મીડિયા પર આ મૃત્યુ પર ખુશી વ્યક્ત કરી હતી અને ઈરાની શાસનની સખત ટીકા કરી હતી. આ વિરોધ પછીથી મંદાનાને ભારતમાં વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે.

બોલિવૂડ હંગામાને આપેલા ઈન્ટરવ્યુમાં મંદાનાએ પોતાનું દર્દ વ્યક્ત કરતાં કહ્યું કે, છેલ્લા બે મહિનામાં મને મુંબઈમાં ખૂબ જ એકલતા અનુભવાઈ. ઈરાનના પક્ષમાં બોલવા અને વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેવાને કારણે મેં મારા ઘણા જૂના મિત્રો ગુમાવી દીધા. મને એવું લાગી રહ્યું છે કે ભારતે એક રીતે મને દગો આપ્યો છે. જાન્યુઆરી 2026થી મને કામ મળવાનું બંધ થઈ ગયું છે અને મારા જૂના કોન્ટ્રાક્ટ પણ રદ કરી દેવામાં આવ્યા છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## ડી ગુકેશ પ્રાગ ચેસ ફેસ્ટિવલ ડ્રો સાતમા રાઉન્ડમાં પણ જીતની શોધ જારી

### ● વર્લ્ડ ચેમ્પિયન ચેસ ટુર્નામેન્ટ પ્રદર્શન અત્યારે ચિંતાજનક



(એજન્સી) પ્રાગ | તા. 06

ચેક રિપબ્લિકની રાજધાની પ્રાગમાં યોજાઈ રહેલા પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ચેસ ફેસ્ટિવલમાં વિશ્વ વિજેતા ડી. ગુકેશ માટે મુશ્કેલ સમય યથાવત છે. ટુર્નામેન્ટના સાતમા રાઉન્ડમાં ઈરાનના પરહામ મઘસુદલૂએ ભારતીય સ્ટાર ખેલાડીને ડ્રો પર રોકી દીધો હતો. આ સાથે જ ગુકેશની પ્રથમ જીત મેળવવાની રાહ વધુ લંબાઈ છે. હવે ટુર્નામેન્ટમાં માત્ર બે રાઉન્ડ બાકી છે અને ગુકેશ માત્ર બે પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં સૌથી નીચેના સ્થાને છે, જે ચેસ જગત માટે આશ્ચર્યજનક બાબત છે. સાતમા રાઉન્ડના મુકાબલામાં ગુકેશે બ્લેક પીસ સાથે 'બર્લિન ડિફેન્સ' અપનાવીને પોતાની સ્થિતિ મજબૂત રાખવાનો પ્રયાસ કર્યો હતો. ઈરાની ખેલાડીએ પણ રમતને લાંબો સમય સુરક્ષિત રાખવાનું વલણ અપનાવ્યું હતું. ૪૯ ચાલના અંતે બંને ખેલાડીઓ પોઈન્ટ વહેંચવા સંમત થયા હતા. મીડિયા અહેવાલ મુજબ, અત્યાર સુધીમાં ગુકેશ ચાર મેચ ડ્રો કરવામાં સફળ રહ્યો છે, જ્યારે ત્રણ મેચમાં તેને પરાજયનો સામનો કરવો પડ્યો છે. વિશ્વના સૌથી નાની વયના વર્લ્ડ ચેમ્પિયન માટે આ ટુર્નામેન્ટમાં પોતાની રમતની રણનીતિ પર પુનઃવિચાર કરવાનો સમય પાકી ગયો છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન અરવિંદ ચિદમ્બરમે સાતમા રાઉન્ડમાં ઉઝબેકિસ્તાનના નોદિરબેક યાકુબ્બોવ સામે ડ્રો રમીને પોતાની સ્થિતિ જાળવી રાખી છે.

## ICC ચેરમેન અને જેએન્ડકે ક્રિકેટ ટીમ મુલાકાત દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ચર્ચા

નવી દિલ્હી | ભારતીય ઘરેલુ ક્રિકેટના ઈતિહાસમાં પ્રથમ વખત રણજી ટ્રોફીનો ખિતાબ જીતીને જમ્મુ-કાશ્મીરની ટીમે નવો કિર્તીમાન સ્થાપિત કર્યો છે. આ ઐતિહાસિક જીત બાદ જમ્મુ-કાશ્મીર રણજી ટીમના સભ્યોએ ICC ચેરમેન જય શાહની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ટીમે પ્રદેશમાં ક્રિકેટના વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવા બદલ જય શાહના યોગદાનની મુક્ત મને પ્રશંસા કરી હતી અને વહીવટી સપોર્ટ માટે આભાર વ્યક્ત કર્યો હતો. જમ્મુ-કાશ્મીરે ફાઈનલ મેચમાં કર્ણાટક જેવી મજબૂત ટીમને હરાવીને ટ્રોફી પોતાના નામે કરી છે. મેચના પાંચમા દિવસે જમ્મુ-કાશ્મીરની ટીમે બીજી ઈનિંગમાં ૪ વિકેટે ૩૪૨ રન બનાવીને કુલ લીડ ૬૩૩ રન સુધી પહોંચાડી દીધી હતી. કેપ્ટન પારસ ડોગરાના નેતૃત્વમાં ટીમે અદભૂત રમતનું પ્રદર્શન કર્યું હતું, જેના કારણે મેચ ડ્રોમાં પરિણમી હોવા છતાં પ્રથમ ઈનિંગની લીડના નિયમ મુજબ જમ્મુ-કાશ્મીર ચેમ્પિયન બન્યું હતું.

## વેસ્ટ ઈન્ડિઝ ટીમ ભારત ફસાઈ યુદ્ધ અસર હેઠળ સ્વદેશ પરત ફરવા માટે વલખાં

કોલકાતા | પશ્ચિમ એશિયામાં ભભૂકી રહેલા યુદ્ધની ભીષણ જ્વાળાઓની અસર હવે રમતજગત પર પણ વર્તાઈ રહી છે. ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2026 માંથી બહાર થયા બાદ વેસ્ટ ઈન્ડિઝની ટીમ ભારતમાં ફસાઈ હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે. સુપર-8 રાઉન્ડમાં ભારત સામેની હાર બાદ કેરેબિયન ટીમે સ્વદેશ પરત ફરવાનું હતું, પરંતુ દુબઈ એરપોર્ટ બંધ થવાને કારણે અને અનેક દેશોની એરસ્પેસ પર પ્રતિબંધ લાગવાને કારણે વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ છેલ્લા પાંચ દિવસથી ભારતમાં જ અટવાયા છે. વેસ્ટ ઈન્ડિઝ ટીમના હેડ કોચ ડેરેન સેમીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોતાની નારાજગી વ્યક્ત કરતા લખ્યું હતું કે, "મારે બસ હવે ઘરે જવું છે. કોઈ તો અપડેટ આપો, કંઈક તો જણાવો." સેમીએ વધુમાં ઉમેર્યું કે પાંચ દિવસ વીતી ગયા હોવા છતાં તેમની મુસાફરી અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. જોકે, તાજેતરના અહેવાલ મુજબ સેમીને સ્વદેશ જવા અંગે કેટલાક સકારાત્મક સંકેતો મળતા તેમણે રાહતનો શ્વાસ લીધો છે, પરંતુ ટીમ હજુ પણ લોજિસ્ટિકલ પડકારોનો સામનો કરી રહી છે. યુદ્ધને કારણે હજારો ફ્લાઈટ્સ રદ થતા ટ્રાન્ઝિટ રૂટ્સ ખોરવાયા છે. ઝિમ્બાબ્વેની ટીમ પણ આવી જ સ્થિતિમાં ફસાઈ હતી.



# સંજુ સેમસન ટી૨૦ વર્લ્ડ કપ નોમિનેશન ભારતનો એકમાત્ર ખેલાડી રેસમાં



(એજન્સી) નવી દિલ્હી | તા. 06

આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ હવે તેના અંતિમ પડાવ પર છે, ત્યારે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' માટેના દાવેદારોની યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં ભારત તરફથી માત્ર સંજુ સેમસનનું નામ સામેલ કરવામાં આવ્યું છે, જે ભારતીય ક્રિકેટ ચાહકો માટે ગર્વની વાત છે. આઠ ખેલાડીઓની આ પ્રતિષ્ઠિત યાદીમાં સેમસન એકમાત્ર ભારતીય છે, જ્યારે ફાઈનલિસ્ટ ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકાના બે-બે ખેલાડીઓને સ્થાન મળ્યું છે.

### સેમસનનો વિસ્ફોટક અંદાજ અને સાતત્ય

સંજુ સેમસને આ ટુર્નામેન્ટમાં માત્ર ૪ મેચ રમી હોવા છતાં ૨૩૨ રન બનાવીને સૌનું ધ્યાન ખેંચ્યું છે. તેની ૭૭.૩૩ની સરેરાશ અને ૨૦૧.૭૩નો આક્રમક સ્ટ્રાઈક રેટ તેની ક્ષમતાનો પુરાવો આપે છે. મીડિયા અહેવાલ મુજબ, વેસ્ટ ઈન્ડિઝ સામેની સુપર ૮ મેચમાં અણનમ ૯૭* રન અને સેમીફાઈનલમાં ૮૯ રનની તેની ઈનિંગ્સે ભારતને મજબૂત સ્થિતિમાં મૂક્યું હતું. સતત બે મેચમાં 'પ્લેયર ઓફ ધ મેચ' એવોર્ડ જીતીને તેણે પોતાની દાવેદારી મજબૂત બનાવી છે.

### વૈશ્વિક સ્તરે ખરાખરીનો જંગ

યાદીમાં પાકિસ્તાનના સાહિબજાદા ફરહાનનું નામ પણ મોખરે છે, જેણે ૭ મેચમાં ૩૮૩ રન બનાવીને એક જ એડિશનમાં સૌથી વધુ રનનો રેકોર્ડ બનાવ્યો છે. આ ઉપરાંત ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર વિલ જેક્સ, દક્ષિણ આફ્રિકાના લુન્ગી એન્ગિડી અને એડન માર્કરામ તેમજ ન્યૂઝીલેન્ડના રચિન રવિન્દ્ર અને ટિમ સીફર્ટ પણ આ રેસમાં સામેલ છે. અમેરિકાના બોલર શેડલી વાન શલ્કવિકે પણ ૪ મેચમાં ૧૩ વિકેટ ઝડપીને આ યાદીમાં આશ્ચર્યજનક સ્થાન મેળવ્યું છે.

### નિર્ણાયક ફાઈનલ અને એવોર્ડની જાહેરાત

પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો ખિતાબ કોણ જીતશે તેનો નિર્ણય રવિવારે યોજાનારી ફાઈનલ બાદ લેવામાં આવશે. ભારત ભલે ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાયું હોય, પરંતુ સંજુ સેમસનનું આ વ્યક્તિગત પ્રદર્શન ભારતીય ક્રિકેટ માટે આશાનું કિરણ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઓનલાઈન વોટિંગ અને એક્સપર્ટ પેનલના આધારે વિજેતાની જાહેરાત કરવામાં આવશે.

# ભારત-ઓસ્ટ્રેલિયા મહિલા ટેસ્ટ નવી ખેલાડીઓ સાથે ટીમ

(એજન્સી) પર્થ | તા. 06



અને ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમો વચ્ચે રમાઈ રહેલી એકમાત્ર ઐતિહાસિક ટેસ્ટ મેચમાં ભારતીય ટીમે નવો ઈતિહાસ રચ્યો છે. પર્થના પ્રખ્યાત 'વાકા' (WACA) મેદાન પર શરૂ થયેલા આ પિંક બોલ ટેસ્ટમાં ભારતે એકસાથે ચાર યુવા ખેલાડીઓને પદાર્પણની તક આપી છે. આ મેચ ઓસ્ટ્રેલિયાની દિગ્ગજ ખેલાડી એલિસા હીલી માટે પણ અત્યંત ભાવુક ક્ષણ છે, કારણ કે તે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની છેલ્લી મેચ રમી રહી છે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

ભારતીય સુકાની હરમનપ્રીત કૌરે ટીમમાં મોટા ફેરફારો કરતા ચાર નવા ચહેરાઓને સ્થાન આપ્યું છે. બેટિંગમાં ત્રીજા ક્રમે પ્રતિકા રાવલને તક અપાઈ છે, જ્યારે બોલિંગ વિભાગમાં કાશ્મી ગૌતમ, ક્રાંતિ ગૌડ અને સાયલી સતઘરે જેવી યુવા ફાસ્ટ બોલરોની ત્રિપુટીને મેદાને ઉતારવામાં આવી છે. મીડિયા અહેવાલ મુજબ, ભારત બે સ્પિનરો અને ત્રણ ફાસ્ટ બોલરોની વ્યૂહરચના સાથે ઓસ્ટ્રેલિયન બેટરોને પડકારવા તૈયાર છે. હરમનપ્રીતે જણાવ્યું હતું કે વન-ડે શ્રેણીમાં મળેલી હાર બાદ ટેસ્ટમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવું ટીમ માટે અત્યંત મહત્વનું છે. ઓસ્ટ્રેલિયન કેપ્ટન એલિસા હીલીએ ટોસ જીતીને જણાવ્યું હતું કે પિચ બેટિંગ માટે અનુકૂળ હોવા છતાં તેઓ તેમની યુવા ફાસ્ટ બોલિંગ બ્રિગેડ દ્વારા શરૂઆતની ઓવરોમાં ફાયદો ઉઠાવવા માંગે છે. પોતાની અંતિમ મેચ અંગે હીલીએ પરિવાર અને મિત્રોનો આભાર માન્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઓસ્ટ્રેલિયા હાલમાં મલ્ટી-ફોર્મેટ શ્રેણીમાં ૪-૨ થી આગળ છે, તેથી આ ટેસ્ટ મેચ શ્રેણીનું પરિણામ નક્કી કરવામાં નિર્ણાયક સાબિત થશે.

પર્થનું મેદાન હંમેશા તેની ઝડપ અને ઉછાળવાળી પિચ માટે જાણીતું છે. ભારતીય ઓપનર સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માએ ભારતને મજબૂત શરૂઆત અપાવવાની જવાબદારી સંભાળવી પડશે. આ પિંક બોલ ટેસ્ટ ડે-નાઈટ હોવાથી કૃત્રિમ પ્રકાશમાં રમત વધુ રસપ્રદ બનશે.

# દિલ્હી કેપિટલ્સ IPL રણનીતિ આકિબ અને સ્ટાર્ક મચાવશે કહેર

(એજન્સી) નવી દિલ્હી | તા. 06



ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) 2026 ની મોસમ શરૂ થવાને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે દિલ્હી કેપિટલ્સ (DC) ના કેમ્પમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. ટીમની નવી બોલિંગ જોડી અને બેટિંગ ઓર્ડરને લઈને મુખ્ય કોચ હેમાંગ બદામીએ પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો છે. ખાસ કરીને જમ્મુ-કાશ્મીરના યુવા સ્પીડ સ્ટાર આકિબ નબી ડાર અને ઓસ્ટ્રેલિયન દિગ્ગજ મિશેલ સ્ટાર્કની જોડી આ વખતે વિરોધી ટીમના બેટ્સમેનો માટે કાળ સાબિત થઈ શકે છે. કોચ બદામીના મતે, આ જોડી આઈપીએલના ઈતિહાસની સૌથી વિધ્વંસક પેસ એટેક સાબિત થશે.

તાજેતરમાં જ રણજી ટ્રોફીમાં જમ્મુ-કાશ્મીરને ઐતિહાસિક વિજય અપાવનાર આકિબ નબી અત્યારે શાનદાર ફોર્મમાં છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આકિબે રણજી ટ્રોફીની 10 મેચોમાં માત્ર 12.56 ની સરેરાશથી 60 વિકેટ ઝડપીને 'પ્લેયર ઓફ ધ સીરીઝ'નો ખિતાબ જીત્યો હતો. હેમાંગ બદામીએ મીડિયા અહેવાલ દ્વારા જણાવ્યું કે, "અમે આકિબની પ્રતિભાને ખૂબ વહેલી ઓળખી લીધી હતી. તે એક એવો ખેલાડી છે જે પોતાનું લોહી-પરસેવો એક કરીને બોલિંગ કરે છે. મને ગર્વ છે કે તે અમારી ટીમનો હિસ્સો છે." આકિબની ખાસિયત એ છે કે તે લાંબા સ્પેલ નાખવાથી ડરતો નથી અને તેની લાઈન-લેન્થ અત્યંત સચોટ છે.

દિલ્હી કેપિટલ્સ માટે અત્યારે સૌથી મોટી મૂંઝવણ કેએલ રાહુલના બેટિંગ ક્રમને લઈને છે. શું રાહુલ ઓપનિંગ કરશે કે મધ્યમ ક્રમમાં ફિનિશરની ભૂમિકા ભજવશે? આ પ્રશ્નના જવાબમાં કોચ બદામીએ સ્વીકાર્યું કે, "આ ખરેખર એક મિલિયન ડોલરનો પ્રશ્ન છે. અમે હજુ સુધી આ અંગે કોઈ અંતિમ નિર્ણય લીધો નથી. આગામી એક અઠવાડિયામાં અમે પરિસ્થિતિ જોઈને નક્કી કરીશું કે રાહુલ કયા ક્રમે બેટિંગ કરશે." ભારત માટે વન-ડેમાં મધ્યમ ક્રમમાં સફળ રહ્યા બાદ રાહુલ દિલ્હી માટે કયા રોલમાં જોવા મળશે તેના પર સૌની નજર છે.

દિલ્હી કેપિટલ્સ પાસે આ વખતે ડેવિડ મિલર, ટ્રિસ્ટન સ્ટબ્સ અને આશુતોષ શર્મા જેવા ધાકડ ફિનિશર્સ છે. જોકે, આઈપીએલના નિયમ મુજબ માત્ર 4 વિદેશી ખેલાડીઓ જ રમી શકે છે, જે કોચ માટે માથાનો દુખાવો બની શકે છે. બદામીના જણાવ્યા મુજબ, "અમારી પાસે ગુણવત્તાયુક્ત વિદેશી વિકલ્પો છે, તેથી અંતિમ ઈલેવનની પસંદગી વિરોધી ટીમ અને મેદાનની સ્થિતિ પર આધારિત રહેશે.

અમે દરેક મેચ માટે અલગ રણનીતિ સાથે મેદાનમાં ઉતરીશું." ડેવિડ મિલરના અનુભવનો લાભ લેવા માટે ટીમ મેનેજમેન્ટ આતુર છે. ગયા વર્ષે દિલ્હીની ટીમ પાંચમા ક્રમે રહી હતી અને પ્લેઓફમાં પહોંચતા રહી ગઈ હતી. આ વખતે ભૂતકાળની ભૂલો સુધારીને ટીમ ચેમ્પિયન બનવા માંગે છે.

# લિયોનેલ મેસ્સી લીગ કપ મેક્સિકો પ્રથમ વખત મેક્સિકન ધરતી પર રમશે

(એજન્સી) લોસ એન્જલસ | તા. 06

ફૂટબોલની દુનિયાના મહાન ખેલાડી લિયોનેલ મેસ્સીના ચાહકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. વર્ષ ૨૦૨૬માં યોજાનારા 'લીગ કપ'ની ચોથી આવૃત્તિમાં મેસ્સીની ટીમ ઈન્ટર મિયામી મેક્સિકન ધરતી પર રમે તેવી શક્યતા છે. આ ટુર્નામેન્ટના ઈતિહાસમાં પ્રથમ વખત કેટલીક મેચો મેક્સિકોમાં રમાવાની છે. ૪ ઓગસ્ટથી ૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી આ ટુર્નામેન્ટમાં મેજર લીગ સોકર (MLS) ની ૧૮ ક્લબો અને મેક્સિકોની લિગા MX ની ૧૮ ટીમો વચ્ચે ખરાખરીનો જંગ જામશે.

### ઈન્ટર મિયામીનું શિડ્યુલ અને નવું સ્ટેડિયમ

૨૦૨૩માં આ ટુર્નામેન્ટ જીતી ચૂકેલી ઈન્ટર મિયામી ટીમ તેના નવા નકોર 'નુ સ્ટેડિયમ' (Nu Stadium) માં પ્રથમ તબક્કાની ત્રણ મેચો રમશે. આ સ્ટેડિયમ એપ્રિલ ૨૦૨૬માં ખુલ્લું મુકવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, મેસ્સીની ટીમ ૫ ઓગસ્ટે એટ્લેટિકો ડી સાન લુઈસ સામે પોતાની સફર શરૂ કરશે. ત્યારબાદ ૮ ઓગસ્ટે મોન્ટેરી અને ૧૨ ઓગસ્ટે ક્લબ લિયોન સામે મેદાનમાં ઉતરશે. ૨૦૨૫માં રનર-અપ રહેલી મિયામીની ટીમ આ વખતે ફરી ટ્રોફી જીતવા માટે પ્રબળ દાવેદાર માનવામાં આવે છે.

### મેક્સિકોની ધરતી પર ફૂટબોલનો જંગ

આ ટુર્નામેન્ટની સૌથી ખાસ વાત એ છે કે પ્રથમ તબક્કાની ૫૪ મેચોમાંથી ૪ મેચો મેક્સિકોમાં રમાશે. ટોલુકા ખાતે સીએટલ સાઉન્ડર્સ અને એફસી ડલ્લાસ વચ્ચે મુકાબલો થશે. ૧૧ ઓગસ્ટે ટાઈગ્રેસની ટીમ જર્મન સ્ટાર થોમસ મુલરની આગેવાની હેઠળની વાનકુવર વ્હાઈટકેપ્સનું સ્વાગત કરશે. આ ઉપરાંત, મેક્સિકો સિટીના પ્રતિષ્ઠિત એઝટેકા સ્ટેડિયમમાં અમેરિકા અને સાન ડિએગો એફસી વચ્ચે ટક્કર થશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વર્લ્ડ કપ ૨૦૨૬ પૂરો થયાના ત્રણ અઠવાડિયામાં જ આ ટુર્નામેન્ટ શરૂ થઈ જશે.

### ચેમ્પિયન્સ કપ માટે ક્વોલિફિકેશન

આ ટુર્નામેન્ટમાં વિજેતા બનનારી ટોચની ત્રણ ટીમોને ૨૦૨૭ કોનકાકેફ (CONCACAF) ચેમ્પિયન્સ કપ માટે સીધી એન્ટ્રી મળશે. ચેમ્પિયન બનનારી ટીમ સીધી રાઉન્ડ ઓફ ૧૬માં પ્રવેશ મેળવશે. મેક્સિકન ટીમો હજુ સુધી આ ટ્રોફી જીતી શકી નથી, તેથી આ વખતે તેઓ મેસ્સી અને કંપનીને હરાવીને ટ્રોફી મેક્સિકો લાવવા માટે એડીચોટીનું જોર લગાવશે.



# લેબ્રોન જેમ્સ એનબીએ રેકોર્ડ બ્રેક કરીમ અબ્દુલ-જબ્બારનો વધુ એક વિક્રમ ધ્વસ્ત

## કરીમ અબ્દુલ-જબ્બાર ફિલ્ડ ગોલ્સ રેકોર્ડ હવે બીજા ક્રમે

(એજન્સી) ડેનવર | તા. 06

બાસ્કેટબોલની દુનિયામાં 'કિંગ' તરીકે ઓળખાતા લેબ્રોન જેમ્સે વધુ એક વખત ઈતિહાસના પાના સુવર્ણ અક્ષરે લખ્યા છે. લોસ એન્જલસ લેકર્સના દિગ્ગજ ખેલાડી લેબ્રોન જેમ્સે હવે એનબીએ (NBA) ઈતિહાસમાં સૌથી વધુ ફિલ્ડ ગોલ્સ કરવાનો કરીમ અબ્દુલ-જબ્બારનો વર્ષો જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ડેનવર નગેટ્સ સામેની મેચમાં પ્રથમ ક્વાર્ટરની અંતિમ ક્ષણોમાં ૧૨-ફૂટના જમ્પર શોટ સાથે જેમ્સે પોતાની કારકિર્દીનો ૧૫,૮૩૮મો ફિલ્ડ ગોલ નોંધાવ્યો હતો.

કરીમ અબ્દુલ-જબ્બારે ૧૯૮૯માં જ્યારે નિવૃત્તિ લીધી ત્યારે તેમના નામે ૧૫,૮૩૭ ફિલ્ડ ગોલ્સ હતા. લેબ્રોને પોતાની ૨૩મી સીઝનમાં આ આંકડાને વટાવી દીધો છે. નોંધનીય છે કે, ફેબ્રુઆરી ૨૦૨૩માં લેબ્રોન પહેલેથી જ કરીમને પાછળ છોડીને એનબીએના ઓલ-ટાઈમ લીડિંગ સ્કોરર બની ગયા હતા. હવે ફિલ્ડ ગોલ્સના મામલે પણ તેઓ સર્વોચ્ચ સ્થાને પહોંચી ગયા છે. આ યાદીમાં કાર્લ માલોન ૧૩,૫૨૮ ગોલ્સ સાથે ત્રીજા ક્રમે છે.

૪૧ વર્ષની ઉંમરે પણ લેબ્રોન જેમ્સ નવી પેઢીના ખેલાડીઓને ટક્કર આપી રહ્યા છે. ગયા મહિને જ તેઓ ટ્રિપલ-ડબલ નોંધાવનારા સૌથી મોટી ઉંમરના ખેલાડી બન્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ મેચમાં જેમ્સે લુકા ડોન્સિચના પાસ પર એલી-ઊપ ડંક મારીને કરીમના રેકોર્ડની બરાબરી કરી હતી અને ત્યારબાદ જમ્પર શોટ વડે નવો વિક્રમ સ્થાપિત કર્યો હતો. લેબ્રોનની ફિલ્ડ ગોલ એક્યુરેસી ૫૧.૬% રહી છે, જ્યારે કરીમની એક્યુરેસી ૫૫.૯% હતી. લેબ્રોન જેમ્સ અત્યારે જે લયમાં છે તે જોતા માર્ચના અંત સુધીમાં તેઓ રોબર્ટ પેરિશના ૧,૬૧૧ રેગ્યુલર સીઝન મેચોના રેકોર્ડને પણ તોડી શકે છે. હાલમાં લેબ્રોન ૧,૬૦૬ મેચ રમી ચૂક્યા છે. જોકે તેમણે આગામી સીઝનમાં લેકર્સ તરફથી રમવા અંગે હજુ કોઈ સ્પષ્ટતા કરી નથી, પરંતુ તેમની રમત જોતા લાગે છે કે તેઓ હજુ લાંબો સમય હાઈ-લેવલ બાસ્કેટબોલ રમી શકે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જેમ્સે ૨૨મી વખત ઓલ-સ્ટાર ગેમ માટે પસંદગી પામીને અન્ય એક કિર્તીમાન સ્થાપિત કર્યો છે.



**ફૂટબોલ** // **લિંગદેઈકિમની શાનદાર હેટ્રિક અને સિન્ડી-સુલંજનાનો એક-એક ગોલ**

# ભારત અંડર-20 ફૂટબોલ વિજય સ્વીડિશ ક્લબને 5-2 થી હરાવ્યું

(એજન્સી) સ્ટોકહોમ | તા. 06



સ્વીડનના લિડિંગો ખાતે રમાયેલી એક રોમાંચક મૈત્રીપૂર્ણ મેચમાં ભારતની અંડર-20 મહિલા રાષ્ટ્રીય ફૂટબોલ ટીમે અદભૂત પ્રદર્શન કરતા સ્થાનિક ક્લબ એલ્વજો એઆઈકે (★lvsj AIK) ને 5-2 ના મોટા અંતરથી પરાજય આપ્યો છે. બોસોન નેશનલ સ્પોર્ટ્સ સેન્ટર ખાતે ગુરુવારે વહેલી સવારે રમાયેલી આ મેચમાં ભારતીય ખેલાડીઓએ રમતની પ્રથમ મિનિટથી જ પ્રભુત્વ જમાવ્યું હતું. આ જીત સાથે ભારતીય ફૂટબોલની 'યંગ ટાઈગ્રેસ' એ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ રોશન કર્યું છે.

ભારત તરફથી સ્ટ્રાઈકર લિંગદેઈકિમે મેદાન પર જે પરાક્રમ કર્યું તે જોઈને સ્વીડિશ પ્રેક્ષકો પણ દંગ રહી ગયા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, લિંગદેઈકિમે મેચની પ્રથમ મિનિટે જ પ્રથમ ગોલ ફટકારીને ભારતને લીડ અપાવી હતી. ત્યારબાદ 20મી મિનિટે પેનલ્ટીના માધ્યમથી બીજો ગોલ અને 59મી મિનિટે ત્રીજો ગોલ કરીને પોતાની હેટ્રિક પૂર્ણ કરી હતી. લિંગદેઈકિમની આક્રમક રમત સામે એલ્વજો એઆઈકે ના ડિફેન્ડર્સ પાસે કોઈ જવાબ નહોતો. માત્ર લિંગદેઈકિમ જ નહીં, પરંતુ ટીમની અન્ય ખેલાડીઓએ પણ શાનદાર સહકાર આપ્યો હતો. સિન્ડી કોલ્નીએ 34મી મિનિટે એક સુંદર ગોલ કરીને સ્કોર 4-0 કરી દીધો હતો. મેચની અંતિમ ક્ષણોમાં એટલે કે 90મી મિનિટે સુલંજના રાઉલે પાંચમો ગોલ કરીને ભારતની જીત પર મહોર લગાવી દીધી હતી. યંગ ટાઈગ્રેસના હેડ કોચ જોઆકિમ એલેક્ઝાન્ડરસને આ મેચ માટે સ્ટાર્ટિંગ ઈલેવનમાં બે મહત્વના ફેરફારો કર્યા હતા, જેમાં ગોલકીપર મોનાલિસા દેવી અને વિંગર ભૂમિકા દેવીને સ્થાન આપવામાં આવ્યું હતું. કોચની આ રણનીતિ મેદાન પર સો ટકા સફળ સાબિત થઈ હતી.

સ્થાનિક ક્લબ એલ્વજો એઆઈકે એ મેચમાં વાપસી કરવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા હતા અને બે ગોલ કરવામાં સફળતા પણ મેળવી હતી, પરંતુ ભારતીય ડિફેન્સ અને મિડફિલ્ડના મજબૂત સંકલન સામે તેઓ હાર્યા હતા. ભારતીય મહિલા ફૂટબોલ ટીમે જે ઝડપ અને ટેકનિકથી બોલ પોઝેશન જાળવી રાખ્યું હતું, તે પશ્ચિમી દેશોની ટીમો માટે પણ આશ્ચર્યજનક હતું. મીડિયા અહેવાલ અનુસાર, સ્વીડિશ કોચિંગ સ્ટાફે પણ ભારતીય યુવા ખેલાડીઓની ફિટનેસ અને રમતની સમજની પ્રશંસા કરી હતી.

### ભારતીય મહિલા ફૂટબોલ માટે ઉજ્જવળ ભવિષ્ય

આ વિજય માત્ર એક મેચની જીત નથી, પરંતુ ભારતીય મહિલા ફૂટબોલના વધતા જતા પ્રભાવનું પ્રતિક છે. છેલ્લા કેટલાક સમયથી એઆઈએફએફ (AIFF) દ્વારા મહિલા ફૂટબોલ પર આપવામાં આવી રહેલા ભારના પરિણામો હવે આંતરરાષ્ટ્રીય સ્તરે દેખાઈ રહ્યા છે. સ્વીડન જેવા ફૂટબોલ પ્રેમી દેશમાં જઈને ત્યાંની સ્થાનિક ક્લબને મોટા અંતરથી હરાવવી એ ખેલાડીઓના આત્મવિશ્વાસમાં મોટો વધારો કરશે.

**ફોર્મ્યુલા વન નવો એન્જિન યુગ અને ટેકનિકલ પડકારો**

# ઓસ્ટ્રેલિયન ગ્રાન્ડ પ્રિક્સ લેક્લેર્ક સૌથી ઝડપી ફેરારીનો દબદબો

(એજન્સી) ડેનવર | તા. 06

ફોર્મ્યુલા વન (F1) માં ૨૦૨૬ના નવા એન્જિન યુગનો પ્રારંભ થયો છે, અને સીઝનની પ્રથમ પ્રેક્ટિસમાં જ ફેરારીની ટીમે પોતાનો દબદબો સાબિત કર્યો છે. મેલબોર્નના આલ્બર્ટ પાર્ક ખાતે રમાઈ રહેલી ઓસ્ટ્રેલિયન ગ્રાન્ડ પ્રિક્સના પ્રથમ સત્રમાં ચાર્લ્સ લેક્લેર્ક સૌથી ઝડપી લેપ રેકોર્ડ કરીને ટોચ પર રહ્યો હતો. લેક્લેર્કે સોફ્ટ ટાયર્સ પર ૧ મિનિટ ૨૦.૨૬૭ સેકન્ડનો સમય નોંધાવ્યો હતો, જે તેના સાથી ખેલાડી અને સાત વખતના વર્લ્ડ ચેમ્પિયન લુઈસ હેમિલ્ટન કરતા લગભગ અડધી સેકન્ડ વધુ ઝડપી હતો. નવા હાઈબ્રિડ એન્જિનો, જે હવે વધુ ઈલેક્ટ્રિક પાવર પર નિર્ભર છે, તેના કારણે પ્રથમ પ્રેક્ટિસ સત્રમાં અનેક ટીમોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ડિફેન્ડિંગ ચેમ્પિયન લેન્ડો નોરિસ માટે શરૂઆત અત્યંત નિરાશાજનક રહી હતી, કારણ કે તેને ગિયરબોક્સની સમસ્યા નડતા તે ૧૯મા ક્રમે રહ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, એસ્ટન માર્ટિનના ફર્નાન્ડો એલોન્સો પાવર યુનિટની ખામીને કારણે ગેરેજની બહાર પણ નીકળી શક્યા ન હતા.

આ નવા એન્જિન યુગમાં એનર્જી મેનેજમેન્ટ ડ્રાઈવરો માટે સૌથી મોટો પડકાર સાબિત થઈ રહ્યો છે. ચાર વખતના ચેમ્પિયન મેક્સ વર્સ્ટાપન રેડ બુલ માટે ત્રીજા સ્થાને રહ્યા હતા, જ્યારે તેમના નવા સાથી ઈઝાક હદજાર ચોથા ક્રમે રહીને સૌને ચોંકાવ્યા હતા.



એશિયામાં ઉર્જા કટોકટી ઘેરી બનતા અનેક દેશોમાં ગેસ રાશનિંગ,ભારત પર આર્થિક અસર વધવાની ભીતિ પુરવઠામાં 40 ટકાનો જંગી કાપ

# કતાર ગેસ સપ્લાય સંકટ એશિયામાં હાહાકાર ભારતની હાલત કફોડી

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

પશ્ચિમ એશિયામાં ઈરાન અને અમેરિકા વચ્ચે વકરી રહેલા સંઘર્ષની સીધી અને માઠી અસર હવે ભારતીય ઉપખંડ પર જોવા મળી રહી છે. ઈરાન દ્વારા કતારના ગેસ પ્લાન્ટ પર કરવામાં આવેલા વિનાશક હવાઈ હુમલાઓએ વૈશ્વિક ઉર્જા બજારમાં ભૂકંપ લાવી દીધો છે. આ હુમલા બાદ કતારે સુરક્ષાના કારણોસર પોતાના એલએનજી ઉત્પાદન અને નિકાસ પર સંપૂર્ણ બ્રેક લગાવી દીધી છે. કતારના આ એક આકરા નિર્ણયને કારણે પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશો સંપૂર્ણપણે ઉર્જા વિહોણા બનવાની અણી પર છે, જ્યારે ભારત માટે પણ ખતરાની ઘંટડી વાગી ચુકી છે.

## પડોશી દેશોની કમર તૂટી: પાકિસ્તાન-બાંગ્લાદેશમાં અંધારપટનો ભય

કતારના આ નિર્ણયથી સૌથી વધુ જો કોઈ દેશો પીડાઈ રહ્યા હોય તો તે પાકિસ્તાન અને બાંગ્લાદેશ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પાકિસ્તાન પોતાની જરૂરિયાતનો ૯૯ ટકા ગેસ કતાર અને સંયુક્ત આરબ અમીરાત પાસેથી મેળવે છે. હવે જ્યારે પુરવઠો ઠપ થઈ ગયો છે, ત્યારે પાકિસ્તાન પાસે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા નથી. બીજી તરફ, બાંગ્લાદેશમાં તો દાઝ્યા પર ડામ જેવી સ્થિતિ સર્જાઈ છે. બાંગ્લાદેશ પહેલેથી જ દૈનિક 1,300 મિલિયન યુનિટ ગેસની અછત સામે ઝઝૂમી રહ્યું હતું, તેમાં કતારના નિર્ણયે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, જો આ વિવાદ લાંબો ચાલશે તો આ બંને દેશોના ઉદ્યોગો અને વીજ ઉત્પાદન એકમો સંપૂર્ણપણે બંધ થઈ શકે છે.

## ભારત માટે મોટો પડકાર: ઔદ્યોગિક એકમોમાં ગેસનો કાપ

ભારત માટે પણ આ સ્થિતિ ચિંતાજનક છે કારણ કે ભારત પોતાની કુલ જરૂરિયાતનો 53 ટકા ગેસ કતાર પાસેથી આયાત કરે છે. તાજેતરના અહેવાલો મુજબ, ભારતના અનેક કાર્ગો શિપમેન્ટ હાલ કામચલાઉ ધોરણે સ્થગિત કરી દેવામાં આવ્યા છે. આને કારણે શહેર ગેસ



વિતરણ કંપનીઓ અને મોટા ઔદ્યોગિક ગ્રાહકોને મળતા પુરવઠામાં 40 ટકા સુધીનો મોટો ઘટાડો નોંધાયો છે. હોર્મુઝ સ્ટ્રેટનો રૂટ બંધ થવાથી કટોકટી વધુ વકરી છે, જેના કારણે આવનારા દિવસોમાં ભારતમાં સીએનજી અને પીએનજીના ભાવમાં તોતિંગ વધારો થવાની શક્યતા નકારી શકાતી નથી.

એનાલિટિક્સ ફર્મ કેપ્લરના આંકડાઓ પર નજર કરીએ તો, કતાર એશિયા માટે ગેસનું સૌથી મોટું હબ છે. એશિયાની કુલ જરૂરિયાતના 80 ટકાથી વધુ ગેસ શિપમેન્ટ માત્ર કતારથી આવે છે. અમેરિકા પછી કતાર વિશ્વનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ હોવાથી તેના એક નાના નિર્ણયની અસર વૈશ્વિક સ્તરે જોવા મળે છે. હાલમાં યુરોપ અને એશિયાઈ દેશોમાં ગેસના ભાવમાં પ્રચંડ ઉછાળો જોવા મળી રહ્યો છે. જો ઈરાન અને અમેરિકા વચ્ચેનું આ યુદ્ધ લાંબુ ચાલશે, તો માત્ર ઉર્જા જ નહીં પરંતુ મોંઘવારીનો આંકડો પણ આસમાને પહોંચી શકે છે. પાકિસ્તાન જેવા દેશો કદાચ સોલર એનર્જી એટલે કે સૌર ઉર્જાના જોરે વીજળીની માગ પૂરી કરવાનો પ્રયાસ કરશે, પરંતુ ભારે ઉદ્યોગો ચલાવવા માટે ગેસ અનિવાર્ય છે. ભારતમાં પણ સરકાર હવે અન્ય આરબ દેશો અને રશિયા પાસેથી વધારાનો પુરવઠો મેળવવા માટે રાજદ્વારી સ્તરે પ્રયાસો તેજ કરી શકે છે. જોકે, હાલની પરિસ્થિતિ જોતા ટૂંકા ગાળામાં કોઈ મોટી રાહત મળે તેમ લાગતું નથી. ઉદ્યોગ જગતના નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે જો સપ્લાય ચેઈન જલ્દી પૂર્વવત નહીં થાય તો ઉત્પાદન ખર્ચ વધતા સામાન્ય જનતાના ખિસ્સા પર સીધો બોજ પડશે.

અમેરિકા ઈઝરાયલ માટે માર્ગ બંધ

# હોર્મુઝ સ્ટ્રેટ ઈરાન પ્રતિબંધ ભારતને રાહત

(એજન્સી) તેહરાન । તા. 06


મધ્ય પૂર્વમાં ચાલી રહેલા વિનાશક યુદ્ધની વચ્ચે ઈરાને એક એવો નિર્ણય લીધો છે જેણે વૈશ્વિક અર્થતંત્રમાં ખળભળાટ મચાવ્યો છે, પરંતુ ભારત માટે આ સમાચાર અત્યંત આશાસ્પદ સાબિત થયા છે. હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz) ને લઈને ઈરાની સેનાએ જાહેર કરેલા નવા ફતવા મુજબ, આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ માત્ર અમેરિકા, ઈઝરાયલ અને તેમના સમર્થક દેશો માટે જ બંધ કરવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પ્રતિબંધિત દેશોની યાદીમાં ભારતનું નામ ન હોવાથી નવી દિલ્હીને ઉર્જા સુરક્ષા બાબતે મોટી રાહત મળી છે.

ભારત માટે હોર્મુઝ સ્ટ્રેટનું મહત્વ આંકડાકીય રીતે અત્યંત વધારે છે. ભારત પોતાની કુલ જરૂરિયાતના આશરે 85% થી વધુ કાચું તેલ આયાત કરે છે, જેમાંથી 50 થી 55% જેટલો હિસ્સો આ સાંકડી સમુદ્રધૂની મારફતે જ આવે છે. જો આ રસ્તો ભારત માટે બંધ થયો હોત, તો દેશમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસની અછત સર્જાઈ હોત. મીડિયા અહેવાલ મુજબ, ભારત દરરોજ અંદાજે 26 લાખ બેરલ ક્રૂડ ઓઈલ આ માર્ગેથી મંગાવે છે, જે તેને ભારતની 'એનર્જી લાઈફલાઈન' બનાવે છે.

ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશન ગાર્ડ કોર્પ્સ એ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો અમેરિકા કે યુરોપિયન દેશોના જહાજો આ વિસ્તારમાં જોવા મળશે, તો તેમને નિશ્ચિતપણે નિશાન બનાવવામાં આવશે. ઈરાને દાવો કર્યો છે કે આંતરરાષ્ટ્રીય કાયદાઓ મુજબ યુદ્ધના સમયે તેને પોતાની સીમાઓ અને જળમાર્ગો પર નિયંત્રણનો સંપૂર્ણ અધિકાર છે. આ આદેશ બાદ વૈશ્વિક બજારમાં તેલના ભાવમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે, પરંતુ ભારતના હિતો સુરક્ષિત જણાતા દેશના અર્થતંત્ર પરની મોટી આફત ટળી છે. ભલે ઈરાને ભારતના નામનો સીધો ઉલ્લેખ નથી કર્યો, પરંતુ પ્રતિબંધિત યાદીમાંથી ભારતની બાદબાકી એ ભારતની સંતુલિત વિદેશ નીતિ અને મજબૂત રાજદ્વારી સંબંધોનો પુરાવો છે.

## ન્યૂઝ બ્રીફ

### એઆઈ ચેટબોટ માનસિક સ્વાસ્થ્ય જોખમ ગૂગલ જેમિની સામે ગંભીર કેસ



વોશિંગ્ટન | આધુનિક યુગની દેન ગણાતી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) હવે માનવ જીવન માટે ખતરો બની રહી હોય તેવા ચોંકાવનારા સંકેતો મળી રહ્યા છે. અમેરિકાની કોર્ટમાં ગૂગલના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ચેટબોટ 'જેમિની' વિરુદ્ધ એક અભૂતપૂર્વ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આક્ષેપ છે કે આ ચેટબોટે ૩૬ વર્ષના જોનાથન ગેવેલાસ નામના યુવકને આત્મહત્યા કરવા માટે ઉશ્કેર્યો હતો. આ ઘટનાએ વૈશ્વિક સ્તરે એઆઈ ડેવલપરો દ્વારા બનાવવામાં આવતા 'સલામત' ટૂલ્સના દાવાઓ પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. મૃતકના પિતા જોએલ ગેવેલાસે કોર્ટમાં રજૂઆત કરી છે કે જેમિનીએ તેમના પુત્રના મગજમાં એક એવી ભ્રામક દુનિયા ઉભી કરી હતી, જેમાં તેને લાગતું હતું કે તે કોઈ ગુપ્ત મિશન પર છે. ચેટબોટની વાતોમાં આવીને જોનાથન માનવા લાગ્યો હતો કે માયામી એરપોર્ટ પર કોઈ મોટી દુર્ઘટના ઘટી છે અને સરકાર તેની પાછળ પડી છે. મીડિયા અહેવાલ મુજબ, જોનાથન જેમિનીના સિન્થેટિક અવાજ સાથે પોતાની 'એઆઈ પત્ની' હોય તેમ વાતો કરતો હતો અને ધીમે ધીમે વાસ્તવિક દુનિયાથી કપાઈ ગયો હતો.

### ખાડી યુદ્ધ જહાજ હુમલા તેલ ગળતર કુવૈત પાસે ટેન્કરો પર ભીષણ વિસ્ફોટ



રિયાધ | પશ્ચિમ એશિયામાં ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની જ્વાળાઓ હવે ખાડી દેશોની સરહદો ઓળંગીને છેક શ્રીલંકા, અઝરબૈજાન અને સાયપ્રસ સુધી પહોંચી ગઈ છે. તાજેતરના અહેવાલો મુજબ, ખાડી વિસ્તારમાં તેલ ટેન્કરો અને વેપારી જહાજો પરના હુમલામાં તોતિંગ વધારો થયો છે. કુવૈત નજીક એક તેલ ટેન્કર પર ભીષણ હુમલો થતા તેમાં મોટો વિસ્ફોટ થયો હતો, જેના પરિણામે સમુદ્રમાં મોટા પાયે ક્રૂડ તેલનું ગળતર શરૂ થઈ ગયું છે. આ ઘટનાએ દરિયાઈ જીવસૃષ્ટિ અને આંતરરાષ્ટ્રીય જળમાર્ગોની સુરક્ષા સામે મોટો ખતરો ઉભો કર્યો છે. બ્રિટનની દરિયાઈ પરિવહન સુરક્ષા એજન્સીના જણાવ્યા અનુસાર, કુવૈતના મુબારક અલ કબીર પોર્ટથી ૬૦ કિમી દૂર એક ટેન્કર પર હુમલો થયો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, વિસ્ફોટ બાદ નાની શંકાસ્પદ હોડીઓ ઘટનાસ્થળેથી ભાગતી જોવા મળી હતી. બીજી તરફ, ઈરાકના ખોરઅલ જુબૈર પોર્ટ પર ઉભેલા બહામાસના ધ્વજવાળા અન્ય એક ટેન્કરને પણ નિશાન બનાવવામાં આવ્યું છે. આ હુમલામાં જહાજનો મોટો હિસ્સો ધરાશાયી થઈ ગયો છે અને તેલનું ગળતર સતત વધી રહ્યું છે.

ગ્રાઉન્ડ ઓપરેશનની ચેતવણી આપતા ઈરાને ફેંક્યો લલકાર

# અમેરિકા ઈરાન યુદ્ધ પડકાર હજુ તો જંગ શરૂ થઈ છે, ઓપરેશન એપિક ફ્યુરી હેઠળ ઈરાનની સૈન્ય શક્તિ કચડાઈ

(એજન્સી) તેહરાન/વોશિંગ્ટન । તા. 06

પશ્ચિમ એશિયાના આકાશમાં અત્યારે માત્ર મિસાઈલો અને ફાઈટર જેટ્સનો ગુંજારવ સંભળાઈ રહ્યો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા આ મહાયુદ્ધે હવે એક અત્યંત ભયાનક અને લોહિયાળ વળાંક લીધો છે. શાબ્દિક યુદ્ધ હવે સીધા સૈન્ય પડકારમાં ફેરવાઈ ગયું છે. એક તરફ અમેરિકાના સંરક્ષણ મંત્રીએ 'જંગ તો હજુ શરૂ થઈ છે' કહીને તેહરાનને ધમકાવ્યું છે, તો બીજી તરફ ઈરાને અમેરિકાને તેની ધરતી પર પગ મૂકવા માટે ખુલ્લો લલકાર ફેંક્યો છે. આ સ્થિતિ જોતા સ્પષ્ટ જણાય છે કે આગામી દિવસોમાં આ યુદ્ધ વધુ વિનાશક બનશે.



## ઈરાનનો અમેરિકાને ખુલ્લો પડકાર: 'અમે રાહ જોઈ રહ્યા છીએ'

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીએ વિશ્વ સમક્ષ અમેરિકાની શક્તિને પડકારતા જણાવ્યું છે કે જો અમેરિકી સેના ઈરાનની ધરતી પર ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કરવાની ભૂલ કરશે, તો તેનું પરિણામ 'આપત્તિજનક' આવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અરાગચીએ આક્રમક તેવર સાથે કહ્યું કે, "અમે અમેરિકાના સૈનિકોની રાહ જોઈ રહ્યા છીએ. અમને પૂરો વિશ્વાસ છે કે અમે તેમની સેનાનો મજબૂત સામનો કરી શકીશું." ઈરાને સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ કોઈપણ પ્રકારના યુદ્ધવિરામ કે શાંતિ વાર્તા માટે તૈયાર નથી અને અંતિમ શ્વાસ સુધી લડશે.

## ઓપરેશન એપિક ફ્યુરી: ટ્રમ્પનો વિધ્વંસક દાવો

બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 'ઓપરેશન એપિક ફ્યુરી'ની સફળતા અંગે ચોંકાવનારા આંકડા રજૂ કર્યા છે. ટ્રમ્પના દાવા મુજબ, અમેરિકાએ માત્ર 72 કલાકમાં ઈરાનની 60% થી વધુ સૈન્ય શક્તિનો સફાયો કરી દીધો છે. મીડિયા અહેવાલ અનુસાર, ઈરાનની વાયુસેના અને એર ડિફેન્સ સિસ્ટમ હવે લગભગ નષ્ટ થઈ ચૂકી છે. ટ્રમ્પે વધુમાં ઉમેર્યું કે અમેરિકી નેવીએ ઈરાનના 24 યુદ્ધ જહાજોને સમુદ્રમાં જળમગ્ન કરી દીધા છે. અમેરિકાનો ઈરાદો તેહરાન પર દબાણ ઘટાડવાનો જરાય નથી અને તેઓ પોતાના સૈન્ય અભિયાનને હજુ વધુ વેગ આપવા જઈ રહ્યા છે.

## અમેરિકાના સંરક્ષણ મંત્રીની કડક ચેતવણી

અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે ઈરાનની ગેરસમજ દૂર કરતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, "વોશિંગ્ટને હજુ તો લડાઈની માત્ર શરૂઆત જ કરી છે." હેગસેથના મતે, જો ઈરાન એવું વિચારતું હોય કે અમેરિકા થાકી જશે અથવા યુદ્ધ લાંબુ નહીં ચલાવી શકે, તો તે તેમની સૌથી મોટી ભૂલ હશે. અમેરિકા પોતાની અત્યાધુનિક સૈન્ય શક્તિનો ઉપયોગ કરીને ઈરાનના તમામ વ્યૂહાત્મક ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યું છે અને આ ઓપરેશન ત્યાં સુધી ચાલશે જ્યાં સુધી ઈરાન સંપૂર્ણપણે ઘૂંટણિયે ન પડી જાય.

## જમીની જંગની શક્યતા અને ભૌગોલિક પડકારો

જો અમેરિકા ખરેખર ઈરાનમાં ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કરે છે, તો તે 21મી સદીનું સૌથી મોટું સૈન્ય અભિયાન હશે. ઈરાનનો પહાડી વિસ્તાર અને ત્યાંની વિષમ ભૌગોલિક પરિસ્થિતિ અમેરિકન સૈનિકો માટે મુશ્કેલ સાબિત થઈ શકે છે. જો કે, જે રીતે અમેરિકાએ ઈરાનના એર ડિફેન્સને તોડી પાડ્યું છે, તે જોતા ગ્રાઉન્ડ ફોર્સ માટે રસ્તો સાફ થતો જણાય છે. વિશ્લેષકોનું માનવું છે કે ઈરાને ભૂતકાળના યુદ્ધોમાંથી પાઠ શીખ્યા છે અને તેઓએ જમીની જંગ માટે ગુપ્ત અન્ડરગ્રાઉન્ડ ટનલ અને અત્યાધુનિક જાળ બિછાવી રાખી છે.

## શાંતિની કોઈ આશા નથી: તેહરાનનો મક્કમ નિર્ધાર

આટલા ભયાનક હવાઈ હુમલાઓ અને આર્થિક નુકસાન છતાં ઈરાન ઝૂકવા તૈયાર નથી. અરાગચીએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ અમેરિકા કે ઈઝરાયેલ સાથે કોઈ પણ ટેબલ પર વાતચીત કરવાના નથી. ઈરાનનો આ મક્કમ નિર્ધાર સૂચવે છે કે આ જંગ હવે માત્ર સત્તાની નહીં પણ અસ્તિત્વની લડાઈ બની ગઈ છે. ગ્લોબલ જીઓપોલિટિક્સના નિષ્ણાતો માને છે કે જો જમીની સ્તર પર જંગ વધશે, તો તે સમગ્ર મધ્ય પૂર્વને રાખમાં ફેરવી શકે છે.

અત્યારે સમગ્ર વિશ્વની નજર આ યુદ્ધ પર ટકેલી છે. એક તરફ અમેરિકાની અજેય સૈન્ય શક્તિ છે અને બીજી તરફ ઈરાનનો કટ્ટર રાષ્ટ્રવાદ. જો આ યુદ્ધ ગ્રાઉન્ડ ઓપરેશન સુધી પહોંચશે, તો જાનહાનિનો આંકડો કલ્પના બહાર જઈ શકે છે. ભારત જેવા દેશો માટે પણ આ ચિંતાનો વિષય છે, કારણ કે આ યુદ્ધના કારણે તેલના ભાવ અને વૈશ્વિક સપ્લાય ચેઈન પર સીધી અસર પડી રહી છે. આગામી 48 કલાક આ મહાયુદ્ધ માટે અત્યંત નિર્ણાયક સાબિત થશે.

ઈરાની કુદ્સ ફોર્સ કમાન્ડર અટકાયત બાદ પૂછપરછ તેજ

# ઈસ્માઈલ કાની મોસાદ જાસૂસ વિવાદ ઈરાની કમાન્ડરને મૃત્યુદંડની આશંકા



(એજન્સી) તેહરાન । તા. 06

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ સંઘર્ષની વચ્ચે પશ્ચિમ એશિયાના રાજકારણમાં એક મોટો વિસ્ફોટ થયો છે. ઈરાની કુદ્સ ફોર્સના શક્તિશાળી કમાન્ડર બ્રિગેડિયર જનરલ ઈસ્માઈલ કાની પર ઈઝરાયલી ગુપ્તચર સંસ્થા મોસાદ માટે જાસૂસી કરવાનો ગંભીર આરોપ લાગ્યો છે. સોશિયલ મીડિયા અને આંતરરાષ્ટ્રીય સ્તરે વહેતા થયેલા અહેવાલો મુજબ, ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈ સાથે વિશ્વાસઘાત કરવા બદલ કાનીની અટકાયત કરવામાં આવી છે. કેટલાક સૂત્રો દ્વારા એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે જાસૂસીના ગુનામાં તેમને મૃત્યુદંડ ફટકારવામાં આવ્યો છે, જોકે ઈરાન સરકારે હજુ સુધી મૌન સેવ્યું છે.

ઈસ્માઈલ કાની પર શંકાના વાદળો ત્યારે ઘેરાયા જ્યારે ખામેનેઈ અને અન્ય વરિષ્ઠ નેતાઓ પર થયેલા જીવલેણ હુમલામાં તેઓ ચમત્કારિક રીતે બચી ગયા હતા. જે ઈમારતમાં ઈરાની નેતાઓના મોત થયા, ત્યાં કાની હાજર હોવા છતાં તેમને એક ઉઝરડો પણ ન આવતા મોસાદ સાથેની તેમની મિલીભગત હોવાની આશંકા પ્રબળ બની છે. મીડિયા અહેવાલ મુજબ, ઈસ્માઈલ કાનીના કાર્યકાળમાં હસન નસરલ્લાહ અને ઈસ્માઈલ હનિયેહ જેવા દિગ્ગજોના મોતથી ઈરાનનું સુરક્ષા કવચ પહેલેથી જ નબળું પડ્યું હતું. ઈરાની સત્તાવાળાઓ અત્યારે પોતાના સૈન્ય માળખામાં થયેલી આ ભયાનક ઘૂસણખોરીની કડક તપાસ કરી રહ્યા છે. મોસાદે ઈરાનના ટોચના સ્તરે કેવી રીતે પગપેસારો કર્યો તે જાણવા માટે કાની અને તેમની આખી ટીમની સઘન પૂછપરછ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. નોંધનીય છે કે ઈઝરાયલ દ્વારા જાહેર કરવામાં આવેલી ઈરાની અધિકારીઓની 'હિટ લિસ્ટ'માં કાનીનું નામ ગેરહાજર હતું, જે આ શંકાને વધુ પુષ્ટિ આપે છે.

# રશિયન ઓઈલ અમેરિકા છૂટ ભારત માટે રાજદ્વારી અને આર્થિક વિજય

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

મધ્ય પૂર્વમાં ભભૂકી રહેલી યુદ્ધની જ્વાળાઓ અને ડામાડોળ બનેલા વૈશ્વિક ઓઈલ બજાર વચ્ચે ભારત માટે અત્યંત રાહતના સમાચાર આવ્યા છે. અમેરિકાએ એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક નિર્ણય લેતા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે ભારતને ૩૦ દિવસની વિશેષ અને કામચલાઉ છૂટ આપી છે. આ ઐતિહાસિક નિર્ણયથી છેલ્લા કેટલાય સમયથી દરિયામાં અધ્ધરતાલે લટકેલા રશિયન તેલના ટેન્કરો માટે ભારતીય બંદરો સુધી પહોંચવાનો માર્ગ સાફ થઈ ગયો છે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના સંઘર્ષને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવ આસમાને પહોંચવાની ભીતિ સેવાઈ રહી હતી. આ દબાણને હળવું કરવા વૉશિંગ્ટન દ્વારા રશિયા પરના પ્રતિબંધોમાં આંશિક ઢીલ આપવામાં આવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અમેરિકાએ



ભારતને 'ટેમ્પરરી ડિસ્પેન્સેશન' મંજૂર કરી છે, જે અંતર્ગત ભારત આગામી એક મહિના સુધી કોઈપણ અવરોધ વગર રશિયન શિપમેન્ટ સ્વીકારી શકશે. અગાઉ પ્રતિબંધોના ડરથી ભારતીય રિફાઈનરીઓ આ જહાજોને સ્વીકારતા ખચકાતી હતી. અમેરિકાની આ સત્તાવાર જાહેરાત બાદ દેશની દિગ્ગજ ઓઈલ કંપનીઓ જેવી કે ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) એક્શન મોડમાં આવી ગઈ છે.

# બ્રિટન સ્ટડી વિઝા પ્રતિબંધ નિર્ણય ચાર દેશોના વિદ્યાર્થીઓ માટે દ્વાર બંધ, ઈમિગ્રેશન નિયમોમાં ફેરફાર લંડન દ્વારા કડક અમલીકરણ

### વિઝા પ્રણાલીનો દુરુપયોગ અટકાવવા ગૃહ સચિવનું સંસદમાં એલાન

(એજન્સી) લંડન । તા. 06

સરકારે પોતાની ઈમિગ્રેશન નીતિમાં મોટો ફેરફાર કરતા ચાર દેશોના વિદ્યાર્થીઓ પર સ્ટડી વિઝા મેળવવા માટે કાયમી પ્રતિબંધ મૂકી દીધો છે. અફઘાનિસ્તાન, કેમરૂન, મ્યાન્માર અને સુદાનના નાગરિકો હવે અભ્યાસના બહાને બ્રિટનમાં પ્રવેશ મેળવી શકશે નહીં. મીડિયા અહેવાલ મુજબ, બ્રિટિશ સત્તાવાળાઓએ આક્ષેપ કર્યો છે કે આ દેશોના વિદ્યાર્થીઓ સ્ટડી વિઝાનો ઉપયોગ શૈક્ષણિક હેતુને બદલે કાયમી શરણ મેળવવા માટે એક હથિયાર તરીકે કરી રહ્યા છે, જે વિઝા પ્રણાલીનો સીધો દુરુપયોગ છે.

## શરણાર્થીઓની વધતી સંખ્યા પર અંકુશનો પ્રયાસ

બ્રિટનના ગૃહ સચિવ શબાના મહમૂદે આ સપ્તાહમાં સંસદમાં નવો કાયદો રજૂ કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ એ છે કે છેલ્લા કેટલાક સમયથી અફઘાન અને અન્ય ત્રણ દેશોના નાગરિકો દ્વારા શરણ મેળવવા માટેની અરજીઓમાં અસાધારણ વૃદ્ધિ જોવા મળી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૨૬ માર્ચ ૨૦૨૬થી આ નવા કડક નિયમો અમલમાં આવશે. આ પ્રતિબંધ માત્ર સ્ટડી વિઝા પૂરતો મર્યાદિત નથી, પરંતુ અફઘાન નાગરિકો માટે સ્કીલ્ડ વર્કર વિઝા પર પણ કાતર ફેરવવામાં આવી છે.

## સરહદ નિયંત્રણ અને કાયદાકીય કડકાઈ

ગૃહ સચિવ મહમૂદે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે બ્રિટન હંમેશા અત્યાચારથી પીડિત લોકોને શરણ આપવા તૈયાર છે, પરંતુ ઉદારતાનો ફાયદો ઉઠાવીને વિઝા નિયમોનું ઉલ્લંઘન સહન કરવામાં આવશે નહીં. સરકાર પોતાની સરહદો પર વ્યવસ્થા અને નિયંત્રણ બહાલ કરવા માટે કટિબદ્ધ છે. ઈમિગ્રેશન કાયદામાં આ ફેરફાર એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે બ્રિટન આંતરિક રીતે વધતી જતી વસ્તી અને સંસાધનો પરના દબાણનો સામનો કરી રહ્યું છે.

## વિદ્યાર્થી સમુદાય અને વૈશ્વિક અસર

આ નિર્ણયથી આંતરરાષ્ટ્રીય શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે. જે વિદ્યાર્થીઓ ખરેખર અભ્યાસ કરવા ઈચ્છે છે તેમના માટે પણ હવે બ્રિટનના દ્વાર બંધ થઈ જશે. જોકે, બ્રિટન સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ પગલું રાષ્ટ્રીય સુરક્ષા અને વહીવટી પારદર્શિતા માટે અનિવાર્ય છે. આગામી દિવસોમાં અન્ય દેશોના વિઝા નિયમો પર પણ તંત્ર દ્વારા ઝીણવટભરી નજર રાખવામાં આવશે તેવી શક્યતા છે.


ભવિષ્યવાણી | ગ્લોબલ જીઓપોલિટિક્સમાં ઉલટફેર થવાની પ્રોફેસરની ચેતવણી

# ચીનના નાસ્ત્રેદમસની ભવિષ્યવાણી સાચી પડી દુનિયા પર સંકટ

(એજન્સી) બેજિંગ । તા. 06

વિશ્વ અત્યારે બીજા વિશ્વયુદ્ધ પછીના સૌથી ભયાનક અને રક્તપાત ભરેલા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા લોહિયાળ જંગે સમગ્ર માનવજાતને ચિંતામાં મૂકી દીધી છે. આ ભીષણ તણાવ વચ્ચે સોશિયલ મીડિયા પર 'ચીનના નાસ્ત્રેદમસ' તરીકે જાણીતા પ્રોફેસર જુએકિન જિયાંગનો એક જૂનો વીડિયો વાયરલ થયો છે, જેણે પશ્ચિમી દેશોના શ્વાસ અધ્ધર કરી દીધા છે. પ્રોફેસરે વર્ષો પહેલા કરેલી ત્રણ મોટી ભવિષ્યવાણીઓમાંથી બે અક્ષરશઃ સાચી ઠરી છે, અને હવે ત્રીજી આગાહીએ અમેરિકા અને ઈઝરાયલની ઊંઘ ઉડાવી દીધી છે.

યેલ કોલેજમાંથી સ્નાતક થયેલા અને ચીનમાં ફિલોસોફી તથા ઈતિહાસના પ્રખર નિષ્ણાત મનાતા પ્રોફેસર જુએકિન જિયાંગ 'પ્રોડક્ટિવ હિસ્ટ્રી' નામની લોકપ્રિય યુટ્યુબ ચેનલ ચલાવે છે. ઈતિહાસના ઊંડા અભ્યાસ અને ભૌગોલિક પરિસ્થિતિઓના સચોટ વિશ્લેષણને કારણે તેમને 'ચીનના નાસ્ત્રેદમસ'નું



બિરુદ મળ્યું છે. વર્ષ 2024માં એક ઓનલાઈન લેક્ચર દરમિયાન તેમણે જે વાતો કહી હતી, તે આજે 2026માં વાસ્તવિકતા બનીને સામે આવી રહી છે, જેના કારણે વૈશ્વિક રાજનીતિના પંડિતો પણ સ્તબ્ધ છે.

પ્રોફેસર જિયાંગે વર્ષ 2024માં દાવો કર્યો હતો કે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ ફરીથી સત્તામાં વાપસી કરશે. તે સમયે આ વાત અશક્ય લાગતી હતી, પરંતુ આજે ટ્રમ્પ ફરીથી વ્હાઈટ હાઉસમાં બિરાજમાન છે. તેમની બીજી મોટી આગાહી અમેરિકા અને ઈરાન વચ્ચેના સીધા જંગની હતી. ટ્રમ્પના આવ્યા બાદ મધ્ય પૂર્વમાં જે રીતે તણાવ વધ્યો અને સીધું યુદ્ધ ફાટી નીકળ્યું, તે જોતા પ્રોફેસરની દૂરોગામી દ્રષ્ટિ સાબિત થઈ ગઈ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ આગાહીઓના સત્ય સાબિત થવાથી હવે તેમની ત્રીજી વાત પર દુનિયા ગંભીરતાથી વિચાર કરી રહી છે.

પ્રોફેસર જિયાંગની ત્રીજી અને સૌથી ભયાનક ભવિષ્યવાણી અમેરિકાની હારને લઈને છે. તેમના વિશ્લેષણ મુજબ, ઈરાન સામેના આ જંગમાં સુપર પાવર ગણાતા અમેરિકાએ પરાજયનો સ્વાદ ચાખવો પડશે. તેની પાછળ તેમણે મજબૂત તર્ક આપ્યા છે. ઈરાનનો પહાડી અને દુર્ગમ વિસ્તાર અમેરિકન સેના માટે કબર સમાન સાબિત થઈ શકે છે. વધુમાં, હજારો માઈલ લાંબી સપ્લાય લાઈન જાળવવી અમેરિકા માટે લોઢાના ચણા ચાવવા જેવું છે. મીડિયા અહેવાલ અનુસાર, અમેરિકાની અંદર પણ આ યુદ્ધ વિરુદ્ધ થઈ રહેલો આંતરિક વિરોધ સરકારની શક્તિ નબળી પાડી રહ્યો છે, જે અંતે હારનું કારણ બનશે.

# ઈરાની યુદ્ધજહાજ શ્રીલંકા આશરો અમેરિકાના ડર વગર દાખવી માનવતા

(એજન્સી) કોલંબો । તા. 06

મધ્ય પૂર્વમાં ફાટી નીકળેલા ભીષણ યુદ્ધની પ્રચંડ અસરો હવે હિંદ મહાસાગર સુધી વિસ્તરી છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના વધતા જતા તણાવની વચ્ચે શ્રીલંકા સરકારે એક અત્યંત સાહસિક અને માનવીય નિર્ણય લીધો છે. શ્રીલંકાએ ઈરાની નૌકાદળના જહાજ 'IRIS બુશહર' અને તેના ક્રૂ મેમ્બર્સને પોતાના આશરે લઈને સમગ્ર કાર્યવાહીનું નિયંત્રણ સંભાળી લીધું છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધની સ્થિતિ ચરમસીમાએ છે, તેમ છતાં શ્રીલંકાએ કોઈપણ દબાણ વગર આંતરરાષ્ટ્રીય દરિયાઈ કાયદા મુજબ કામગીરી હાથ ધરી છે.

ભારતમાં આયોજિત ઈન્ટરનેશનલ ફ્લીટ રિવ્યુ-2026 માં ભાગ લેવા આવેલું ઈરાની યુદ્ધજહાજ 'IRIS ડેના' બુધવારે શ્રીલંકાના દક્ષિણ કિનારા પાસે અમેરિકી સબમરીનના હુમલા બાદ સમુદ્રમાં ડૂબી ગયું હતું. આ કરુણ ઘટના બાદ તેનું સાથી જહાજ 'IRIS બુશહર' મુશ્કેલીમાં મુકાતા તેણે શ્રીલંકા પાસે મદદ માંગી હતી. મીડિયા અહેવાલ મુજબ, શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે સ્પષ્ટ કર્યું છે કે એક તટસ્થ દેશ તરીકે તેઓ માનવતાને પ્રાધાન્ય આપીને યુનાઈટેડ નેશન્સ મેરીટાઈમ લો મુજબ આ સ્થિતિને સંભાળી રહ્યા છે. વ્યાવસાયિક અને વ્યુહાત્મક સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને આ જહાજને મુખ્ય કોલંબો પોર્ટને બદલે પૂર્વમાં આવેલા સુરક્ષિત ત્રિંકોમાલી પોર્ટ પર લઈ જવામાં આવશે. જહાજ પર સવાર ૫૩ અધિકારીઓ અને ૮૪ કેડેટ્સ સહિત તમામ ૨૦૬ સભ્યોની તબીબી તપાસ કરવામાં આવશે. આ તમામ નાવિકોને નોંધણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વેલિસારા નેવી કેમ્પમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

# NFR સેવાનો સમયગાળો લંબાવીને અને ખાસ ટ્રેનો ચલાવીને કનેક્ટિવિટી વધારે છે

માલીગાંવ : તહેવારોની મોસમ દરમિયાન મુસાફરોના વધારાના ધસારાને ઓછો કરવા માટે, સાપ્તાહિક ખાસ ટ્રેન નંબર 04654/04653 (અમૃતસર - ન્યૂ જલપાઈગુડી - અમૃતસર) ને બંને દિશામાં ચાર વધારાની ટ્રીપ સુધી લંબાવવામાં આવી છે. સેવાનો સમયગાળો વધારવાથી દેશના ઉત્તર અને પૂર્વ ભાગો વચ્ચે કનેક્ટિવિટી મજબૂત બનશે, જેનાથી પંજાબ, બિહાર, પશ્ચિમ બંગાળ અને ઉત્તરપૂર્વના મુસાફરોને મુસાફરીમાં સરળતા રહેશે. વધુમાં, ગુવાહાટી અને દિલ્હી વચ્ચે એક-માર્ગી ખાસ ટ્રેન નંબર 05699



ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે વધારાની બેઠકો અને બર્થ પ્રદાન કરીને આસામ અને રાષ્ટ્રીય રાજધાની વચ્ચે ઉચ્ચ મુસાફરોની માંગને સંચાલિત કરવામાં મદદ કરશે.ટ્રેન નંબર 04654 (અમૃતસર - ન્યૂ જલપાઈગુડી) સાપ્તાહિક ખાસ ટ્રેન 4 માર્ચથી 25 માર્ચ, 2026 સુધી લંબાવવામાં આવી છે, જે દર બુધવારે શરૂ થશે. પરત ફરતી દિશામાં, ટ્રેન નંબર 04653 (ન્યૂ જલપાઈગુડી - અમૃતસર) સાપ્તાહિક સ્પેશિયલ 6 માર્ચથી 27 માર્ચ, 2026 સુધી લંબાવવામાં આવી છે, જેમાં દર શુક્રવારે મુસાફરી શરૂ થશે. આ ટ્રેન હાલના સેવા દિવસો, સમયપત્રક, રચના અને સ્ટોપેજ સાથે ચાલશે. તેવી જ રીતે, એક-માર્ગી સ્પેશિયલ ટ્રેન નંબર 05699 (ગુવાહાટી - દિલ્હી) 8 માર્ચ, 2026 (રવિવાર) ના રોજ ચાલશે. આ ટ્રેન ગુવાહાટીથી 21:30 વાગ્યે ઉપડશે અને 10 માર્ચ, 2026 ના રોજ 13:00 વાગ્યે દિલ્હી પહોંચશે. તેની મુસાફરી દરમિયાન, ટ્રેન રંગિયા, ન્યૂ જલપાઈગુડી, બેગુસરાય, છાપરા, વારાણસી અને પ્રયાગરાજ જંક્શન જેવા મહત્વપૂર્ણ સ્ટેશનો પર રોકાશે. મુસાફરોની સુવિધા માટે, આ ટ્રેનમાં એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ કોચ હશે. આ ખાસ ટ્રેનોના સેવા સમયગાળામાં વધારો થવાથી મુસાફરોને વધારાના મુસાફરી વિકલ્પો પૂરા પાડીને અને વ્યસ્ત રૂટ પર ભીડ ઘટાડીને ઘણો ફાયદો થશે. આ ટ્રેનોના સ્ટોપેજ અને સમયપત્રક અંગેની માહિતી IRCTC વેબસાઈટ અને ERW ના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે.

### ઉત્તરાખંડની પવિત્ર ચારધામ યાત્રાની રાહ જોઈ રહેલા લાખો શ્રદ્ધાળુઓ માટે મહત્વના સમાચાર

ઉત્તરાખંડની પવિત્ર ચારધામ યાત્રાની રાહ જોઈ રહેલા લાખો શ્રદ્ધાળુઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. શુક્રવાર, 6 માર્ચથી યાત્રા માટેની ઓનલાઈન નોંધણી પ્રક્રિયા સવારના 7 વાગ્યાથી સત્તાવાર રીતે શરૂ કરી દેવામાં આવી છે. ઉત્તરાખંડ પ્રવાસન વિભાગે આ માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. યાત્રાએ જવા ઈચ્છતા ભક્તો પ્રવાસન વિભાગની સત્તાવાર વેબસાઈટ registrationandtouristcare.uk.gov.in અથવા 'TouristCare Uttarakhand' મોબાઈલ એપ દ્વારા પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે. ભારતીય યાત્રાળુઓ માટે આધાર કાર્ડ ફરજિયાત છે, જ્યારે વિદેશી પ્રવાસીઓ તેમના ઈમેલ આઈડી દ્વારા નોંધણી કરાવી શકશે. જે લોકો ઓનલાઈન ફોર્મ ભરી શકતા નથી, તેમના માટે 17 એપ્રિલથી ઋષિકેશ, હરિદ્વાર અને વિકાસનગર ખાતે ઓફલાઈન કાઉન્ટર્સ પણ શરૂ કરવામાં આવશે.

### કર્ણાટક સરકારનો મોટો નિર્ણય: ૧૬ વર્ષથી ઓછી વયના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ

બેંગલુરુ: કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ શુક્રવારે વિધાનસભામાં વર્ષ ૨૦૨૬-૨૭ નું રાજ્ય બજેટ રજૂ કરતા એક ક્રાંતિકારી જાહેરાત કરી છે. બાળકોમાં મોબાઈલના વધતા જતા ઉપયોગ અને તેની વિપરીત અસરોને રોકવા માટે કર્ણાટક સરકાર ૧૬ વર્ષથી ઓછી વયના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ લાદશે. ૪,૪૮,૦૦૪ કરોડ રૂપિયાના આ બજેટમાં ટેકનોલોજી આધારિત વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પર્યાવરણ સુરક્ષા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સીએમએ આ બજેટને "અગ્નિને પ્રકાશમાં બદલવાનો સંકલ્પ" ગણાવ્યો છે. ટેક સિટી બેંગલુરુને વધુ આધુનિક બનાવવા માટે બજેટમાં અનેક મહત્વની જોગવાઈઓ કરવામાં આવી છે. ભારતીય વિજ્ઞાન સંસ્થાન (IISc) હેઠળ એક એઆઈ અને ટેકનોલોજી પાર્ક સ્થાપવામાં આવશે. આ ઉપરાંત, ઈસરો (ISRO) અને કેસોનિક્સ (KEONICS) ના સહયોગથી "બેંગલોર રોબોટિક્સ અને એઆઈ ઈનોવેશન ઝોન" નામનો અત્યાધુનિક કેમ્પસ બનાવવામાં આવશે.

## News Brief

### કટકમાં સીઆઈએસએફ (CISF) ના ૫૭મા સ્થાપના દિવસની ઉજવણીમાં ગૃહમંત્રીની હાજરી

કટક: કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ શુક્રવારે ઓડિશાની મુલાકાતે છે, જ્યાં તેમણે કટકના મુંડલી સ્થિત ખારવેલા રિજનલ ટ્રેનિંગ સેન્ટર ખાતે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (CISF) ના ૫૭મા સ્થાપના દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે તેમણે દેશની સુરક્ષામાં સીઆઈએસએફના યોગદાનને બિરદાવ્યું હતું. ભુવનેશ્વર એરપોર્ટ પર મુખ્યમંત્રી મોહન ચરણ માઝી દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન ગૃહમંત્રી ઓડિશાના સુરક્ષા અને શૈક્ષણિક માળખાને મજબૂત કરવા માટે



અનેક મહત્વના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ભૂમિપૂજન પણ કરશે.ગૃહમંત્રી અમિત શાહ ભુવનેશ્વરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU) ના કાયમી કેમ્પસનું ભૂમિપૂજન અને શિલાન્યાસ કરશે. ઓડિશા સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ૪૦ એકર જમીન પર આ અત્યાધુનિક કેમ્પસનું નિર્માણ કરવામાં આવશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, જ્યાં સુધી કાયમી કેમ્પસ તૈયાર ન થાય ત્યાં સુધી એનએફએસયુનું ટ્રાન્ઝિટ કેમ્પસ કાર્યરત રહેશે, જેનું ઉદ્ઘાટન પણ ગૃહમંત્રી વર્ચ્યુઅલ માધ્યમથી કરશે. આ કેમ્પસમાં ફોરેન્સિક સાયન્સ, ડિજિટલ ફોરેન્સિક અને સાયબર લો જેવા વિષયોમાં સ્પેશિયલાઈઝ્ડ અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે.તપાસ પ્રક્રિયાને વધુ આધુનિક બનાવવા માટે અમિત શાહ ભુવનેશ્વરમાં 'નવી ન્યાય સંહિતા' પર આધારિત એક પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે. આ ઉપરાંત, તેઓ એક મોબાઈલ ફોરેન્સિક વાનને લીલી ઝંડી બતાવી રવાના કરશે.

### અસદુદ્દીન ઓવૈસીએ પીએમ મોદી અને જયશંકરના 'મૌન' ને બંધારણીય જવાબદારીનું ઉલ્લંઘન ગણાવ્યું

નવી દિલ્હી: હિંદ મહાસાગરમાં અમેરિકી સબમરીન દ્વારા ઈરાની યુદ્ધ જહાજ 'આઈરીસ દેના' (IRIS Dena) ને ડૂબાડવાની ઘટનાએ ભારતમાં રાજકીય વિવાદ છેડ્યો છે. AIMIM ના વડા અસદુદ્દીન ઓવૈસીએ શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રી એસ. જયશંકર પર આકરા પ્રહાર કરતા આ ઘટના પર તેમના મૌનને



"બંધારણીય જવાબદારીમાં બેદરકારી" ગણાવી છે. ઓવૈસીએ સવાલ ઉઠાવ્યો છે કે ભારતીય જળસીમાની આટલી નજીક થયેલા હુમલા છતાં સરકાર કેમ કોઈ સત્તાવાર નિવેદન જારી કરી રહી નથી. ઓવૈસીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર શ્રેણીબદ્ધ પ્રશ્નો પૂછતા સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે પૂછ્યું કે, "શું ટ્રમ્પ વહીવટીતંત્રે ભારતની આટલી નજીક પરમાણુ સબમરીનનો ઉપયોગ કરતા પહેલા અને યુદ્ધ ક્ષેત્રનો વિસ્તાર કરતા પહેલા ભારત સરકારને જાણ કરી હતી? આપણે ક્વાડના સભ્ય અને અમેરિકાના વ્યૂહાત્મક ભાગીદાર છીએ, તો શું આપણને વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા?"ઓવૈસીએ ચિંતા વ્યક્ત કરી છે કે જો અમેરિકા આ રીતે ભારતીય જળસીમા પાસે ઓપરેશન કરશે અને ભારત મૌન રહેશે, તો તે ચીની નૌકાદળ માટે પણ એક માર્ગ મોકળો કરશે. તેમણે કહ્યું, "જો આ ચીની નૌકાદળ માટે આ વિસ્તારમાં કાર્યરત થવા માટેનો એક દાખલો બની જાય, તો શું મોદી સરકાર હજુ પણ મૌન રહેશે? આ ડરપોક વલણ ભારતની વ્યૂહાત્મક સાર્વભૌમત્વની પ્રતિષ્ઠાને નષ્ટ કરી રહ્યું છે અને આપણને વૈશ્વિક મંચ પર અપ્રસ્તુત બનાવી દેશે."

### નંદકિશોર યાદવ નાગાલેન્ડના નવા રાજ્યપાલ તરીકે નિયુક્ત, બિહારના નેતાઓએ નિર્ણયને વધાવ્યો

પટના: બિહારના રાજકારણના દિગ્ગજ નેતા અને પૂર્વ વિધાનસભા અધ્યક્ષ નંદકિશોર યાદવની નાગાલેન્ડના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા ગુરુવારે દેશભરના અનેક રાજ્યોના રાજ્યપાલ અને લેફ્ટનન્ટ ગવર્નરની અદલાબદલી અને નવી નિમણૂકો કરવામાં આવી હતી, જેમાં નંદકિશોર યાદવને આ મહત્વની જવાબદારી સોંપાઈ છે. બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિંહા અને ભાજપ પ્રદેશ પ્રમુખ સંજય સરાવગીએ આ નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે બિહારના અનુભવી નેતાઓ પર મોટો ભરોસો મૂક્યો છે. નંદકિશોર યાદવ ભાજપના વરિષ્ઠ કાર્યકર અને પટના સાહિબ મતવિસ્તારના પ્રતિનિધિ છે. તેઓ વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૫ સુધી બિહાર વિધાનસભાના અધ્યક્ષ તરીકે કાર્યરત હતા. તે પહેલાં તેમણે બિહાર સરકારમાં માર્ગ નિર્માણ અને આરોગ્ય જેવા મહત્વના કેબિનેટ મંત્રી પદ સંભાળ્યા છે. આ ઉપરાંત, તેઓ બિહાર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. આરએસએસ (RSS) સાથે જોડાયેલા યાદવનો બહોળો સંગઠનાત્મક અનુભવ નાગાલેન્ડના વિકાસમાં મદદરૂપ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

### કોંગ્રેસની માનસિકતા પર પ્રહાર કરવામાં આવ્યો | પંજાબ વિધાનસભા બજેટ સત્ર દરમિયાન હોબાળો

# પંજાબના મંત્રી હરભજન સિંહે કોંગ્રેસના પ્રતાપ બાજવાની ટિપ્પણીને સખત શબ્દોમાં વખોડી

ચંદીગઢ: પંજાબ વિધાનસભાના બજેટ સત્રની શરૂઆત ગરમાગરમી સાથે થઈ છે. પંજાબના કેબિનેટ મંત્રી હરભજન સિંહે શુક્રવારે કોંગ્રેસના નેતા પ્રતાપ સિંહ બાજવા દ્વારા તેમના પર કરવામાં આવેલી વ્યક્તિગત ટિપ્પણીની આકરી ટીકા કરી છે. બાજવાએ હરભજન સિંહના ભૂતકાળ અને તેમના પરિવારના બેન્ડ મ્યુઝિશિયન હોવા અંગે કરેલા કટાક્ષને મંત્રીએ 'નિમ્ન કક્ષાની અને ગરીબ-મજૂર વિરોધી' માનસિકતા ગણાવી છે. આ વિવાદને પગલે આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ વિધાનસભામાં ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

પ્રતાપ સિંહ બાજવાએ અગાઉ હરભજન સિંહ પર ભ્રષ્ટાચારના આક્ષેપો કરવાની સાથે તેમની પૃષ્ઠભૂમિ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, "જે બેન્ડ પ્લેયર હતો, તેને અમે પાઠ ભણાવીશું." આ બાબતે



**સરકારી આવકના આંકડાકીય તુલના**

**નાણામંત્રી હરપાલ ચીમાએ રજૂ કરેલા આંકડા મુજબ કોંગ્રેસ અને આપ સરકારની આવકમાં મોટો તફાવત છે:**

| આવકનો સ્ત્રોત | કોંગ્રેસ સરકાર (રૂપિયામાં) | આપ સરકાર (૪૬ મહિનામાં) |
|---|---|---|
| એક્સાઈઝ આવક | ૨૭,૩૯૫ કરોડ | ૩૭,૯૭૫ કરોડ |
| GST આવક | ૬૧,૦૦૦ કરોડ | ૮૩,૦૦૦ કરોડ |

વળતો પ્રહાર કરતા હરભજન સિંહે મીડિયાને જણાવ્યું કે, "મને ગર્વ છે કે હું એક બેન્ડ મ્યુઝિશિયનનો પુત્ર છું. અરવિંદ કેજરીવાલ અને ભગવંત માનના સમર્થનને કારણે જ મારા જેવા સામાન્ય પરિવારનો માણસ આજે આ પદ પર પહોંચ્યો છે. કોંગ્રેસની આ ટિપ્પણી તેમની અસલી માનસિકતા છતી કરે છે અને આ તેમના પતનનું છેલ્લું કારણ બનશે."

આ વિવાદ વચ્ચે પંજાબના નાણામંત્રી હરપાલ સિંહ ચીમાએ રાજ્યના આગામી બજેટ અંગે મહત્વની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે ૮ માર્ચ એટલે કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ રજૂ થનારું બજેટ પંજાબના ઈતિહાસમાં યાદગાર રહેશે. ચીમાએ દાવો કર્યો છે કે વર્તમાન સરકારના શાસનમાં રાજ્યની તિજોરીમાં આવકનો મોટો વધારો થયો છે. ખાસ કરીને એક્સાઈઝ અને જીએસટી કલેક્શનમાં ગત કોંગ્રેસ સરકાર કરતા ઘણો સુધારો જોવા મળ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ વધેલી આવકનો ઉપયોગ રાજ્યના વિકાસલક્ષી કાર્યો અને જનકલ્યાણની યોજનાઓ માટે કરવામાં આવશે.

પંજાબ વિધાનસભાનું ૧૨મું બજેટ સત્ર ૬ માર્ચથી શરૂ થયું છે. આ સત્ર દરમિયાન વિપક્ષ કોંગ્રેસ સરકારને વિવિધ મુદ્દે ઘેરવાનો પ્રયાસ કરી રહી છે, જ્યારે સત્તાધારી પક્ષ પોતાની આર્થિક સિદ્ધિઓ રજૂ કરીને વિપક્ષ પર પ્રહાર કરી રહ્યો છે. હરભજન સિંહે સ્પષ્ટ કર્યું છે કે તેઓ આ અપમાનજનક ટિપ્પણી મામલે શાંત બેસશે નહીં અને તેને કાયદાકીય અથવા રાજકીય રીતે આગળ લઈ જશે. પંજાબના રાજકારણમાં અત્યારે આ વ્યક્તિગત આક્ષેપબાજીએ જોર પકડ્યું છે.

### "નેતા પોતાના નિર્ણય પર પુનઃવિચાર કરે": નીતીશ કુમારના રાજ્યસભા જવાના નિર્ણયનો સમર્થકો દ્વારા વિરોધ

પટના: બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે રાજ્યના રાજકારણને અલવિદા કહી દિલ્હી જવાનો અને રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાનો નિર્ણય લેતા જ તેમના સમર્થકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. નીતીશ કુમારને બિહારમાં જ રહેવા માટે વિનંતી કરતા પોસ્ટરો લગાવ્યા હતા. આ પોસ્ટરોમાં નીતીશ કુમારને તેમના આ નિર્ણય પર "પૂર્ણવિચાર" એટલે કે પુનઃવિચાર કરવા માટે હાકલ કરવામાં આવી છે. જેડીયુ કાર્યાલયની બહાર લગાવવામાં આવેલા પોસ્ટરોમાં કાર્યકરોની લાગણી સ્પષ્ટપણે જોવા મળી હતી. પોસ્ટરમાં લખવામાં આવ્યું હતું કે, "નીતીશ સેવક કર રહા પુકાર, નેતા કરે અપને નિર્ણય પર પૂર્ણવિચાર". વધુમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે લોકશાહીમાં જનાદેશનું ઉલ્લંઘન અને આત્મસન્માન સાથેની બાંધછોડ હવે સહન કરવામાં આવશે નહીં. સમર્થકોનું માનવું છે કે બે દાયકાથી વધુ સમય સુધી બિહારનું નેતૃત્વ કર્યા પછી નીતીશ કુમારનું જવું રાજ્ય માટે મોટો ફટકો છે.

### બિહારના રાજકારણમાં મોટો પલટો જોવા મળી રહ્યો છે

# નીતીશ કુમાર પીએમ મોદી અને અમિત શાહની ચાલ સામે હારી ગયા: ભૂપેશ બઘેલ

રાયપુર: બિહારના રાજકારણમાં ફરી એકવાર ભૂકંપ સર્જાયો છે. લાંબા સમય સુધી બિહારના મુખ્યમંત્રી પદે રહેલા નીતીશ કુમારે રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવતા રાજકીય ગરમાવો વધી ગયો છે. છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભૂપેશ બઘેલે શુક્રવારે આ મુદ્દે આકરો પ્રહાર કરતા જણાવ્યું હતું કે, નીતીશ કુમાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વ્યૂહાત્મક ચાલ સામે 'પરાજિત' થયા છે. બઘેલના મતે, ભાજપ ઘણા સમયથી નીતીશ કુમારને મુખ્યમંત્રી પદ પરથી હટાવવા માંગતું હતું અને હવે તે યોજના સફળ થઈ છે.ભૂપેશ બઘેલે રાયપુરમાં પત્રકારો સાથે વાત કરતા દાવો કર્યો હતો કે, બિહાર વિધાનસભાની ચૂંટણી સમયથી જ ભાજપે નીતીશ કુમારને મુખ્યમંત્રી તરીકે સ્વીકારવાની ના પાડી દીધી હતી. તેમણે કહ્યું, "બિહારમાં હવે મુખ્યમંત્રી બદલાશે તે સ્પષ્ટ છે. નીતીશ કુમારે ૧૦મી વખત શપથ લીધા હતા, પરંતુ અંતે મોદી અને શાહની ચાલમાં તેઓ હારી ગયા છે." બઘેલના મતે નીતીશ કુમારને જાણીજોઈને દિલ્હી ખસેડવામાં આવ્યા છે જેથી બિહારમાં ભાજપ પોતાનો સંપૂર્ણ અંકુશ મેળવી શકે. નીતીશ કુમારના આ નિર્ણયથી જનતા દળ (યુનાઈટેડ) ના સમર્થકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. શુક્રવારે પક્ષના પટના સ્થિત કાર્યાલય બહાર અનેક પોસ્ટરો લાગ્યા હતા, જેમાં નીતીશ કુમારને તેમના નિર્ણય પર પુનઃવિચાર કરવા વિનંતી કરવામાં આવી હતી. પોસ્ટરમાં લખ્યું હતું કે, "નીતીશ સેવક કર રહા પુકાર, નેતા કરે અપને નિર્ણય પર પૂર્ણવિચાર". સમર્થકોનું કહેવું છે કે લોકશાહીમાં જનતાના જનાદેશનું અપમાન સહન કરવામાં આવશે નહીં.

### "પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ અત્યંત અસામાન્ય": કોલકાતામાં રાજનાથ સિંહનું નિવેદન

કોલકાતા: પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ સંઘર્ષને કારણે વૈશ્વિક ઉર્જા સુરક્ષા જોખમાઈ છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શુક્રવારે કોલકાતામાં 'સાગર સંકલ્પ મેરીટાઈમ કોન્ક્લેવ' ને સંબોધતા જણાવ્યું હતું કે મધ્ય પૂર્વની વર્તમાન પરિસ્થિતિ "અત્યંત અસામાન્ય" છે. તેમણે ચિંતા વ્યક્ત કરી કે હોર્મુઝની સામુદ્રધુની અને પર્શિયન ગલ્ફ જેવા મહત્વના વેપારી માર્ગોમાં વિક્ષેપ પડવાથી માત્ર ઉર્જા ક્ષેત્ર જ નહીં, પણ વૈશ્વિક વેપાર અને અર્થતંત્રના અન્ય ક્ષેત્રો પણ પ્રભાવિત થયા છે. રાજનાથ સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે પર્શિયન ગલ્ફનો વિસ્તાર વિશ્વની ઉર્જા સુરક્ષા માટે કરોડરજ્જુ સમાન છે. તેમણે કહ્યું, "જ્યારે પણ આ ક્ષેત્રમાં અસ્થિરતા આવે છે, ત્યારે તેની સીધી અસર તેલ અને ગેસના સપ્લાય પર પડે છે. અત્યારે આપણે સપ્લાય ચેઈનમાં મોટો વિક્ષેપ જોઈ રહ્યા છીએ. આ અચોક્કસતાની સીધી અસર વૈશ્વિક વેપાર પર પડી રહી છે." સંરક્ષણ મંત્રીના મતે, વિવિધ રાષ્ટ્રો વચ્ચે જમીન, આકાશ, પાણી અને અવકાશમાં વધી રહેલી સ્પર્ધા ચિંતાનો વિષય છે.

### રશિયન તેલની ખરીદી માટે અમેરિકાની મંજૂરી મુદ્દે અરવિંદ કેજરીવાલે પીએમ મોદીનું રાજીનામું માંગ્યું

નવી દિલ્હી: દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા છે. અમેરિકા દ્વારા ભારતીય રિફાઈનરીઓને રશિયા પાસેથી તેલ ખરીદવા માટે આપવામાં આવેલી ૩૦ દિવસની વિશેષ છૂટછાટ



(Waiver) ના મુદ્દે કેજરીવાલે પીએમ મોદીનું રાજીનામું માંગ્યું છે. કેજરીવાલે આક્ષેપ કર્યો છે કે ભારત જેવા સાર્વભૌમ દેશે તેલ ખરીદવા માટે અમેરિકાની પરવાનગી લેવી પડે તે દેશ માટે અત્યંત દુઃખદ અને શરમજનક બાબત છે.અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ દ્વારા કેન્દ્ર સરકારની વિદેશ નીતિ પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે લખ્યું, "રશિયા પાસેથી તેલ ખરીદવા માટે ભારતને પરવાનગી આપનાર અમેરિકા કોણ છે? ભારતને અમેરિકાની પરવાનગીની જરૂર જ કેમ છે? છેલ્લા કેટલાક મહિનામાં દેશવાસીઓએ જોયું છે કે પીએમ મોદી સતત ડોનાલ્ડ ટ્રમ્પ સામે ઝૂકી રહ્યા છે. તમારી એવી કઈ મજબૂરી છે કે તમે ટ્રમ્પ સામે બોલવાની હિંમત પણ કરી શકતા નથી?" ભારતના ઈતિહાસ અને બહાદુરીનો ઉલ્લેખ કરતા કેજરીવાલે ઉમેર્યું કે, ભારત ૧૪૦ કરોડ લોકોનો મહાન દેશ છે જેણે અનેક વીર યોદ્ધાઓ પેદા કર્યા છે. ભારતે ક્યારેય કોઈ દેશ સામે આ રીતે માથું નમાવ્યું નથી. તેમણે પીએમ મોદીને સંબોધતા કહ્યું કે, "જો ટ્રમ્પ તમારી કોઈ મજબૂરીનો ફાયદો ઉઠાવી રહ્યા હોય, તો દેશના હિતમાં કૃપા કરીને રાજીનામું આપી દો, પરંતુ ભારતનું માથું આ રીતે ન નમાવો. દેશવાસીઓ આ જોઈને અત્યંત પીડામાં છે."

### દિલ્હીના દ્વારકામાં વિઝા વિના રહેતા ૫ નાઈજિરિયન નાગરિકોને દેશનિકાલ કરાયા, વિદેશી નાગરિકોની તપાસ તેજ

નવી દિલ્હી: દેશની રાજધાની દિલ્હીમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકો સામે દિલ્હી પોલીસે લાલ આંખ કરી છે. દ્વારકા જિલ્લા પોલીસે શુક્રવારે જાહેરાત કરી હતી કે, વિઝાની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં ભારતમાં રોકાયેલા ૫ નાઈજિરિયન નાગરિકોને દેશનિકાલ (Deport) કરવામાં આવ્યા છે. ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવેલી ખાસ તપાસ ઝુંબેશમાં આ નાગરિકો પાસે માન્ય પ્રવાસ દસ્તાવેજો ન હોવાનું બહાર આવ્યું હતું, ત્યારબાદ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને તેમને તેમના દેશ પરત મોકલી દેવામાં આવ્યા છે.દ્વારકા જિલ્લા પોલીસની ઓપરેશન યુનિટ અને સ્થાનિક પોલીસ સ્ટેશનોએ સમગ્ર જિલ્લામાં વેરિફિકેશન ડ્રાઈવ ચલાવી હતી. આ કાર્યવાહી દરમિયાન જે પાંચ નાગરિકોને દેશનિકાલ કરાયા છે તેમાં મેથ્યુ ચિક્વોડો ઓનુવા, પોલ ઓન્યેકાચી એકવેન્ઝ અને આયુગુહજ એલ્વિસનો સમાવેશ થાય છે, જેમની અટકાયત ઉત્તમ નગર પોલીસ મથકે કરી હતી. આ ઉપરાંત, ક્રિસ્ટોફર ઉચેચુકુ કાલુ અને જોન નમદી ઓકાફોરને દ્વારકા જિલ્લાના એન્ટી નાર્કોટિક્સ સેલ દ્વારા પરત મોકલવામાં આવ્યા છે.પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે આ તમામ વ્યક્તિઓ માન્ય વિઝા વિના ભારતમાં રોકાયા હતા. તેમને ફોરેનર્સ રીજનલ રજીસ્ટ્રેશન ઓફિસ (FRRO) સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જેણે તેમના દેશનિકાલ અને પ્રત્યાર્પણનો આદેશ આપ્યો હતો. દેશનિકાલ કરતા પહેલા તેમને ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યા હતા. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, ગેરકાયદેસર રીતે રહેતા વિદેશી નાગરિકો દેશની સુરક્ષા માટે પણ પડકારરૂપ બની શકે છે, તેથી આવી તપાસ સમયાંતરે કરવામાં આવે છે.આ પહેલા જાન્યુઆરી મહિનામાં પણ દિલ્હી પોલીસના દક્ષિણ-પશ્ચિમ જિલ્લાની ટીમે બે આફ્રિકન નાગરિકોની ધરપકડ કરી હતી.નવા વર્ષની પૂર્વ સંધ્યાએ નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ગુપ્ત માહિતીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન તેમણે દાવો કર્યો હતો કે તેમના વિઝા દસ્તાવેજો દૂતાવાસમાં જમા છે.

### નીતીશ કુમારનું રાજ્યસભા નામાંકન તેમનો પોતાનો નિર્ણય: બિહારના મંત્રી દિલીપ જાયસ્વાલ

પટના: બિહારના રાજકારણમાં છેલ્લા બે દાયકાથી કેન્દ્રસ્થાને રહેલા નીતીશ કુમારે રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવીને તમામને ચોંકાવી દીધા છે. બિહારના મંત્રી દિલીપ જાયસ્વાલે શુક્રવારે જણાવ્યું હતું કે, નીતીશ કુમારનું રાજ્યસભામાં જવું એ તેમનો અંગત નિર્ણય છે અને તેઓ 'વિકસિત બિહાર' ના તેમના સ્વપ્નને સાકાર કરવા માટે સતત પ્રયત્નશીલ રહેશે. જાયસ્વાલે ઉમેર્યું કે, નીતીશ કુમારે બિહારની પ્રગતિ માટે જે પાયો નાખ્યો છે, તેને આગળ ધપાવવામાં તેમનું માર્ગદર્શન હંમેશા મળતું રહેશે. બીજી તરફ, મંત્રી રામકૃપાલ યાદવે આ ઘટનાક્રમને જનતા દળ (યુનાઈટેડ) નો આંતરિક મામલો ગણાવ્યો છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, નીતીશ કુમારના નેતૃત્વમાં પક્ષ એકજૂથ છે અને તેમનો નિર્ણય પક્ષમાં સર્વોપરી છે. વિપક્ષી નેતાઓ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, "વિપક્ષ અત્યારે ગભરાટમાં છે કારણ કે તેમની વિશ્વસનીયતા દરરોજ ઘટી રહી છે. એનડીએ (NDA) એકજૂથ છે અને બિહારમાં નવી સરકાર ચલાવવા માટે અમે સાથે મળીને કામ કરી રહ્યા છીએ."

**નામ બદલેલ છે**

મારુ જૂનું નામ :- **સંદિપસિંહ ગણપતસિંહ પરમાર** હતું જે બદલીને નવું નામ:- **સંદિપકુમાર ગણપતસિંહ પરમાર** કર્યું છે. જેની નોંધ લેવી.

**સરનામું** :- રાજપૂત ફળીયા, દુલસાડ તા. વલસાડ, ડી: વલસાડ, ગુજરાત - ૩૯૬૦૦૭

**નામ બદલેલ છે**

મારુ જૂનું નામ : :- **પ્રિયા સંદિપસિંહ પરમાર** હતું જે બદલીને નવું નામ:- **પ્રિયા સંદિપકુમાર પરમાર** કર્યું છે. જેની નોંધ લેવી.

**સરનામું** :- રાજપૂત ફળીયા, દુલસાડ તા. વલસાડ, ડી: વલસાડ, ગુજરાત - ૩૯૬૦૦૭

### "આ વિદેશ નીતિ નથી, પણ મજબૂર વ્યક્તિનું શોષણ છે": રાહુલ ગાંધીનો કેન્દ્ર પર પ્રહાર

નવી દિલ્હી: અમેરિકા દ્વારા રશિયન તેલની ખરીદી માટે ભારતને આપવામાં આવેલી ૩૦ દિવસની કામચલાઉ છૂટછાટ બાદ દેશમાં રાજકીય વાતાવરણ ગરમાયું છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે ભારતની વિદેશ નીતિને "એક મજબૂર વ્યક્તિનું શોષણ" ગણાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા છે. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ભારતની વિદેશ નીતિ આપણા ઈતિહાસ, ભૂગોળ અને સત્ય-અહિંસાના આદર્શો પર આધારિત હોવી જોઈએ, પરંતુ વર્તમાનમાં જે જોવા મળી રહ્યું છે તે માત્ર દબાણ હેઠળ લેવાયેલા નિર્ણયો છે.

**ભારત સરકાર**
**પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય**

જી.બી. પંત રાષ્ટ્રીય હિમાલય પર્યાવરણ સંસ્થાન, કોસી-કટારમલ, અલ્મોડા, ઉત્તરાખંડમાં નિયામક (ડાયરેક્ટર) ની જગ્યા ભરવા માટેની જાહેરાત.

જાહેરાત ક્રમાંક: 15/07/2017-સંસ્થા-1 (એમ.ડી.)

ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળ કોસી-કટારમલ (ઉત્તરાખંડ) માં સ્થિત એક અગ્રણી સ્વાયત્ત સંસ્થા, જી.બી. પંત રાષ્ટ્રીય હિમાલય પર્યાવરણ સંસ્થાન (GBPNIHE) માં કેન્દ્ર સરકારના નિયમો અનુસાર સ્વીકૃત પગાર ધોરણ સહિત સંશોધિત પગાર ધોરણ 2016 મુજબ પે-લેવલ 14, પે-મેટ્રિક્સ (રૂ. 1,44,200 - 2,18,200) પર નિયામકની જગ્યા ભરવા માટે ઓનલાઈન માધ્યમથી અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે.

જી.બી. પંત રાષ્ટ્રીય હિમાલય પર્યાવરણ સંસ્થાનમાં નિયામકની જગ્યા ભરતીના નિયમો મુજબ ડેપ્યુટેશન (પ્રતિનિયુક્તિ) ના આધારે ભરવાનું પ્રસ્તાવિત છે.

વય મર્યાદા: ડેપ્યુટેશન પર નિમણૂક માટે અરજી મેળવવાની છેલ્લી તારીખ સુધીમાં અરજદારની વય મર્યાદા 56 વર્ષ છે.

વિગતો અને ફોર્મ: આ જાહેરાતની વિગતો, નિર્ધારિત ફોર્મ અને અરજી માટેના જોડાણો મંત્રાલયની વેબસાઈટ https://moefccrecruitment.nic.in/mrstaging પર ઉપલબ્ધ છે.

અરજી કરવાની છેલ્લી તારીખ: રોજગાર સમાચાર (એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ) માં આ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી 30 દિવસ સુધી.

CBC 13101/11/0025/2526

સિટી એક્સપ્રેસ

SATURDAY 07 MARCH-2026

AHMEDABAD


## ગાંધીનગર રોજગાર કચેરી અને BSFની અનોખી પહેલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળની ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા યુવાનોને સંરક્ષણ અને પોલીસ દળમાં કારકિર્દી બનાવવા માટે અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. આ તાલીમનો હેતુ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના યુવાનોને આર્મી, BSF, CRPF તથા ગુજરાત પોલીસ જેવી સુરક્ષા સંસ્થાઓની ભરતી માટે શારીરિક અને માનસિક રીતે સજ્જ કરવાનો છે. અત્યાર સુધી યોજાયેલી ૬ બેચમાં કુલ ૧૮૦ યુવાનોએ તાલીમ મેળવી છે.

## દિવ્યાંગો માટે રાજ્યકક્ષાના પારિતોષિક માટે અરજીઓ મંગાવાઈ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર દ્વારા વર્ષ-૨૦૨૫ માટે આપવામાં આવનાર રાજ્યકક્ષાના દિવ્યાંગ પારિતોષિક માટે લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. આ પારિતોષિક યોજના અંતર્ગત ચાર કેટેગરીમાં અરજી કરી શકાશે, જેમાં શ્રેષ્ઠ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારી, સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિ, દિવ્યાંગોને રોજગાર આપનાર શ્રેષ્ઠ નોકરીદાતા તથા દિવ્યાંગોને રોજગારી અપાવવામાં નોંધપાત્ર કામગીરી કરનાર પ્લેસમેન્ટ ઓફિસરનો સમાવેશ થાય છે.



### રાઘવેન્દ્ર વત્સની અમદાવાદ રેન્જ આઈજી તરીકે બદલી : એ.જી. ચૌહાણ અમદાવાદ શહેર ટ્રાફિકના જોઈન્ટ પોલીસ કમિશનર

# ગુજરાતમાં 37 IPSની બદલી: અનેક PSI જેની રેડ બાદ સસ્પેન્ડ થયા એવા નિર્લિપ્ત રાયની SMCમાંથી વિદાય; શમશેર સિંઘને નિવૃત્તિના 25 દિવસ પહેલા પોસ્ટિંગ, 2 મહિના રાહ જોઈ હતી

અમદાવાદ | ગુજરાત ગૃહ વિભાગ દ્વારા રાજ્યના પોલીસ તંત્રમાં મોટો વહીવટી ફેરફાર કરતા 37 IPS અધિકારીઓની સામુહિક બદલીના આદેશ જાહેર કરવામાં આવ્યા છે, જેમાં અનેક મહત્વના હોદ્દાઓ અપગ્રેડ અને ડાઉનગ્રેડ કરવામાં આવ્યા છે. આ ફેરબદલમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ના વડા નિર્લિપ્ત રાયને રાજકોટ રેન્જ IG તરીકે નવી જવાબદારી સોંપાઈ છે, જ્યારે CBIનો બહોળો અનુભવ ધરાવતા રાઘવેન્દ્ર વત્સને અમદાવાદ રેન્જ IG અને ગગનદીપ ગંભીરને SMCનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.આ સાથે જ લાંબા સમયથી વેઈટિંગમાં રહેલા સિનિયર IPS શમશેર સિંઘને સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના કમાન્ડન્ટ જનરલ તરીકે નિયુક્તિ આપી નિવૃત્તિ પૂર્વે મહત્વનું પોસ્ટિંગ અપાયું છે. અમદાવાદમાં પણ ઝોન-8ની નવી રચના સાથે ટ્રાફિક અને ક્રાઈમ વિભાગમાં મોટા ફેરફાર કરી રાજ્ય સરકારે સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કર્યો છે. કેન્દ્રીય તપાસ એજન્સી CBIમાં લગભગ પાંચ વર્ષની લાંબી ડેપ્યુટેશન સેવા પૂર્ણ કરી ગુજરાત કેડરમાં પરત ફરેલા IPS અધિકારી રાઘવેન્દ્ર વત્સની અમદાવાદ રેન્જ આઈજી તરીકે બદલી કરવામાં આવી છે. રાઘવેન્દ્ર વત્સ હાલમાં સુરત ખાતે જોઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ) તરીકે ફરજ બજાવી રહ્યા હતા. સીબીઆઈના બહોળા અનુભવ બાદ તેમની સુરત ક્રાઈમમાં નિમણૂક કરવામાં આવી હતી, જોકે હવે રાજ્ય સરકાર દ્વારા તેમને અમદાવાદ રેન્જની મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે.અમદાવાદ શહેરમાં પણ મહત્ત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યા છે. એ.જી. ચૌહાણને અમદાવાદ શહેર ટ્રાફિકના જોઈન્ટ પોલીસ કમિશનર તરીકે અને એન.એન.ચૌધરીને ઈન્ટેલિજન્સ-2 ગાંધીનગરમાં IG તરીકે મુકવામાં આવ્યા છે. સુરત શહેરમાં પણ પોલીસ તંત્રમાં બદલાવ કરવામાં આવ્યા છે. મહેન્દ્ર બગડિયાને સુરત શહેર સેક્ટર-2ના એડિશનલ પોલીસ કમિશનર તરીકે અને કરનરાજ વાઘેલાને સુરત શહેરમાં એડિશનલ પોલીસ કમિશનર (ક્રાઈમ) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં ઝોન 8 બનશે, અત્યાર સુધી 7 ઝોન હતા, ત્યારે હવે ઝોન 8 બનશે જેમાં DCP તરીકે મયૂર પાટીલની નિમણૂક કરવામાં આવી છે.

1991 બેચના સિનિયર આઈ.પી.એસ શમશેરસિંઘનું એસીબીમાંથી ડેપ્યુટેશન પર જવું અને ત્યાંથી પરત ગુજરાત આવવું એ ભારે ચર્ચાનો વિષય રહ્યો હતો. કારણ, શમશેરસિંઘ જ્યારે ડેપ્યુટેશન પર જવાના હતા ત્યારે તે વિકાસ સહાય બાદ રાજ્યના મોસ્ટ સિનિયર IPS હતા, તેમના જવાથી રાજ્યના નવા DGP કોણ બનશે તે ચર્ચાઓ રહી હતી. હવે જ્યારે શમશેરસિંઘ પરત આવ્યાં છે ત્યારે તેમને સત્તાવાર રીતે 7 જાન્યુઆરીથી વેઈટિંગ ફોર પોસ્ટિંગમાં મુકાયા હતા. આમ બે મહિના બાદ પોસ્ટિંગ મળ્યું છે.બીજી તરફ, સુરત શહેરના ઈકોનોમિક સેલમાં DCP તરીકે કાર્યરત કરણરાજ વાઘેલાને સુરતમાં જ મોટી બઢતી સાથે નવી નિમણૂક મળી છે. વલસાડથી સુરત ઈકોનોમિક સેલમાં બદલી પામેલા કરણરાજ વાઘેલાનું તાજેતરમાં પ્રમોશન આવ્યું હતું, જે બાદ હવે તેમની નિમણૂક સુરત શહેરના જોઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ) તરીકે કરવામાં આવી છે. સુરતની ભૌગોલિક સ્થિતિ અને ગુનાખોરીના પ્રકારથી વાકેફ હોવાને કારણે તેમની આ નિમણૂક શહેરની સુરક્ષા વ્યવસ્થા માટે મહત્ત્વની સાબિત થશે.આ ઉપરાંત, લાંબા સમયથી પ્રમોશન બાદ પોસ્ટિંગની રાહ જોઈ રહેલા હિતેશ જોયસરને પણ નવી જવાબદારી સોંપવામાં આવી છે. પૂર્વ સુરત જિલ્લા ગ્રામ્ય SP તરીકે ફરજ બજાવી ચૂકેલા હિતેશ જોયસરને ઘણા મહિનાઓ પહેલા ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ તરીકેનું પ્રમોશન મળ્યું હતું, પરંતુ તેઓ પોસ્ટિંગની રાહમાં હતા. આખરે, રાજ્ય સરકાર દ્વારા તેમને ગાંધીનગર ખાતે ઈન્ટેલિજન્સ વિભાગમાં DIG તરીકે મહત્ત્વનું પોસ્ટિંગ આપવામાં આવ્યું છે. અમદાવાદ શહેર ટ્રાફિક JCP એન.એન ચૌધરીની ગાંધીનગર ઈન્ટેલિજન્સમાં IG તરીકે બદલી કરવામાં આવી છે.

## પશ્ચિમ રેલવે ચલાવશે ચાર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો

(એજન્સી) અમદાવાદ | તા.06

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તથા મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ, અમદાવાદ-છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ તથા અમદાવાદ-પુણે વચ્ચે વિશેષ ભાડે ચાર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે.ટ્રેનોની વિગતો નીચે મુજબ છે: 1. ટ્રેન નં. 09029/09030 બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ [02 ફેરા], ટ્રેન નં. 09029 બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સ્પેશિયલ રવિવાર, 08 માર્ચ 2026ના રોજ 00:05 વાગ્યે બાંદ્રા ટર્મિનસથી પ્રસ્થાન કરી એ જ દિવસે 08:40 વાગ્યે અમદાવાદ પહોંચશે. તે જ રીતે ટ્રેન નં. 09030 અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ સોમવાર, 09 માર્ચ 2026ના રોજ 03:20 વાગ્યે અમદાવાદથી પ્રસ્થાન કરી એ જ દિવસે 11:35 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, ભરૂચ અને વડોદરા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી 2-ટિયર અને એસી 3-ટિયર ના કોચ હશે. 2. ટ્રેન નં. 09044/09043 અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ [02 ફેરા], ટ્રેન નં. 09044 અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ સોમવાર, 09 માર્ચ 2026ના રોજ 03:50 વાગ્યે અમદાવાદથી પ્રસ્થાન કરી એ જ દિવસે 12:15 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તે જ રીતે ટ્રેન નં. 09043 બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સ્પેશિયલ સોમવાર, 09 માર્ચ 2026ના રોજ 14:30 વાગ્યે બાંદ્રા ટર્મિનસથી પ્રસ્થાન કરી એ જ દિવસે 22:55 વાગ્યે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં વડોદરા, ભરૂચ, સુરત, વાપી, અને બોરીવલી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી 3-ટિયર ના કોચ હશે.3. ટ્રેન નં. 01154/01153 અમદાવાદ - છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સુપરફાસ્ટ એસી સ્પેશિયલ [02 ફેરા], ટ્રેન નં. 01154 અમદાવાદ-છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સ્પેશિયલ સોમવાર, 09 માર્ચ 2026ના રોજ 04:00 વાગ્યે અમદાવાદથી પ્રસ્થાન કરી એ જ દિવસે 12:55 વાગ્યે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ પહોંચશે.

## ગુજરાતમાં હોળી-ધૂળેટીના તહેવારમાં નદી-તળાવમાં ડૂબી જવાથી 36નાં મોત

અમદાવાદ | ગુજરાતમાં એક તરફ લોકો હર્ષોલ્લાસ સાથે ધૂળેટીની ઉજવણી કરી રહ્યા હતા, ત્યારે બીજી તરફ કેટલાક સ્થળોએ રંગોત્સવનો આ આનંદ માતમમાં ફેરવાઈ ગયો હતો. પર્વની ઉજવણી બાદ નદી, કેનાલ અને તળાવમાં ન્હાવા પડેલા કુલ 36 લોકોના ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યા છે. આ અકસ્માતોમાં ક્યાંક બે સગા ભાઈઓએ તો ક્યાંક બે પિતરાઈ ભાઈઓએ સાથે જીવ ગુમાવ્યા છે, જ્યારે અંજાર નજીક બનેવીની નજર સામે જ સાળો પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. સામાન્ય રીતે ધૂળેટી દરમિયાન જાહેર જળસ્ત્રોતો પર ન્હાવા જવાની મનાઈ હોવા છતાં, લોકો અવાવરું સ્થળોએ પહોંચી જતા હોય છે. આવી ક્ષણિક બેદરકારી અંતે પરિવાર માટે આજીવનનું દુઃખ બની જતી હોય છે. અમદાવાદના કુબેરનગર અને નરોડા વિસ્તારના ચાર મિત્રો ગઈકાલે બપોરે નાના ચિલોડા પાસે નંદીગ્રામ નજીક સાબરમતી નદીમાં ન્હાવા પડ્યા હતા. આ બનાવના પગલે રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદ પૂર્વમાં ક્રાઈમ વધતા નવો ઝોન બનાવવો પડ્યો

(એજન્સી) અમદાવાદ | તા.06

રાજ્યના 37 IPSની બદલી કરવામાં આવી છે, જેમાં અમદાવાદ શહેરમાં ઝોન 8ના DCP તરીકે મયૂર પાટીલની નિમણૂક કરવામાં આવી છે. જોકે હજુ સુધી ઝોન 8 બનાવવામાં આવ્યો નથી, જેથી અમદાવાદ આગામી દિવસમાં ઝોન 8 બનશે. અમદાવાદ પૂર્વમાં ક્રાઈમ વધતા નવો ઝોન બનાવવો પડ્યો છે. જેમાં અલગ અલગ પોલીસ સ્ટેશન પણ બનશે તો 15 પોલીસ સ્ટેશનની હદમાં ફેરફાર થશે. વસ્ત્રાલ નવું પોલીસ સ્ટેશન બનશે. આગામી એક મહિનામાં ઝોન 8ને ફાળવી દેવામાં આવશે. અમદાવાદ શહેરનો હદ વિસ્તાર વધતા ઝોન 8 અંગે ચર્ચાઓ ચાલી હતી. જે હવે DCP મયુર પાટીલની નિમણૂક થતા નવો ઝોન બનવાની મહોર લાગી છે. શહેરના પૂર્વના કેટલાક પોલીસ સ્ટેશન અને રિંગ રોડ પાસેના વિસ્તારોને ધ્યાનમાં રાખીને નવું પોલીસ સ્ટેશન પણ બનશે જે ઝોન 8 હેઠળ આવશે. ઝોન 8માં 5થી 6 પોલીસ સ્ટેશન ફાળવવામાં આવશે.અમદાવાદ શહેર પોલીસ દ્વારા ઝોન 8 અંગેનું પ્રપોઝલ ગૃહ વિભાગને આપવામાં આવ્યું છે.જેમાં નવું પોલીસ સ્ટેશન અને ઝોન 5 અને ઝોન 6ના પોલીસ સ્ટેશનમાં ફેરફાર તેમજ હદ વિસ્તારમાં વધારો ઘટાડો કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.